
CITYNEWSRAJKOT@GMAIL.COM | @City News Rajkot Live | @CITY NEWS RAJKOT | +91 81409 88883



Page 15


# સિટી ન્યૂઝ

સૌરાષ્ટ્રનો ધબકાર...

Digital Editions

2002-2026 25 વર્ષ લગાતાર પ્રજાનો વિશ્વાસ

**Year :** 04, **Issue :** 117, Dt. 17-09-2026 (THURSDAY) Rs. 02/- **Page :** 32, RNI No. GUJGUJ/2023/84789


# બાંગ્લાદેશમાં વીજળી સંકટ

# કલાકો સુધી વીજકાપ

## બારીશાલની હોસ્પિટલમાં જનરેટરનું ડીઝલ ખૂટતાં મોબાઇલ ટોર્ચના પ્રકાશમાં દર્દીઓની સારવાર

**સિટી ન્યૂઝ@ઢાકા**

બાંગ્લાદેશ હાલમાં છેલ્લા ૨૦ વર્ષના ગંભીર વીજળી સંકટમાંથી પસાર થઈ રહ્યો છે. દેશમાં વીજળીની અછતના કારણે અનેક વિસ્તારોમાં દરરોજ કલાકો સુધી વીજકાપ થઈ રહ્યો છે. બારીશાલની એક હોસ્પિટલમાં બેકઅપ જનરેટરનું ડીઝલ ખૂટી જતાં નર્સોને મોબાઇલની ટોર્ચના પ્રકાશમાં દર્દીઓની સારવાર કરવાની ફરજ પડી હતી. હાલમાં બાંગ્લાદેશમાં 3000થી 3500 મેગાવોટ વીજળીની અછત હોવાનું જણાવાયું છે. ઓગસ્ટ દરમિયાન દેશમાં દરરોજ સરેરાશ આશરે ૧૩,000 મેગાવોટ વીજળીનું ઉત્પાદન થયું હતું, જ્યારે માંગ ૧૬,000 મેગાવોટથી વધુ હતી. ૨૦૨૨માં વીજળીની અછત આશરે ૭૫૦ મેગાવોટ હતી, એટલે હાલની અછત તેના કરતાં લગભગ ચાર ગણી છે.



બાંગ્લાદેશમાં વીજ ઉત્પાદન માટે પૂરતી પ્લાન્ટ ક્ષમતા હોવા છતાં ઈંધણની અછત સમસ્યા બની છે. ખાસ કરીને કુદરતી ગેસનો પુરવઠો ઘટતાં ગેસ આધારિત વીજ પ્લાન્ટો સંપૂર્ણ ક્ષમતાથી ચાલી શકતા નથી. ૨૦૧૮-૧૯માં સ્થાનિક ગેસનું ઉત્પાદન ૨૭.૨ અબજ ઘન મીટર હતું, જે ૨૦૨૪-૨૫માં ઘટીને ૧૯.૬ અબજ ઘન મીટર થયું હતું. અછત પૂરી કરવા માટે ગેસની આયાત પણ વધારવામાં આવી છે. LNG સપ્લાય સાથે જોડાયેલી સમસ્યાએ પણ સંકટને વધુ ગંભીર બનાવ્યું છે. કોક્સ બજારના મોહેશખાલી ખાતે આવેલા બે LNG ટર્મિનલમાંથી એકમાં ૨૧ જુલાઈએ આગ લાગતાં તેને બંધ કરવું પડ્યું હતું.

ઓગસ્ટમાં ગેસનો દૈનિક પુરવઠો આશરે ૨,૨૩૫ મિલિયન ક્યુબિક ફૂટ હતો, જ્યારે જરૂરિયાત ૩,૮૬૦ મિલિયન ક્યુબિક ફૂટ હતી. જોકે ૧૬ સપ્ટેમ્બરના અહેવાલ મુજબ ગેસનું ઉત્પાદન વધ્યા બાદ સપ્લાયમાં સુધારો થયો હોવાનું જણાવાયું છે. ગેસની અછત ઉપરાંત કોલસા આધારિત વીજ પ્લાન્ટોમાં ટેકનિકલ ખામીના કારણે પણ વીજ ઉત્પાદન અસરગ્રસ્ત થયું છે.



# ભારત પર 100% ટેરિફની તલવાર

## રશિયન તેલ ખરીદવા બદલ અમેરિકાનો નવો કાયદો

## હાઉસમાં બિલ 262-159 મતથી પાસ; હવે ટ્રમ્પની સહી બાકી

**સિટી ન્યૂઝ@વોશિંગ્ટન ડિસી**

અમેરિકી હાઉસ ઓફ રિપ્રેઝેન્ટેટિવ્સે રશિયા પાસેથી તેલ અને ગેસ ખરીદનારા દેશો પર કાર્યવાહીનો માર્ગ ખોલતા Lindsey O. Graham Sanctioning Russia and Iran Act of ૨૦૨૬ને ૨૬૨-૧૫૯ મતથી મંજૂરી આપી છે. બિલ હવે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પાસે સહી માટે જશે. મહત્વનું એ છે કે આ બિલથી ભારત પર હાલ ૧00% ટેરિફ લાગ્યો નથી, પરંતુ કાયદો અમલમાં આવ્યા બાદ ટ્રમ્પને ચોક્કસ પરિસ્થિતિમાં આવો ટેરિફ લાદવાની સત્તા મળી શકે છે. ભારત રશિયાથી મોટી માત્રામાં ક્રૂડ ઓઇલ ખરીદતું હોવાથી તે આ જોગવાઈના દાયરામાં આવી શકે છે. આ બિલ અગાઉ અમેરિકી સેનેટમાં ૮૬-૧૧ મતથી પસાર થઈ ચૂક્યું છે. બિલમાં રશિયાના ઊર્જા અને સંરક્ષણ ક્ષેત્રો ઉપરાંત પ્રતિબંધોથી બચવા માટે ઉપયોગમાં લેવાતા શેડો ફ્લીટના ટેન્કરો સામે પણ કાર્યવાહી કરવાની જોગવાઈ છે. જો ભારત રશિયા પાસેથી તેલની ખરીદી ચાલુ રાખે અને અમેરિકી સરકાર વધારાનો ટેરિફ લાગુ કરે, તો અમેરિકામાં ભારતીય માલની કિંમત વધી શકે છે. ટેક્સટાઇલ, જેમ્સ-જ્વેલરી, એન્જિનિયરિંગ ગુડ્સ, લેધર, દરિયાઈ ઉત્પાદનો અને કેમિકલ્સ જેવા ક્ષેત્રોના અમેરિકી બજાર સાથેના વેપાર પર તેની અસર પડી શકે છે. જોકે વાસ્તવિક અસર ટેરિફ ક્યારે અને કયા દરે લાગુ થાય છે, કયા માલ પર લાગુ થાય છે અને તેમાં કોઈ છૂટ આપવામાં આવે છે કે નહીં તેના પર નિર્ભર રહેશે. બીજી તરફ, જો રશિયન ક્રૂડની ખરીદી ઘટાડવી પડે તો ભારતે અન્ય સપ્લાયરો પાસેથી વધુ તેલ ખરીદવું પડી શકે છે. રશિયન ક્રૂડના સ્થાને અન્ય સ્ત્રોતોમાંથી તેલ મેળવવાથી ખરીદી, પરિવહન અને અન્ય ખર્ચ વધી શકે છે.

# રાજકોટની ખાનગી સ્કૂલમાં ધોરણ 9ની વિદ્યાર્થીનીને શિક્ષકે પ્રેમજાળમાં ફસાવ્યાના આક્ષેપો !




## વાલીઓ માટે લાલબત્તી સમાન કિસ્સોઃ શાળામાં ભણવા મોકલેલી દીકરી સાથે આવું બને તો જવાબદારી કોની રહેશે?

**સિટી ન્યૂઝ@રાજકોટ**

શહેરની ખાનગી સ્કૂલમાં ધોરણ-૯માં અભ્યાસ કરતી એક નાબાલિક વિદ્યાર્થીનીને શાળાના કોમ્પ્યુટર શિક્ષક દ્વારા પ્રેમજાળમાં ફસાવ્યાના ગંભીર આક્ષેપો સામે આવ્યા છે. સમગ્ર મામલો વાલીઓ તેમજ શાળા સંચાલન માટે ચિંતાજનક બન્યો છે. નાબાલિક વિદ્યાર્થીની સાથે શિક્ષક દ્વારા આ પ્રકારનો સંપર્ક કરવામાં આવ્યો હોય તો સમગ્ર ઘટનાની નિષ્પક્ષ તપાસ કરી સત્ય બહાર લાવવું અત્યંત જરૂરી છે.મળતી માહિતી મુજબ, સંબંધિત શિક્ષકે વિદ્યાર્થીનીની કાકીના મોબાઈલ ફોન પર પણ મેસેજ કર્યો હોવાનું કહેવાય છે, જે બાદમાં ડિલીટ કરવામાં આવ્યો હતો. જોકે ત્યારબાદ વિદ્યાર્થીનીના પિતાને તેની સ્કૂલ બેગમાંથી કથિત રીતે લવ લેટર મળતાં સમગ્ર મામલો પરિવારના ધ્યાને આવ્યો હોવાના આક્ષેપો છે.

આ ઘટના વાલીઓ માટે ગંભીર લાલબત્તી સમાન છે. બાળકોને શિક્ષણ, સંસ્કાર અને સુરક્ષિત વાતાવરણ મળે તે માટે વાલીઓ વિશ્વાસપૂર્વક તેમને શાળામાં મોકલે છે. પરંતુ જો એ જ શૈક્ષણિક વાતાવરણમાં ગુરુનો દરજ્જો ધરાવતી વ્યક્તિ નાબાલિક વિદ્યાર્થીની સાથે અયોગ્ય સંબંધ સ્થાપિત કરવાનો પ્રયાસ કરે, તો તે સમગ્ર શિક્ષણવ્યવસ્થા સામે ગંભીર પ્રશ્નો ઊભા કરે છે. આક્ષેપ છે કે સમગ્ર ઘટના સામે આવ્યા બાદ શાળા સંચાલન દ્વારા યોગ્ય કાયદેસર કાર્યવાહી કરવાની જગ્યાએ પરિવારને મામલો ભૂલી જવાની સલાહ આપવામાં આવી હતી. કથિત રીતે એવું પણ કહેવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે કે, દીકરીની બદનામી થાય તેના કરતાં કઈ થયું જ નથી એવું ભૂલી જાવ. જો આ વાત સાચી હોય તો સવાલ એ છે કે નાબાલિક વિદ્યાર્થીનીની સુરક્ષા અને શિક્ષક સામેની ગંભીર ફરિયાદ કરતાં શાળાની પ્રતિષ્ઠા વધારે મહત્વની છે?

સંબંધિત શિક્ષક છેલ્લા ચાર દિવસથી શાળામાં હાજર ન હોવાનું અને શિક્ષકને શાળામાંથી કાઢી મૂકવાની વાત વાલી સમક્ષ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.પરંતુ માત્ર શિક્ષકને નોકરીમાંથી દૂર કરવાથી સમગ્ર ઘટનાનો અંત આવી જતો નથી. જો નાબાલિક વિદ્યાર્થીની સાથે અયોગ્ય વર્તન થયું હોય તો તેની ગંભીરતા મુજબ કાયદેસર તપાસ અને કાર્યવાહી થવી જરૂરી છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, વિદ્યાર્થીનીની બદનામીના ભયને કારણે પરિવાર કાયદેસર કાર્યવાહી કરવામાં સંકોચ અનુભવી રહ્યો હોવાનું કહેવાય છે. પરંતુ અહીં સૌથી મોટો પ્રશ્ન એ છે કે ભોગ બનનાર નાબાલિકની ઓળખ અને ગોપનીયતા જાળવીને પણ કાયદો પોતાની કાર્યવાહી કરી શકે છે. જો તપાસમાં નાબાલિક સાથે જાતીય હેતુસર અયોગ્ય વર્તન કે અન્ય કોઈ ગુનાહિત કૃત્યના તથ્યો સામે આવે, તો લાગુ કાયદા હેઠળ કાર્યવાહી થવાની શક્યતા અંગે સત્તાવાળાઓએ તપાસ કરવી જરૂરી છે. આવા મામલામાં પોક્સો કાયદાની જોગવાઈઓ લાગુ પડે છે કે નહીં તે તપાસ એજન્સીએ હકીકતોના આધારે નક્કી કરવાનું રહેશે.

નાબાલિક બાળકો નિર્દોષ હોય છે. તેઓ શિક્ષકને જ્ઞાન અને માર્ગદર્શન આપનાર વ્યક્તિ તરીકે જુએ છે. ત્યારે શિક્ષકના પદ પર રહેલી વ્યક્તિ દ્વારા વિદ્યાર્થીની સાથે અયોગ્ય નજીકતા કેળવવાના આક્ષેપો સામે આવે તે સમગ્ર સમાજ માટે ચિંતાનો વિષય છે.શાળામાં બાળકને સુરક્ષિત વાતાવરણ આપવાની જવાબદારી માત્ર શિક્ષકની જ નહીં, પરંતુ સમગ્ર શાળા સંચાલનની પણ છે.શાળામાં શિક્ષકોની ભરતી, તેમની પૃષ્ઠભૂમિની ચકાસણી, વિદ્યાર્થીઓ સાથેના વર્તન પર દેખરેખ અને ફરિયાદો સામે તાત્કાલિક કાર્યવાહીઆ તમામ બાબતોમાં શાળા વ્યવસ્થાપનની જવાબદારી અંગે પણ પ્રશ્નો ઊભા થાય છે. આ પ્રકારના કિસ્સામાં જો કોઈ ફરિયાદ સામે આવે તો તેને દબાવવાને બદલે તેની યોગ્ય નોંધ લઈ જરૂરી સત્તાવાળાઓને જાણ કરી તપાસમાં સહકાર આપવો જોઈએ. એક બાળકની સુરક્ષા સામે શાળાની પ્રતિષ્ઠા નાની છે કે મોટીઆ પ્રશ્નનો જવાબ દરેક શાળા સંચાલકે આપવો પડશે. આ ઘટના માત્ર એક શાળાનો મુદ્દો નથી. વાલીઓએ પણ બાળકો સાથે નિયમિત અને ખુલ્લો સંવાદ રાખવો જરૂરી છે. બાળકો કોની સાથે વધુ સંપર્કમાં છે, શાળાએ જતા-આવતા તેમની દૈનિક હિલચાલમાં કોઈ અસામાન્ય ફેરફાર છે કે નહીં, સોશિયલ મીડિયા અથવા મોબાઈલ પર કોઈ અજાણી વ્યક્તિ સાથે અયોગ્ય સંપર્ક તો નથી નેઆ બાબતો અંગે ઉંમરને અનુરૂપ રીતે સજાગ રહેવું જરૂરી છે.



# શીતલ પાર્ક જવાના રસ્તે બેરીકેડ ખોલવા હલ્લાબોલ

## પોલીસ અને લતાવાસીઓ વચ્ચે બોલાચાલી થઈ: રેલનગરનાં લોકોમાં રોષ ભભુકયો: લોકોએ જાતે રસ્તો ખુલ્લો કરી નાખ્યો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટનાં જામનગર રોડ પર સાંઢીયો પુલ બન્યો છતાં ટ્રાફિક સમસ્યા યથાવત છે. ત્યારે ટ્રાફિકનાં નિયમનમાં સદંતર નિષ્ફળ રહેલી પોલીસ દ્વારા મનસ્વી રીતે શીતલ પાર્ક જવાના રસ્તે છેલ્લા થોડા દિવસોથી બેરીકેડ મારી રસ્તો બંધ કરી દેવામાં આવ્યો હતો. જેને લઈને લોકોને રકિમીનો ફેરો ફરવાની ફરજ પડતી હતી. જેમાં રેલનગરનાં લોકોમાં ભારોભાર રોષની લાગણી હોવાનું સ્પષ્ટ જણાવ્યું હતું. આમ છતાં પોલીસ તંત્ર દ્વારા આ બેરીકેડ હટાવવામાં આવ્યા નહોતા. જેને લઈને આજે રેલનગરનાં લોકોનો રોષ ભભૂકી ઉઠયો હતો. રાત્રીના સમયે મોટી સંખ્યામાં આ બેરીકેડ ખોલાવવા માટે ટોળા ઉમટ્યા હતા. અને પીલીસ સાથે બોલાચાલીનાં દ્રશ્યો પણ સામે આવ્યા હતા. અંતે પોલીસે લોકરોષ સામે




ઝૂકીને હાલ તો આ બેરીકેડ ખોલવાની ફરજ પડી છે.


પ્રાપ્ત વિગત મુજબ રાજકોટમાં જયારથી સાંઢિયા પુલ ખુલ્લો મૂકવામાં આવ્યો ત્યારથી લોકો વધુ હેરાનગતિ ભોગવી રહ્યા હતા. રાજકોટના રેલનગર વિસ્તારથી જામનગર રોડને જોડતા રસ્તા પર ટ્રાફિક શાખા દ્વારા લગાવવામાં આવેલા બેરીકેટ સામે સ્થાનિકોમાં રોષ જોવા મળ્યો છે. રેલનગર અને જામનગર રોડને જોડતા માર્ગ પર છેલ્લા કેટલાક સમયથી બેરીકેટ લગાવવામાં આવતા સ્થાનિકોને અવરજવરમાં મુશ્કેલી પડી રહી હતી.

ખાસ કરીને રેલનગરથી કાલાવડ રોડ, રેસકોર્સ અને ૧૫૦ ફૂટ રિંગરોડ તરફ જવા માટે લોકોને ખૂબ લાંબો ચક્કર લગાવવો પડતો હોવાની ફરિયાદ ઉઠી છે. આ મુશ્કેલીથી કંટાળેલા રેલનગર વિસ્તારના લોકો આજે મોટી સંખ્યામાં એકઠા થયા હતા અને રસ્તા પર બેસીને રામધુન બોલાવી વિરોધ નોંધાવ્યો હતો. ત્યારબાદ સ્થાનિકોએ જાતે જ બેરીકેટ હટાવવાનો પ્રયાસ પણ કર્યો હતો. સમગ્ર મામલે પોલીસ સાથે સ્થાનિકોની બોલાચાલીના દ્રશ્યો પણ સામે આવ્યા હતા. આપ નેતા પદ્મિનીબા વાળા પણ વિરોધમાં જોડાયા હતા. અને લોકોએ બેરીકેડ ખોલી નાખ્યા હતા. તેમજ ફરી આ બેરીકેડ લાગશે તો આંદોલન કરવાની ચીમકી પણ પદ્મિનીબાએ ઉચ્ચારી હતી.

ઉલ્લેખનીય છે કે, આજે રાજકોટની જનતાએ ટ્રાફિક શાખા વિરુદ્ધ હલ્લાબોલ કર્યો હતો. શહેરના રેલનગર વિસ્તારમાં રહેતા લોકોએ ટ્રાફિક શાખાના બેરીકેડથી કંટાળી લોકોએ એકઠા થઈ રસ્તા ઉપર બેસી રામધુન બોલાવી રોષ પ્રગટ કર્યો હતો. એટલું જ નહીં જાતે જ બેરીકેડ હટાવી રસ્તો ખુલ્લો કર્યો હતો. આ દરમિયાન લોકોની પોલીસ સાથે બોલાચાલીનાં દ્રશ્યો પણ સામે આવ્યા હતા. હાલપૂરતા તો લોકોએ બેરીકેડ હટાવીને રસ્તો ખુલ્લો કર્યો છે. પરંતુ આવતીકાલથી પોલીસ દ્વારા આ રસ્તો ફરી બંધ કરવામાં આવે છે કે નહીં તે જોવું રહ્યું.



# ગરીબોના હક પર નેતાઓની તરાપ



# પાકું મકાન અને લાખોની સંપત્તિ હોવા છતાં વોર્ડ નં. 6ના કોર્પોરેટરે 'મુખ્યમંત્રી આવાસ' પચાવી પાડ્યું!

## ■ ચૂંટણીના સોગંદનામામાં જ લાખો રૂપિયાના રોકાણો, જમીન અને માધાપરમાં ફ્લેટ હોવાની કબૂલાત કરી હોવા છતાં સરકારી આવાસની લાલચ ન છૂટી

## ■ 'દેશમાં ક્યાંય પાકું મકાન ન હોવું જોઈએ' અને 'વાર્ષિક આવક 3 લાખથી ઓછી હોવી જોઈએ' તેવા કડક નિયમોના છડેચોક લીરેલીરા ઉડ્યા, તંત્રની કામગીરી શંકાના ઘેરામાં

સિટી ન્યૂઝ@રાજકોટ

શહેરના વોર્ડ નંબર ૬ ના કોર્પોરેટર ધર્મિષ્ઠા પરમારને લઈને એક મોટો અને ચોંકાવનારો ખુલાસો સામે આવ્યો છે, જે દર્શાવે છે કે કેવી રીતે ચૂંટાયેલા પ્રતિનિધિઓ જ ગરીબોના મોંમાંથી કોળિયો છીનવી રહ્યા છે. સમાજના આર્થિક રીતે નબળા વર્ગ (EWS) માટે બનાવવામાં આવતી 'મુખ્યમંત્રી આવાસ યોજના'માં જે લોકોના પોતાના ઘરનું સપનું હોય છે તેમને લાંબી કતારો અને કાગળિયાંની જંજાળમાંથી પસાર થવું પડે છે. પરંતુ, લાખો રૂપિયાની સંપત્તિ ધરાવતા કોર્પોરેટર મહાશયાએ પોતાના સત્તાના જોરે અથવા કથિત ગેરરીતિ આચરીને કાલાવડ રોડ પર મુખ્યમંત્રી આવાસ યોજનામાં ક્વાર્ટર પચાવી પાડ્યું હોવાનું ભોપાળું છતું થયું છે.

કોર્પોરેટર ધર્મિષ્ઠા પરમારે ચૂંટણી સમયે પંચ સમક્ષ રજૂ કરેલા પોતાના જ એફિડેવિટ (સોગંદનામા) મુજબ, તેમની પાસે સંપત્તિનો મોટો ભંડાર છે. આ સત્તાવાર દસ્તાવેજમાં તેમણે પોતાની પાસે દોઢ લાખ રૂપિયાની રોકડ અને બે લાખથી વધુનું મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ હોવાનું કબૂલ્યું છે. એટલું જ નહીં, તેમની પાસે ૩૩ લાખ રૂપિયાની કિંમતના ૨૨ તોલા સોનાના દાગીના પણ છે. સ્થાવર મિલકતની વાત કરીએ તો, મોરબીના મકનસર ગામ ખાતે સંયુક્ત નામે જમીન અને માધાપર ગામ ખાતે તેમના પતિ સાથે સંયુક્ત નામે એક ફ્લેટ પણ ધરાવે છે. લાખો રૂપિયાની આ માયાજાળ ધરાવનાર વ્યક્તિ કઈ રીતે 'ગરીબ' કે 'આર્થિક રીતે નબળા' વર્ગમાં આવી શકે તે એક મોટો સવાલ છે.

મુખ્યમંત્રી આવાસ યોજના (EWS) ના નિયમો અત્યંત સ્પષ્ટ અને કડક છે. આ યોજનાનો લાભ લેવા માટે અરજદાર કે તેના પરિવારના (પતિ, પત્ની અને અપરિણીત બાળકો) કોઈપણ સભ્યના નામે ભારતમાં ક્યાંય પણ કાયમી 'પાકું મકાન' ન હોવું જોઈએ. આ ઉપરાંત, આર્થિક રીતે નબળા વર્ગ માટે પરિવારની વાર્ષિક આવક રૂપિયા ૩ લાખ સુધીની જ હોવી જોઈએ. આ નિયમોનો સીધો અર્થ એ છે કે આ મકાનો માત્ર એવા લોકો માટે છે જેઓ ખરા અર્થમાં ઘરવિહોણા અને આર્થિક રીતે પછાત છે.



**કોર્પોરેટર ધર્મિષ્ઠા પરમાર રાતોરાત 'ગરીબ' બનીને આવાસ કઈ રીતે હડપ કરી ગયા?**

આમ છતાં, આ તમામ નિયમોને ઘોળીને પી જઈને, ધર્મિષ્ઠા પરમાર અને તેમના પતિના સંયુક્ત નામે કાલાવડ રોડ પર આવેલી મુખ્યમંત્રી આવાસ યોજનામાં એક ક્વાર્ટર ફાળવી દેવામાં આવ્યું છે. અહીં સૌથી મોટો સવાલ તંત્રની કામગીરી પર ઉઠે છે કે, જ્યારે આ કોર્પોરેટર પાસે માધાપરમાં ફ્લેટ હોવાનું સત્તાવાર રેકોર્ડ પર છે, તો પછી 'પોતાનું પાકું મકાન ન હોવા અંગેનું' પ્રમાણપત્ર અથવા સોગંદનામું કેવી રીતે મંજૂર કરવામાં આવ્યું? શું આવાસ યોજનાના અધિકારીઓએ આંખે પાટા બાંધીને ફાળવણી કરી દીધી કે પછી રાજકીય દબાણ હેઠળ નિયમોની ઐસીતૈસી કરવામાં આવી?

આ સમગ્ર કૌભાંડ સપાટી પર આવતા જ શહેરીજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. શું પોતાના ચૂંટણી સોગંદનામામાં ખોટી માહિતી અપાઈ છે કે પછી આવાસ યોજનાનું ફોર્મ ભરતી વખતે આવકના અને મકાન ન હોવાના ખોટા દાખલા રજૂ કરાયા છે? બન્ને સંજોગોમાં આ એક ગંભીર ગુનો બને છે. હવે જોવું એ રહ્યું કે મ્યુનિસિપલ કમિશનર અને ઉચ્ચ સત્તાધીશો આ મામલે નિષ્પક્ષ તપાસ કરી, ગરીબોનો હક છીનવનાર આ કોર્પોરેટરની આવાસ ફાળવણી રદ કરી તેમની સામે ફોજદારી કે આકરા પગલાં લેવાની હિંમત દાખવશે કે પછી રાજકીય ઓથ હેઠળ આ ભોપાળા પર પણ ઢાંકપિછોડો કરી દેવામાં આવશે?

# વોર્ડ નં.17 ભાજપના કોર્પોરેટર અંગુઠાં છાપ?

## રાજકોટના ભાજપ કોર્પોરેટર કિર્તીબા રાણાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં જન્મદિવસે પાઠવી 'જન્માષ્ટમી'ની શુભેચ્છા ! વોટ્સએપ સ્ટેટસ વાયરલ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાના નેતાઓ અવારનવાર તેમના કારનામાઓને લઈને ચર્ચામાં રહેતા હોય છે, પરંતુ આ વખતે વોર્ડ નંબર ૧૭ના ભાજપના કોર્પોરેટર કિર્તીબા રાણાએ અજ્ઞાનતાની તમામ હદો પાર કરી દીધી છે. આજે જ્યારે સમગ્ર દેશ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસની ઉજવણી કરી રહ્યો છે અને ઠેર-ઠેરથી તેમને શુભેચ્છાઓ મળી રહી છે, ત્યારે રાજકોટના આ મહિલા કોર્પોરેટરે પોતાના વોટ્સએપ સ્ટેટસમાં પીએમ મોદી સાથેનો ફોટો મૂકીને તેમને જન્મદિવસની જગ્યાએ 'જન્માષ્ટમી'ની શુભેચ્છા પાઠવી દીધી છે! સ્ટેટસમાં લખેલું તૂટ્યું-ફૂટ્યું અંગ્રેજી "Pm naredrmodi sayb janmastmi subhecha" હાલ સોશિયલ મીડિયા પર ભારે વાયરલ થયું છે અને લોકો આ નેતાના 'અગાધ જ્ઞાન' પર માથું કૂટી રહ્યા છે. આ ઘટના માત્ર એક સામાન્ય ભૂલ નથી, પરંતુ સ્માર્ટ સિટી રાજકોટના કહેવાતા નેતાઓની વાસ્તવિકતા છતી કરે છે. નોંધનીય છે કે, હજુ થોડા જ દિવસો પહેલા રાજકોટના ૧૮ વોર્ડના કોર્પોરેટરોએ મેયરશ્રી સમક્ષ પોતાના પગારમાં માતબર વધારો કરીને ૫૦,૦૦૦ રૂપિયા કરી દેવાની માંગણી કરી હતી. આશ્ચર્યની વાત તો એ છે કે, પ્રજાના પરસેવાની કમાણીમાંથી પોતાનો પગાર વધારવાની આ માંગણીમાં આગેવાની લેનારાઓમાં આ જ કોર્પોરેટર કિર્તીબા રાણા અગ્રેસર હતા. જે નેતાઓને દેશના વડાપ્રધાનના જન્મદિવસ અને હિન્દુઓના પવિત્ર તહેવાર જન્માષ્ટમી વચ્ચેનો તફાવત ખબર નથી, તેઓ કયા મોઢે ૫૦ હજારના પગારની માંગણી કરે છે? આ વાયરલ સ્ક્રીનશોટ પછી રાજકોટની જાગૃત જનતામાં અનેક સવાલો ઉઠી રહ્યા છે. લોકો પૂછી રહ્યા છે કે શું રાજકોટના નસીબમાં આવા જ ઓછા શિક્ષિત અને 'અંગૂઠા છાપ' કોર્પોરેટરો લખાયા છે? જે જનપ્રતિનિધિઓને એટલું સામાન્ય ભાન નથી કે તેઓ કયા દિવસે કઈ શુભેચ્છા પાઠવી રહ્યા છે, તેઓ પોતાના વોર્ડના ગંભીર પ્રશ્નો, ડ્રેનેજ, પીવાનું પાણી કે રસ્તાના મુદ્દાઓ પર કેવી રીતે નીતિવિષયક નિર્ણયો લેશે? પ્રજાના હિતલક્ષી કામો કરવા માટે જે બૌદ્ધિક ક્ષમતા અને દીર્ઘદ્રષ્ટિ જોઈએ, તેનો આવા નેતાઓમાં સ્પષ્ટ અભાવ દેખાઈ રહ્યો છે.




**પગાર વધારાની માંગણીમાં આગેવાની લેતા આવા 'અંગુઠા છાપ' નેતાઓ શું રાજકોટ શહેરનો વિકાસ કરશે? જનતામાં ભભૂકતો રોષ**



એક તરફ રાજકોટને મેટ્રો સિટી અને સ્માર્ટ સિટી બનાવવાની ગુલબાંગો ફૂંકવામાં આવે છે અને બીજી તરફ વોર્ડનું પ્રતિનિધિત્વ કરતા નેતાઓનું આ શૈક્ષણિક સ્તર ખરેખર શરમજનક છે.

આ ઘટનાએ સ્થાનિક નેતૃત્વની પસંદગી પર પણ મોટો સવાલ ઊભો કર્યો છે. શું ટિકિટ આપતી વખતે ઉમેદવારની લઘુત્તમ શૈક્ષણિક લાયકાત કે સામાન્ય જ્ઞાન ચકાસવાની કોઈ પ્રક્રિયા જ નથી? પ્રજાએ તેમને વોર્ડના વિકાસના કામો માટે ચૂંટીને મોકલ્યા છે, વોટ્સએપ પર હાસ્યાસ્પદ સ્ટેટસ મૂકીને શહેરની આબરૂના ધજાગરા ઉડાડવા માટે નહીં.

અંતમાં, આ ઘટના માત્ર સોશિયલ મીડિયા પર હસી-મજાક કરવાનો વિષય નથી, પરંતુ લોકશાહી અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ માટે એક ગંભીર ચેતવણી છે. જ્યારે નેતાઓનું સંપૂર્ણ ધ્યાન પ્રજાની સેવાથી હટીને માત્ર પોતાના પગાર-ભથ્થાં વધારવા પર કેન્દ્રિત થઈ જાય છે, ત્યારે તેમની સંવેદનશીલતા અને કાર્યક્ષમતા પર કાટ લાગી જતો હોય છે. રાજકોટની જનતાએ હવે જાગવાનો સમય આવી ગયો છે અને આગામી સમયમાં કામ કરતા અને સમજદાર પ્રતિનિધિઓને જ ચૂંટવા અંગે ગંભીરતાથી વિચારવું પડશે.

### મહિલા પર હુમલાની ફરિયાદ બાદ પોલીસ-મનપાની સંયુક્ત કાર્યવાહી

# સીતાજી ટાઉનશિપ હુમલા કેસમાં બુટલેગર વસીમ સામે ગુનો નોંધાયો

## BNSની 3 કલમ હેઠળ ફરિયાદ; ગેરકાયદે દબાણો દૂર કરાયા





### PASA હેઠળ કાર્યવાહી કરવાની માંગ

**પોલીસ અને મહાનગરપાલિકાની કાર્યવાહીને હિન્દુ સંગઠનોએ આવકારી હતી. સાથે જ વસીમ કુરેશી તથા તેની સાથે સંકળાયેલા લોકો સામે નાણાકીય બાબતો, અસામાજિક પ્રવૃત્તિઓ, રાષ્ટ્રધ્વજના મુદ્દા અને હુમલાની ઘટનાને આધારે PASA હેઠળ કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે.**

**સિટી ન્યૂઝ@રાજકોટ**

કાલાવડ રોડ પર આવેલી શ્રી સીતાજી ટાઉનશિપમાં અસામાજિક પ્રવૃત્તિઓનો વિરોધ કરનાર દીપ્તિબહેન પર હુમલાની ફરિયાદ બાદ પોલીસ તંત્ર દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે. ફરિયાદ મુજબ સ્થાનિક વસીમ કુરેશી અને તેના પરિવારના સભ્યો સોસાયટીના મેઈન્ટેનન્સ મુદ્દે થયેલા વિવાદ બાદ ફ્લેટમાં પ્રવેશી દીપ્તિબહેન સાથે મારામારી કરી હતી.દીપ્તિબહેનની ફરિયાદના આધારે રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં વસીમ કુરેશી સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૧૫(૨), ૩૫૧(૩) અને ૩૫૨ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. ફરિયાદમાં હુમલો, ગુનાહિત ધમકી અને શાંતિ ભંગ કરવાના ઈરાદાથી અપમાન સંબંધિત બાબતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ફરિયાદમાં સીતાજી ટાઉનશિપની આર્થિક બાબતો અંગે પણ વિગતો રજૂ કરવામાં આવી છે. તેમાં ડી-વિંગની રૂ.૧૩ લાખની ફિક્સ્ડ ડિપોઝિટ તોડાવી આ રકમ વસીમ કુરેશીની પત્નીના બેંક ખાતામાં જમા કરાવ્યાનો ઉલ્લેખ છે. આ નાણાકીય બાબત અંગેની હકીકતો અંગે તપાસ અને કાયદેસરની કાર્યવાહી પોલીસ તપાસના આધારે આગળ વધશે. સ્થાનિક રહીશોના જણાવ્યા મુજબ સોસાયટીના જાહેર પાર્કિંગમાં નોનવેજ બનાવવું, હથિયારો લહેરાવી લોકોને ધમકાવવું તથા મહાદેવ મંદિરની નજીક દારૂ વેચવા જેવી પ્રવૃત્તિઓ અંગે પણ અગાઉથી ફરિયાદો કરવામાં આવી હતી. સોસાયટીના નાણાકીય વ્યવહાર અને આવી પ્રવૃત્તિઓ સામે દીપ્તિબહેને અવાજ ઉઠાવ્યો હોવાનું પણ ફરિયાદમાં જણાવાયું છે.

રાષ્ટ્રધ્વજના મુદ્દે પણ સોસાયટીમાં



વિવાદ થયો હોવાનું પ્રેસનોટમાં જણાવાયું છે. સ્થાનિક રહીશોના જણાવ્યા મુજબ ટાઉનશિપના મુખ્ય દરવાજા પર રાષ્ટ્રધ્વજની ઉપર ધાર્મિક ધજા લગાવવામાં આવી હતી. આ બાબતે પણ વિરોધ કરવામાં આવ્યો હોવાનું જણાવાયું છે. સમગ્ર ઘટનાના CCTV ફૂટેજ તેમજ દીપ્તિબહેને સ્વબચાવ દરમિયાન મોબાઈલમાં રેકોર્ડ કરેલો વીડિયો ઉપલબ્ધ હોવાનું પ્રેસનોટમાં જણાવાયું છે. અગાઉ પણ આરોપી સામે શારીરિક ઈજા અને હથિયારબંધી ભંગના કેસો નોંધાયેલા હોવાનો દાવો કરવામાં આવ્યો છે.

ફરિયાદ નોંધાયા બાદ રાજકોટ પોલીસ અને રાજકોટ મહાનગરપાલિકાની ટીમે સીતાજી ટાઉનશિપ તથા આસપાસના વિસ્તારમાં સંયુક્ત કાર્યવાહી હાથ ધરી હતી. આ કાર્યવાહીમાં ગેરકાયદેસર દબાણો દૂર કરવામાં આવ્યા હતા. પોલીસ ફરિયાદ અને દબાણ હટાવવાની કાર્યવાહી બાદ વિસ્તારના મામલે તંત્ર દ્વારા કાર્યવાહી આગળ ધપાવવામાં આવી છે.

આ કાર્યવાહી બાદ ૧૫ સપ્ટેમ્બરે સીતાજી ટાઉનશિપ ખાતે વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ, રઘુવંશી યુવા શક્તિ સંઘ તેમજ વિહિપની માતૃશક્તિ અને દુર્ગાવાહિનીની ટીમ સહિતના કાર્યકરો એકત્ર થયા હતા. સાંજે ૭ વાગ્યે ગણપતિ બાપાની આરતીનો કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં કાર્યકરો તથા સ્થાનિક લોકો ઉપસ્થિત રહ્યા હતા.

## વડનગરથી વારાણસી સુધીની બાઈક યાત્રા, શર્મિષ્ઠા તળાવની મહાઆરતી

# 25 વર્ષમાં તેના પરિવારજનના 5 નામ કોઈ બોલી શકતું નથીઃ શાહ



## અમિત શાહે વડનગરથી વારાણસી સુધીની બાઈક સેવા યાત્રાને લીલીઝંડી આપી

**સિટી ન્યૂઝ@વડનગર**

પીએમ મોદીના ૭૬માં જન્મદિવસ નિમિત્તે તેમના વતન વડનગરમાં આજથી બે દિવસીય જન્મોત્સવની ભવ્ય ઉજવણી થઈ રહી છે. મોદીની ૨૫ વર્ષની સેવા અને સમર્પણ યાત્રાની ઉજવણીના ભાગરૂપે ગુજરાત સરકાર દ્વારા આ કાર્યક્રમોનું આયોજન કર્યું છે.ચાર અલગ-અલગ પવિત્ર સ્થળેથી બાઇક યાત્રાઓ બુધવારે વડનગર પહોંચી હતી. યાત્રાના માર્ગમાં આવતી પવિત્ર નદીઓનું જળ કળશમાં એકત્ર કરી ચારેય યાત્રાઓ વડનગર પહોંચ્યા બાદ હાટકેશ્વર મહાદેવ મંદિરે ભગવાન હાટકેશ્વર મહાદેવનો જળાભિષેક કર્યો હતો. જળાભિષેક બાદ શર્મિષ્ઠા તળાવ ખાતે અમિત શાહ અને મુખ્યમંત્રીએ મહાઆરતી બાદ પદયાત્રા યોજાઈ હતી. હાટકેશ્વર મંદિર પહોંચ્યા બાદ અમિત શાહે વડનગરથી વારાણસી સુધીની બાઈક સેવા યાત્રાને લીલીઝંડી આપી હતી.વડાપ્રધાનના જન્મદિવસ ૧૭ સપ્ટેમ્બરે સાંજે ૭થી ૮ વાગ્યા દરમિયાન નાગરિકોને પોતાના ઘરે એક દીવડો પ્રગટાવી વડાપ્રધાન પ્રત્યે પ્રેમ, સન્માન અને શુભેચ્છા વ્યક્ત કરવા અપીલ કરાઈ છે. ઉપરાંત રક્તદાનકેમ્પ સહિતના સેવા કાર્યક્રમો પણ યોજાયા છે.આ કાર્યક્રમમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી એકથાન શિંદે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા અને કેન્દ્રીય મંત્રી અનુપ્રિયા પટેલ સામેલ થયા હતા.

શાહે કહ્યું કે આ ૧૨ વર્ષ જે મોદીના નેતૃત્વમાં થયા છે, આ ભારતની સમૃદ્ધિનો પાયો નાખવાના ૧૨ વર્ષના રૂપમાં તેને જોવું પડશે. ભારતને સુરક્ષિત બનાવવાના ૧૨ વર્ષના રૂપમાં આને દેશની જનતા આવનારા દિવસોમાં જોશે. ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ભારતને વિશ્વમાં સર્વપ્રથમ બનાવવાની શરૂઆત કરવાવાળા ૧૨ વર્ષના રૂપમાં ૧૨ વર્ષને જોવામાં આવશે. ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર, તેમાં પણ આજે આપણે દુનિયામાં ખૂબ આગળ નીકળી ચૂક્યા છીએ. પૂરી દુનિયા આની ખૂબ ખૂબ પ્રશંસા કરે છે.

ભારતના સ્વાસ્થ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પણ નરેન્દ્ર મોદીએ દુનિયાના સમકક્ષ લાવવા માટે ઘણા બધા કામ કર્યા છે. પરંતુ સૌથી મોટું કામ કર્યું છે, હું ૨૦૧૦થી લઈને ૨૦૧૩ સુધી દિલ્હીમાં રહ્યો હતો. દેશભરનો પ્રવાસ કરતો હતો. મેં જોયું હતું કે ૨૦૧૩ સુધી દેશની જનતામાં ઘોર નિરાશા હતી. ચારેય બાજુ ભ્રષ્ટાચારના કિસ્સાઓ ઉજાગર થતા હતા. આંતરિક સુરક્ષાનું કંઈ ઠેકાણું નહોતું. બહારી સુરક્ષા પણ સુનિશ્ચિત નહોતી. બધાને લાગતું હતું કે દેશ ક્યાં જશે? અને આજે, ૨૦૧૪માં મોદી પ્રધાનમંત્રી બન્યા, ૨૦૨૬માં ૧૪૦ કરોડ ભારતીય એક ઉત્સાહ અને સંકલ્પ સાથે, એક આશા સાથે આગળ વધી રહ્યા છે કે ૨૦૪૭માં સમગ્ર વિશ્વમાં ભારત સર્વપ્રથમ હશે, આ ખૂબ મોટી સિદ્ધિ છે.જનતાનો સામૂહિક આત્મવિશ્વાસ ઉભો કરવો એ કોઈપણ નેતૃત્વની સૌથી મોટી કસોટી છે, અને તે પણ ત્યારે જ્યારે જનતા ઘોર નિરાશામાં ડૂબેલી હોય. ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે વનબંધુ કલ્યાણ યોજના, સાગર ખેડૂત કલ્યાણ યોજના, કરફ્યુ મુક્ત ગુજરાત, ઔદ્યોગિક વિકાસ અને વાઈબ્રન્ટ ગુજરાતનું મોડેલ, ઝીરો ડ્રોપઆઉટ રેશિયોવાળું રાજ્ય, શિક્ષણનું હબ, ગામડાઓમાં ૨૪ કલાક વીજળી પહોંચાડવાની દેશમાં સૌથી પહેલી શરૂઆત, કૃષિ વિકાસ માટે કિસાનના ઘર પર જઈને તેને તમામ લાભ પહોંચાડવાની શરૂઆત અને સતત જ્યાં સુધી મુખ્યમંત્રી રહ્યા, તેઓ સતત ૮ ટકાથી વધુ કૃષિ વિકાસ દર કેવળ અને કેવળ ગુજરાતે પ્રાપ્ત કર્યો, ન્યૂ એજ ઈકોનોમીનો પાયો અને સુશાસનનું ગુજરાત મોડેલ આ બધી બાબતોને ગુજરાતમાં જમીન પર ઉતારવાનું કામ નરેન્દ્ર મોદીએ કર્યું છે.








# નરેન્દ્ર મોદીના ગુરુ કોણ હતા? જીવનને નવી દિશા આપનાર વકીલ સાહેબ

## લક્ષ્મણરાવ ઈનામદારની છત્રછાયામાં સંગઠન, અનુશાસન અને સેવા ભાવના શીખ્યા

**સિટી ન્યૂઝ@વડનગર**

દેશભરમાં આજે શિક્ષક દિવસની ઉજવણી થઈ રહી છે. આ દિવસ મહાન શિક્ષણવિદ અને ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનની જયંતીના અવસરે ઉજવાય છે. જીવનમાં શિક્ષકનું ખુબ મહત્વ હોય છે. જે તમારું માર્ગદર્શન કરે છે, અંધારામાં ઝઝૂમતા હોવ ત્યારે એક પ્રકાશ બનીને તમારા જીવનમાં આવે અને જ્ઞાનના અજવાળા પાથરે છે. દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જીવનમાં એ કયા ગુરુ હશે જેમણે તેમના જીવનમાં અજવાળા પાથર્યા...આજે અમે તમને એક એવા વ્યક્તિ વિશે જણાવીશું જેમનો આરએસએસના એક સાધારણ કાર્યકરથી દેશના પીએમ પદ સુધી પહોંચેલા નરેન્દ્ર મોદીના જીવનમાં પણ ખુબ પ્રભાવ પાડ્યો. લક્ષ્મણરાવ ઈનામદારનો જન્મ પુના નજીક ખાટવ ગામમાં ૧૯૧૭માં થયો હતો. તેમના પિતા રાજસ્વ અધિકારી હતા. જેમના ૧૦ પુત્ર પુત્રીઓમાં એક ઈનામદાર પણ હતા. ઈનામદારે ૧૯૪૩માં પુના યુનિવર્સિટીમાંથી કાયદાનો અભ્યાસ કર્યો અને આરએસએસ સાથે જોડાઈ ગયા. તેમણે આઝાદીના સંઘર્ષમાં પણ ભાગ લેવાની સાથે ભારતમાં વિલયથી ઈન્કાર કરનારા હૈદરાબાદમાં નિઝામ વિરુદ્ધ મુહિમ છેડી હતી. સંઘ પ્રચારક તરીકે તેમણે પણ આજીવન લગ્ન ન કરવાનો સંકલ્પ નિભાવ્યો. ઈનામદારે જ પીએમ મોદીને



આગળ અભ્યાસ માટે પ્રેરિત કર્યા હતા. પુસ્તક નરેન્દ્ર મોદીઃ એ પોલિટિકલ બાયોગ્રાફીના લેખક એન્ડી મરીનોએ પણ ઉલ્લેખ કર્યો છે કે લક્ષ્મણરાવ ઈનામદાર ગુજરાતમાં સંઘના મૂળિયાને મજબૂત કરવાની સાથે સાથે વિશાળ વૃક્ષમાં બદલીને તસવીર બદલી નાખી. જેણે તેને હિન્દુત્વનો અભેદ્ય કિલ્લો બનાવી દીધો. મોદી જ્યારે પણ મૂંઝવણમાં હોય ત્યારે પિતાની જેમ ઈનામદારે તેમને રસ્તો દેખાડવાનું કામ કર્યું. નરેન્દ્ર મોદીની બાયોગ્રાફી ધ મેન, ધ ટાઈમ્સના લેખક નીલાંજન મુખોપાધ્યાયે ઈનામદાર વિશે ઘણું લખ્યું છે. તેમનું કહેવું હતું કે ઈનામદાર માટે નરેન્દ્ર મોદીના મનમાં ખુબ આદરભાવ અને સન્માન હતો. તેમની વાતને તેઓ ગાંઠ બાંધી લેતા હતા અને તેમના વ્યક્તિત્વને પોતાના જીવનમાં ઉતારવાની કોશિશ કરી.

### વકીલ સાહેબ વિશે...

- બહુ ઓછા લોકોને ખબર હશે કે તેમના ગુરુ કોણ હતા જેમણે નરેન્દ્ર મોદીને સમાજસેવા અને દેશ સેવાના રસ્તે આગળ વધવા માટે પ્રોત્સાહિત કર્યા.
- પીએમ મોદીના ગુરુ, પથદર્શક તરીકે લક્ષ્મણરાવ ઈનામદારનું નામ લેવાય છે. તેઓ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સમર્પિત સ્વયંસેવક અને સ્વતંત્ર સેનાની હતા.
- તેમને બધા વકીલ સાહેબ તરીકે ઓળખતા હતા.
- રિપોર્ટ મુજબ નરેન્દ્ર મોદી નાની ઉંમરે વડનગરમાં આરએસએસ દ્વારા પહેલીવાર સંપર્કમાં આવ્યા હતા.
- વડનગરમાં મોદી પિતાની ચાની દુકાન પર મદદ કરવાની સાથે સાથે આરએસએસ શાખામાં પણ જતા હતા.
- ત્યારે સંઘના પ્રાંત પ્રચારક લક્ષ્મણરાવ ઈનામદાર સાથે તેમની પહેલી મુલાકાત ત્યાં થઈ હતી.
- વકીલ સાહેબના વિચારોએ નરેન્દ્ર મોદીના મનમાં રાષ્ટ્ર પ્રેમ, સેવા અને અનુશાસનનો ભાવ જગાડ્યો હતો.

### યોગ્ય રસ્તો દેખાડ્યો હતો

કિશોરાવસ્થા બાદ ૧૯૬૯માં નરેન્દ્ર મોદી ઘર છોડીને લગભગ બે વર્ષ સુધી હિમાલય, બેલૂર મઠ, અને દેશના અન્ય આશ્રમોમાં આધ્યાત્મિક શાંતિની શોધમાં ઘૂમતા રહ્યા હતા અને પછી અમદાવાદ પાછા ફર્યા. ઈનામદારે અમદાવાદ સંઘ કાર્યાલય હેડગેવાર ભવનમાં નરેન્દ્ર મોદીના રહેવાની વ્યવસ્થા કરાવી હતી. ઈનામદારે તેમની પ્રતિભા, સંગઠન કૌશલ અને નેતૃત્વ ક્ષમતાને ઓળખ્યા. તેમની ભાષણની શૈલીને નિખારી અને સંઘ માટે બધુ ન્યોછાવર કરવાના સંકલ્પને સિદ્ધિ સુધી પહોંચડવાનો મંત્ર આપ્યો. મુખોપાધ્યાયે પોતાના પુસ્તકમાં લખ્યું છે કે નરેન્દ્ર મોદી તે સમયે પોતાના ભવિષ્યને લઈને ખુબ અસમંજસમાં હતાં. પરંતુ ઈનામદારની પ્રેરણા અને માર્ગદર્શને તેમની બધી પળોઝણ દૂર કરી. હેડગેવાર ભવનમાં ચા બનાવવી, સાફ સફાઈથી લઈને સંઘના કામકાજમાં ખુબ મહેનત કરી. ઈનામદાર સાથે સંઘના હજારો યુવા કાર્યકરોનું નેટવર્ક તૈયાર કરવામાં મોદીએ મહત્વની ભૂમિકા ભજવી. અમદાવાદમાં સંઘના પ્રચારક તરીકે હેડગેવાર ભવન RSS ઓફિસમાં રૂમ નંબર ૩થી ક્યારેક નરેન્દ્ર મોદી કામ કરતા હતા. ઈનામદારની છત્રછાયામાં તેમને સંઘના મૂળમંત્ર સંગઠન, અનુશાસન અને સમર્પણની સાથે આગળ વધવાની તક મળી.





# 76 વર્ષની ઉંમરે ઇન્સ્ટાગ્રામ રીલ પર ડેબ્યૂ

# મોદીના વ્યક્તિત્વના 5 પાસાં ચર્ચામાં

## કપરા સંજોગોને તકમાં ફેરવવાની ક્ષમતા, નિર્ણયોની જવાબદારી અને સામાજિક નીડરતા પર વિશ્લેષણ

૭૬મા જન્મદિવસે PM મોદીના વ્યક્તિત્વના એવા ૫ પાસાં ચર્ચામાં આવ્યા છે, જે તેમની લાંબી જાહેર સફરને સમજવામાં મદદ કરે છે. મુશ્કેલીને તકમાં ફેરવવાની કમબેક ક્ષમતા હોય કે મોટા નિર્ણયો વખતે જવાબદારી સ્વીકારવાની વૃત્તિ, સંઘના દિવસોના માર્ગદર્શકથી લઈને વૈશ્વિક મંચો પરની તેમની કાર્યશૈલી સુધી અનેક પ્રસંગો તેમના વ્યક્તિત્વના અલગ-અલગ પાસાં ઉજાગર કરે છે. મનોવિજ્ઞાનની વિવિધ થિયરી અને જાહેર જીવનના પ્રસંગોના આધારે જાણીએ કે આ ૫ પાસાં શું છે અને તેની પાછળનું મનોવિજ્ઞાન શું કહે છે.

### કમબેક એબિલિટીથી શું ફાયદો થાય?

કમબેક એબિલિટીનો અર્થ માત્ર જૂના સ્તર પર પાછા ફરવું નથી, પરંતુ નિષ્ફળતામાંથી શીખીને પોતાની જાતને એક નવા, મજબૂત અને વધુ પરિપક્વ સ્તરે લઈ જવી તે છે. તેના બે તબક્કા છેઃ રેઝિલિયન્સઃ મનની એ ક્ષમતા, જેનાથી વ્યક્તિ તણાવ કે આઘાત પછી ફરી સામાન્ય સ્થિતિમાં આવી જાય છે. પોસ્ટ-ટ્રોમેટિક ગ્રોથઃ સામાન્ય સ્થિતિમાં આવ્યા બાદ વ્યક્તિ પહેલા કરતાં વધુ પરિપક્વ અને માનસિક રીતે વધુ સક્ષમ બની જાય છે. કમબેક કરનારા લોકો માને છે કે ઘટનાઓ ભલે તેમના નિયંત્રણમાં ન હોય, પરંતુ તેના પર કેવી પ્રતિક્રિયા આપવી અને પ્રયાસ કરવો તે તેમના હાથમાં જ છે. આ ગુણો માણસને લાંબા સમય સુધી નિરાશા કે ડિપ્રેશનમાં સરી પડતા બચાવે છે.



### ઓલવેઝ ઇન-કમાન્ડથી શું ફાયદો થાય?


ઓલવેઝ ઇન-કમાન્ડનો સીધો અર્થ છે દરેક નિર્ણય જાતે લેવો અને તેની સંપૂર્ણ જવાબદારી સ્વીકારવી. અમેરિકન સાયકોલોજિસ્ટ જુલિયન રોટરની લોકસ ઓફ કન્ટ્રોલ (Locus of Control) થિયરી મુજબ, જે લોકો સફળતા અને નિષ્ફળતાની જવાબદારી પોતે સ્વીકારે છે, તેઓ વધુ સફળ, માનસિક રીતે વધુ મજબૂત અને ઓછા તણાવગ્રસ્ત રહે છે. તેઓ કોઈ બાહ્ય ઉશ્કેરણી કે પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં પોતાના લક્ષ્યથી ભટકતા નથી, પરંતુ સમજી-વિચારીને આગળનું પગલું નક્કી કરે છે. આવા લોકોને મનોવિજ્ઞાનમાં ઇમોશનલી માસ્ટર કહેવામાં આવે છે.

### સોશિયલ બોલ્ડનેસથી શું ફાયદો થાય?

જે વ્યક્તિમાં સોશિયલ બોલ્ડનેસ હોય છે, તે કોઈપણ સ્થળે કે મંચ પર આત્મવિશ્વાસપૂર્વક પોતાની વાત સરળતાથી રજૂ કરી શકે છે. બ્રિટિશ-અમેરિકન મનોવૈજ્ઞાનિક રેમન્ડ કેટલે ૧૬ પર્સનાલિટી ફેક્ટર્સ નામનું મોડેલ આપ્યું છે. તેમાં વ્યક્તિત્વ સાથે જોડાયેલા ૧૬ પરિમાણોમાંથી એક મહત્ત્વનું પરિમાણ છે સોશિયલ બોલ્ડનેસ (સામાજિક નીડરતા). જે લોકોમાં આ ક્ષમતા વધુ હોય છે, તેઓ સામાજિક તણાવનો સામનો અત્યંત સહજતાથી કરી શકે છે. અમેરિકાની સ્ટેનફોર્ડ યુનિવર્સિટીના મનોવિજ્ઞાનના પૂર્વ પ્રોફેસર આલ્બર્ટ બાંડુરાની થિયરી અનુસાર, જ્યારે તમે નવા વાતાવરણમાં તમારી જાતને પ્રભાવશાળી રીતે રજૂ કરો છો, ત્યારે તમારી સેલ્ફ-એફિકસી (સ્વ-ક્ષમતા) વધે છે, એટલે કે પોતાની ક્ષમતાઓ પરનો ભરોસો મજબૂત બને છે. આ ગુણ તમને લોકો શું વિચારશે તેવા ડરમાંથી પણ મુક્ત રાખે છે.

### સેલ્ફ ડિસિપ્લિનથી શું ફાયદો થાય?

સેલ્ફ ડિસિપ્લિન (સ્વયં-શિસ્ત)નો અર્થ સ્વતંત્રતા છીનવી લેવી નથી, પરંતુ પોતાની આદતો અને જીવન પર નિયંત્રણ મેળવવું છે. તે દરરોજ લક્ષ્ય તરફ આગળ વધવામાં મદદ કરે છે. પ્રોક્રેસ્ટિનેશન એટલે કે કામ પાછળ ઠેલવાની આદતથી બચાવે છે અને ઉત્પાદકતા (પ્રોડક્ટિવિટી) વધારે છે. મનોવિજ્ઞાનમાં બે જાણીતા સિદ્ધાંતો છે માર્શમેલો એક્સપેરિમેન્ટ અને ડિલેડ ગ્રેટીફિકેશન. આ મુજબ, જે લોકો તાત્કાલિક મળતા સુખ કે આનંદને ટાળીને ભવિષ્યના મોટા લાભ માટે ધીરજ રાખે છે, તેઓ જીવનમાં વધુ સફળ અને સંતોષી રહે છે. ન્યુરોસાયકોલોજી અનુસાર, સેલ્ફ-ડિસિપ્લિન વ્યક્તિના મગજના પ્રીફ્રન્ટલ કોર્ટેક્સ ભાગને સક્રિય રાખે છે, જે તાર્કિક વિચારસરણી (લોજિકલ રીઝનિંગ), આવેગ નિયંત્રણ (ઇમ્પલ્સ કન્ટ્રોલ) અને આયોજન (પ્લાનિંગ) માટે જવાબદાર છે.





### અસર્ટિવ કોમ્યુનિકેશનથી શું ફાયદો થાય?


લાગણીઓમાં તણાઈને બોલવાથી પરિસ્થિતિ હાથમાંથી સરકી શકે છે. આવા સમયે અસર્ટિવ કોમ્યુનિકેશન (સ્પષ્ટ અને મક્કમ સંવાદ) અત્યંત અસરકારક સાબિત થાય છે. લાગણીઓમાં વહ્યા વિના, યોગ્ય શબ્દો દ્વારા ટાર્ગેટેડ ઓડિયન્સ સુધી સીધો સંદેશ પહોંચાડી શકાય છે, પોતાની તાકાતનો અહેસાસ કરાવી શકાય છે અને કોઈ ટકરાવ વગર સ્પષ્ટ સરહદો નક્કી કરી શકાય છે. મનોવિજ્ઞાનમાં આને ડોગ વ્હિસલ રેટરિક (Dog Whistle Rhetoric) કહેવામાં આવે છે. એટલે કે ચોક્કસ સમૂહ સુધી તેમની જ ભાષામાં સંદેશ પહોંચાડવો. આ પદ્ધતિથી ત્યાં હાજર ન હોય તેવા લોકો સુધી પણ પોતાનો સંદેશ સચોટ રીતે પહોંચાડી શકાય છે.



# કોણ નક્કી કરે છે PM મોદીના જમવાના મેનુથી લઈને કપડાં અને ભાષણ સુધી?

## સવારના 4:30થી શરૂ થાય છે દિવસ, મિનિટે-મિનિટનું શેડ્યૂલ; જાણો મોદીની દિનચર્યાના રસપ્રદ પાસાં

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે ૭૬ વર્ષના થયા છે. ઉંમરના આ પડાવ પર પણ તેમની વ્યસ્તતા અને દિનચર્યા ચર્ચાનો વિષય બને છે. સવારના વહેલા ઉઠવાથી લઈને યોગ-ધ્યાન, ભોજન, બેઠકો, પ્રવાસ અને રાત્રિના કામકાજ સુધી તેમનો દિવસ ચોક્કસ આયોજન સાથે આગળ વધે છે. વડાપ્રધાનની દિનચર્યા, ભોજન અને કપડાં સાથે જોડાયેલી કેટલીક રસપ્રદ વિગતો પણ સામે આવી છે. નરેન્દ્ર મોદી બાળપણથી વહેલા ઉઠવાની ટેવ ધરાવે છે. એક ઇન્ટરવ્યુમાં તેમણે જણાવ્યું હતું કે તેઓ સામાન્ય રીતે સવારે ૪:૩૦થી ૪:૪૫ વાગ્યા સુધીમાં જાગી જાય છે અને વધુમાં વધુ ૫ વાગ્યા સુધીનો સમય થાય છે. જાગ્યા બાદ વૉકિંગ, યોગ અને ધ્યાન તેમના સવારના રૂટિનનો હિસ્સો છે. સૂર્ય નમસ્કાર ઉપરાંત વડાપ્રધાન આવાસમાં ગાય અને મોરને ચણ નાખવાનું પણ તેમની દિનચર્યામાં સામેલ હોવાનું જણાવાયું છે.



### સવારની શરૂઆત

નરેન્દ્ર મોદી બાળપણથી જ 'અર્લી રાઈઝર' (વહેલા ઊઠનારા) રહ્યા છે. વડાપ્રધાન બન્યા પછી પણ આ શિસ્ત મોટાભાગે જળવાઈ રહી છે. તેમણે પત્રકાર નીલાંજન મુખોપાધ્યાયને આપેલા એક ઇન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે- હું ખૂબ ઓછું ઊંઘું છું, માત્ર સાડા ત્રણથી ચાર કલાક. સવારે ૪:૩૦થી ૪:૪૫ વાગ્યા સુધીમાં ઊઠી જાઉં છું. મોડું થાય તો વધુમાં વધુ ૫ વાગ્યા સુધી. ઊઠ્યા પછી પીએમ મોદી એક ખાસ વૉકિંગ ટ્રેક પર ચાલવા નીકળે છે. ૨૦૧૮માં વિરાટ કોહલીને ફિટનેસ ચેલેન્જ આપતી વખતે મોદીએ વડાપ્રધાન આવાસના બગીચામાં બનેલા વૉકિંગ ટ્રેકનો વીડિયો શેર કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે આ ટ્રેક પંચતત્વ એટલે કે પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશથી પ્રેરિત છે. મોદીના સવારના રૂટિનમાં યોગ અને ધ્યાન પણ સામેલ છે, ખાસ કરીને સૂર્ય નમસ્કાર. પીએમ આવાસમાં રહેલી ગાયો અને મોરને ચણ નાખવું પણ તેમની દિનચર્યાનો હિસ્સો છે.

### નાસ્તો

પીએમ મોદીનું ભોજન લગભગ અઢી દાયકાથી એક જ વ્યક્તિ બનાવે છે - બદ્રી મીણા. રાજસ્થાનના ઉદયપુરના રહેવાસી બદ્રી ૧૯૯૦ના દાયકામાં કામની શોધમાં ગુજરાત આવ્યા હતા. તે સમયે નરેન્દ્ર મોદી ભાજપના મહામંત્રી હતા. બદ્રીનું કામ મોદીને એટલું પસંદ આવ્યું કે તેમણે તેમને પોતાના કાયમી રસોઈયા બનાવી લીધા. કિશોર મકવાણા તેમના પુસ્તક 'કોમનમેન નરેન્દ્ર મોદી'માં લખે છે કે નાસ્તામાં મોદીને પૌંઆ ખાસ ભાવે છે. આ સિવાય તેમની થાળીમાં ખીચડી, કઢી, ઉપમા અને ખાખરા જેવી વાનગીઓ હોય છે, સાથે આદુવાળી ચા. તાજેતરના મીડિયા અહેવાલો મુજબ, તેમના નાસ્તામાં સિઝનલ ફળો, મખાના, બાફેલી શાકભાજીનો પણ સમાવેશ થયો છે. થાળીમાં સરગવાના પરોઠાને પણ સ્થાન મળ્યું છે.





### દિવસનું શેડ્યુલ

મોદીના જનસંપર્ક વિભાગમાં ૧૧ વર્ષ કામ કરી ચૂકેલા ધીરેન અવાશિયાના જણાવ્યા અનુસાર, 'તેમના કામના આયોજનમાં પૂર્વ-નિર્ધારિત ન હોય તેવી કોઈપણ બાબત અચાનક સામેલ થતી નથી. તેમનો સ્ટાફ મિનિટે-મિનિટના હિસાબે તેમનું સમગ્ર શેડ્યૂલ ખૂબ જ ઝીણવટપૂર્વક તૈયાર કરે છે. અહેવાલો મુજબ, સવારે ૯ વાગ્યા સુધીમાં પીએમઓના ઉચ્ચ અધિકારીઓ સાથે મોદીની એક મહત્ત્વની બેઠક પૂર્ણ થઈ ચૂકી હોય છે. પીએમ મોદીનું શેડ્યૂલ, પ્રવાસો અને બેઠકોનું સંચાલન વડાપ્રધાન કાર્યાલયની વિશેષ ટીમો સંભાળે છે, જેમા ૩ અંગત સચિવો સામેલ છે - વિવેક કુમાર, હાર્દિક શાહ અને નિધિ તિવારી. તેઓ સંપૂર્ણ શેડ્યૂલ તૈયાર કરે છે અને તેનું યોગ્ય રીતે પાલન કરાવે છે. ઓએસડી (એપોઇન્ટમેન્ટ એન્ડ ટૂર) સંજય ભાવસાર સીધી રીતે પીએમ મોદીના સત્તાવાર પ્રવાસો, બેઠકોના સમય અને મુલાકાતોના સંકલનની જવાબદારી સંભાળે છે. પ્રધાન સચિવ પી. કે. મિશ્રા વહીવટી પ્રાથમિકતાઓ અને કેબિનેટ બેઠકોના એજન્ડાને પીએમના શેડ્યૂલમાં સામેલ કરવાનો અંતિમ નિર્ણય અને દેખરેખ રાખે છે.

### ભાષણ કોણ લખે છે

૨૦૨૧માં વડાપ્રધાન કાર્યાલયમાં એક આરટીઆઈ (RTI) દ્વારા પૂછવામાં આવ્યું હતું કે પીએમ મોદીના ભાષણો તૈયાર કરવામાં કોણ-કોણ સામેલ હોય છે? જવાબમાં જણાવાયું હતું કે કાર્યક્રમના સ્વરૂપને આધારે સંબંધિત વ્યક્તિઓ, અધિકારીઓ, મંત્રાલયો અને સંસ્થાઓ પાસેથી માહિતી (ઇનપુટ્સ) લેવામાં આવે છે અને ત્યાર બાદ મોદી પોતે જ પોતાના ભાષણને આખરી ઓપ આપે છે. ભારતમાં જ્યારે તેમણે સભાને સંબોધન કરવાનું હોય ત્યારે તેઓ કોઈ લખેલા કાગળ પર નિર્ભર નથી રહેતા. નિષ્ણાતો હોય છે જેને તેઓ કહે છે કે મારે આ બાબતે બોલવું છે તો તમે કેટલાક પોઈન્ટ્સ તૈયાર કરો.

### કપડા

મોદીજીએ મને એક વાર કહ્યું હતું કે તેઓ ત્રણ બાબતો સાથે ક્યારેય સમાધાન કરી શકતા નથી - આંખો, અવાજ અને કપડાં. આ વાત બિપિન ચૌહાણે એક ઇન્ટરવ્યુમાં જણાવી હતી. મોદી દાયકાઓથી બિપિનના સીવેલા કપડાં જ પહેરે છે. આ કહાણી અમદાવાદની એક નાનકડી દરજીકામની દુકાનથી શરૂ થાય છે. બિપિન ચૌહાણ અને જિતેન્દ્ર ચૌહાણ નામના બે ભાઈઓ 'સુપ્રીમો ક્લોધિંગ' નામની એક નાની દુકાન ચલાવતા હતા. તે સમયે મોદી RSSના પ્રચારક હતા અને અહીંથી કુર્તા સિવડાવતા હતા. આજે આ ચૌહાણ બંધુઓ 'જેડબ્લ્યુ' બ્રાન્ડના માલિક છે. બિપિનને 'મોદી કુર્તા'ના જનક માનવામાં આવે છે. ૨૦૧૨માં ખુદ મોદીએ તેમને આ માટે શ્રેય આપ્યો હતો. ઘણી વખત પોતાના કપડાંનું ફેબ્રિક અને રંગોની પસંદગી મોદી જાતે જ કરે છે.

### કયો ફોન વાપરે છે

સુરક્ષાના કારણોસર મોદી સામાન્ય સ્માર્ટફોનનો ઉપયોગ કરતા નથી. મીડિયા અહેવાલો અનુસાર, વાતચીત માટે તેઓ સેટેલાઇટ અથવા RAX (રેસ્ટ્રિક્ટેડ એરિયા એક્સચેન્જ) ફોનનો ઉપયોગ કરે છે. આ ફોનને ટ્રેસ કે હેક કરી શકાતો નથી, કારણ કે તે મિલિટરી ફ્રિકવન્સી બેન્ડ પર કામ કરે છે.

### લાગણીશીલ પાસું

પીએમ મોદીએ પરિવાર છોડી દીધો, પરંતુ માતા હીરાબા પ્રત્યે તેમને અતૂટ લગાવ હતો. ૧૭ વર્ષની ઉંમરે જ્યારે મોદીએ ૨ વર્ષ માટે ઘર છોડ્યું, ત્યારે પણ તેમના જોળામાં માતાની એક તસવીર હંમેશાં રહેતી હતી. હીરાબાના અવસાન સુધી દર વર્ષે જન્મદિવસ પર મોદી તેમના આશીર્વાદ લેવા ચોક્કસ પહોંચતા. 'નરેન્દ્ર મોદી: અ પોલિટિકલ બાયોગ્રાફી'ના લેખક એન્ડી મેરિનો લખે છે, લોકો અને ખુદ મોદી એવું માને છે કે તેઓ લોનર, એટલે કે એકલા રહેવાનું પસંદ કરતા માણસ છે. પરંતુ મને લાગે છે કે ભલે તેઓ વ્યવહારુ કે ક્લિનિકલ હોય, પણ લાગણીહીન બિલકુલ નથી.



# હરિહર ચોક ખુલ્યો

■ 1 વર્ષ બાદ હરિહર ચોક ખુલ્લો મુકાયો, હજારો વાહનચાલકોને મોટી રાહત

■ રૂ.2.20 કરોડના બોક્સ કલવર્ટનું કામ પૂર્ણ; દોઢ કિમીના વધારાના ફેરામાંથી વાહનચાલકોને મુક્તિ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટનાં વોર્ડ નં ૨માં આવેલા હરિહર ચોકમાં જૂના અને જર્જરિત આર્ક ટાઇપ ક્લવર્ટને દૂર કરીને તેના સ્થાને આધુનિક અને મજબૂત બોક્સ સ્લેબ ટાઇપ ક્લવર્ટનું કામ પૂર્ણ થતા છેલ્લા ૧ વર્ષથી બંધ હરિહર ચોક ખુલ્લો મુકવામાં આવ્યો છે. આ રસ્તો ખુલ્લો મુકવામાં આવતા લીમડા ચોકથી ચૌધરી હાઈસ્કૂલ તરફ આવતા-જતા હજારો વાહન ચાલકોને દરરોજ દોઢ કિલોમીટર લાંબો ફેરો ફરવામાંથી મુક્તિ મળી છે. જનરલ બોર્ડમાં તમામ નવા કામો સાથે કોન્ટ્રાકટરની જાણકારી મુકવાનું નક્કી કરવામાં આવ્યું હતું. આ કામના લોકાર્પણ સાથે હવેથી આ પ્રથાનો પણ પ્રારંભ કરવામાં આવ્યો છે. જોકે માત્ર રૂ. ૨.૨૦ કરોડના કામના લોકાર્પણમાં મેયર - ધારાસભ્ય તેમજ શહેર ભાજપ પ્રમુખ સહિતનાં નેતાઓ ઉમટ્યા હતા.

રાજકોટનાં મેયર ડો. નેહલ શુક્લએ આ તકે જણાવ્યું હતું કે, શહેરનાં હરિહર ચોકમાં ચાલતું બોક્સ કલવર્ટનું કામ સમયમર્યાદામાં પૂર્ણ કરવામાં આવ્યું છે. આ કામનું લોકાર્પણ થતા દરરોજ અહીંથી પસાર થતા હજારો વાહનચાલકોને રાહત મળશે. તેમજ પાણીનો યોગ્ય નિકાલ થતા આ વિસ્તારમાં પાણી ભરાવાની સમસ્યા



પણ હલ થશે. જનરલ બોર્ડમાં લેવાયેલા નિર્ણય મુજબ આ કામ ક્યાં કોન્ટ્રાક્ટરે ક્યારે, કેટલા ખર્ચે કર્યું ઉપરાંત ક્યાં સુધી તે કોન્ટ્રાકટરની જવાબદારી છે તેની સાથે જ કામ ક્યારે શરૂ થયું અને ક્યારે પૂર્ણ થયું અને કુલ કેટલો સમય લાગ્યો તે સહિતની જાણકારીનું બોર્ડ લગાવવામાં આવ્યું છે. હવે પછીના તમામ કામોમાં આ પ્રકારે બોર્ડ લગાવવામાં આવશે.

હરિહર ચોક ખાતે નવું બોક્સ કલવર્ટ અને રિટેઈનિંગ વોલ બનાવવાની જટિલ કામગીરી દરમિયાન લોકોની સુરક્ષા જળવાઈ રહે તે હેતુથી શહેર પોલીસ કમિશનર દ્વારા ગત સપ્ટેમ્બર માસમાં ખાસ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું. જે અંતર્ગત કાશી વિશ્વનાથ મેઈન રોડથી હરિહર ચોક તરફ જતાં બંને તરફના માર્ગો વાહનોની અવરજવર માટે સંપૂર્ણપણે બંધ કરી દેવાયા હતા અને પ્રવેશબંધી ફરમાવવામાં આવી હતી. સાથે જ વાહનચાલકોની સુવિધા માટે વૈકલ્પિક રૂટની વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. આ ડાયવર્ઝનના કારણે લીમડા ચોક અને પંચનાથ મંદિર રોડથી હરિહર ચોક થઈ ચૌધરી હાઈસ્કૂલ તરફ જવા માગતા વાહનોને હેડ પોસ્ટ ઓફિસ, જ્યુબિલી ગાર્ડન ચોક અને જવાહર રોડ તરફથી ફરીને જવું પડતું હતું. આ ઉપરાંત હરિહર ચોકથી સદર પોલીસ ચોકી, સદર વન-વે, ફૂલછાબ ચોક તેમજ આર-વર્લ્ડ સિનેમા, શારદાબાગ સ્થિત આઈ.સી.આઈ.સી.આઈ. બેન્ક, ભીલવાસ ચોક અને કાશી વિશ્વનાથ મેઈન રોડ થઈને વાહનોની અવરજવર થતી હતી.




## હવે દરેક કામનો હિસાબ બોર્ડ પર

રાજકોટ મનપાના જનરલ બોર્ડમાં લેવાયેલા નિર્ણય મુજબ હવે નવા વિકાસ કામો સાથે કોન્ટ્રાક્ટરનું નામ, કામનો કુલ ખર્ચ, કામ ક્યારે શરૂ થયું અને ક્યારે પૂર્ણ થયું, કેટલો સમય લાગ્યો તેમજ કોન્ટ્રાક્ટરની જવાબદારી ક્યા સમય સુધી રહેશે તેની માહિતી બોર્ડ પર મુકવામાં આવશે. હરિહર ચોકના કામના લોકાર્પણ સાથે આ પ્રથાનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...



# સિગારેટનાં ભાવમાં ફરી વધારો થયો




## તમાકુ પર ટેક્સ વધતા તેની અસર ભાવમાં દેખાઈઃ ક્લાસિક કનેક્ટ, ગોલ્ડ ફ્લેક મોંઘી થઈ

**સિટી ન્યૂઝ@અમદાવાદ**

તમાકુ ઉત્પાદનો પર વધેલા ટેક્સને કારણે સિગારેટના ભાવમાં ફરી વધારો થયો છે. અહેવાલ મુજબ, આઈટીસીએ પોતાની કેટલીક બ્રાન્ડ્સના ભાવમાં વધારો કર્યો છે. તાજેતરના ભાવવધારાની અસર ક્લાસિક કનેક્ટ અને ગોલ્ડ ફ્લેક સુપર સ્ટાર પર થઈ છે. ડિલર પાસેથી મળેલી માહિતી મુજબ, નવા ભાવવાળા પેકેટ બજારમાં આવવા લાગ્યા છે. ૨૦ ક્લાસિક કનેક્ટ સિગારેટના પેકેટની કિંમત હવે રૂ.૪૨૮ થઈ ગઈ છે, જ્યારે અગાઉ તેની કિંમત રૂ.૩૯૦ હતી. આ રીતે એક પેકેટ પર રૂ.૩૮નો વધારો, એટલે કે આશરે ૯.૭૪ ટકાનો ભાવવધારો થયો છે.ગોલ્ડ ફ્લેક સુપર સ્ટારના ૧૦ સિગારેટના પેકેટની કિંમત હવે રૂ.૮૯ થઈ ગઈ છે. અગાઉ આ પેકેટ રૂ.૭૯માં મળતું હતું. એટલે કે ગ્રાહકોને હવે એક પેકેટ માટે રૂ.૧૦ વધુ ચૂકવવા પડશે, જે આશરે ૧૨.૬૬ ટકાનો વધારો છે.આ ભાવવધારા પાછળ તમાકુ ઉત્પાદનો પર લાગુ થયેલા નવા ટેક્સ માળખાની પણ અસર છે. ૧ ફેબ્રુઆરીથી સિગારેટ અને અન્ય તમાકુ ઉત્પાદનો પર ૪૦ ટકા જીએસટી દર લાગુ થયો છે. આ ઉપરાંત વધારાની એક્સાઈઝ ડ્યૂટીનું નવું માળખું પણ અમલમાં આવ્યું છે.૪૦ ટકા જીએસટી સ્લેબમાં સિગારેટ ઉપરાંત પાન મસાલા, વધારાની ખાંડવાળું એરેટેડ વોટર, કાર્બોનેટેડ બેવરેજીસ, મિડ-સાઈઝ અને મોટી કાર, ૩૫૦ સીસીથી વધુ ક્ષમતાવાળી મોટરસાઈકલ, વ્યક્તિગત ઉપયોગ માટેના વિમાન અને મનોરંજન માટેની યાટ્સ જેવા ઉત્પાદનોનો પણ સમાવેશ થાય છે. સિગારેટ માટે વધારાની એક્સાઈઝ ડ્યૂટી ૧,૦૦૦ સ્ટિક દીઠ રૂ.૨,૦૫૦થી રૂ.૮,૫૦૦ સુધી છે. આ રકમ સિગારેટની લંબાઈ અને તેમાં ફિલ્ટર છે કે નહીં તેના આધારે નક્કી થાય છે.આ ડ્યૂટી જીએસટી ઉપરાંત લાગુ પડે છે, જેના કારણે કંપનીઓ પરનો કુલ ટેક્સ બોજ વધ્યો છે. ઉત્પાદકોએ વધેલા ટેક્સ ખર્ચનો એક હિસ્સો ગ્રાહકો પર નાખ્યો છે અને લાંબી તથા ફિલ્ટરવાળી સિગારેટ પર તેની વધુ અસર જોવા મળી રહી છે. ક્લાસિક કનેક્ટ અને ગોલ્ડ ફ્લેક સુપર સ્ટારના ભાવમાં આ પહેલાં પણ વધારો થઈ ચૂક્યો છે.







### દેશી કોમેડીથી ગુજરાતના દિલમાં સ્થાન બનાવનાર ચંદન રાઠોડને ભાભર પાસે બાઈક અકસ્માત નડયો

# ગુજ્જુ લવ ગુરુનું અકસ્માતમાં નિધન

## સોશિયલ મીડિયા પર ચાહકોમાં શોક : ઈન્સ્ટાગ્રામ પર 18 લાખથી વધુ ફોલોઅર્સ

**સિટી ન્યૂઝ@ભાવનગર**

વાવ-થરાદ અને સુઈગામ પંથક સહિત સમગ્ર ગુજરાતમાં પોતાની આગવી કોમેડીથી લોકોના દિલમાં સ્થાન બનાવનાર ગુજ્જુ લવ ગુરુ ઉર્ફે ચંદન રાઠોડનું ભાભર નજીક માર્ગ અકસ્માતમાં કરૂણ મોત થયું છે. ભાભરની હરિધામ ગૌશાળા નજીક બાઈકને અકસ્માત નડતાં ચંદન રાઠોડનું મોત નીપજ્યું હતું. અકસ્માતની જાણ થતાં તેમના ચાહકો અને પરિચિતો હોસ્પિટલ ખાતે પહોંચ્યા હતા. કોમેડિયનના આકસ્મિક મોતના સમાચારથી સમગ્ર પંથકમાં શોકની લાગણી પ્રસરી છે. તેમને યુટ્યુબ પર ૧૦ લાખ સબસ્ક્રાઈબર્સ છે.

સુઈગામના સામાન્ય પરિવારમાંથી આવતા ચંદન રાઠોડે પોતાની આગવી પ્રતિભાના જોરે સોશિયલ મીડિયા પર અલગ ઓળખ ઉભી કરી હતી. ઈન્સ્ટાગ્રામ અને યુટ્યુબના માધ્યમથી તેમણે ગુજરાતી કોમેડી વીડિયો બનાવતા અને લોકોને હસાવતા હતા. ગ્રામ્ય વિસ્તારની વાવ-થરાદ અને બનાસકાંઠા પંથકની લોકબોલી તથા સ્થાનિક ભાષાશૈલી તેમની કોમેડીની ખાસિયત બની હતી.

તેમની દેશી અને સરળ કોમેડી લોકોને ખૂબ પસંદ પડતી હતી. હાસ્યની સાથે તેઓ સમાજને સાચી દિશા આપતા અને વર્તમાન હકીકતોને લોકો સુધી પહોંચાડતા સંદેશસભર વીડિયો પણ બનાવતા હતા. જેના કારણે તેમની લોકપ્રિયતા માત્ર વાવ-થરાદ કે ઉત્તર ગુજરાત પૂરતી સીમિત ન રહી, પરંતુ સમગ્ર ગુજરાતમાં તેમના ચાહકો બન્યા હતા. ચંદન રાઠોડ સોશિયલ મીડિયા પર ખાસ્સી લોકપ્રિયતા ધરાવતા હતા. ઈન્સ્ટાગ્રામ પર તેમના ૧.૮ મિલિયનથી વધુ ફોલોઅર્સ હોવાનું સામે આવ્યું છે. તેમના કોમેડી વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતા હતા અને યુવાનોમાં તેઓ ખાસ લોકપ્રિય હતા.

ચંદન રાઠોડે સોશિયલ મીડિયા ઉપરાંત ગુજરાતી ફિલ્મો અને કોમેડી શોમાં પણ પોતાની આગવી ઓળખ બનાવી હતી. કોમેડી ક્ષેત્રે તેમણે વાવ-થરાદના ગ્રામ્ય પંથકમાંથી પોતાની કારકિર્દીની શરૂઆત કરી રાજ્યભરમાં નામના મેળવી હતી. ભાભર નજીક અકસ્માતમાં ચંદન રાઠોડના મોતના સમાચાર સામે આવતા તેમના ચાહકોમાં શોકની લાગણી છવાઈ ગઈ છે.

# હળવદથી યુપી મોકલાયેલ રૂ. 6 લાખના દાડમ રસ્તામાંથી જ ગાયબ!

### ઓનલાઈન ટ્રાન્સપોર્ટથી ટ્રક ભાડે રાખી છેતરપિંડી આચરનાર ડ્રાઈવર-માલિક સામે પોલીસ ફરિયાદ

**સિટી ન્યૂઝ@હળવદ**

હળવદથી ઉત્તર પ્રદેશના ગોરખપુર ખાતે મોકલવામાં આવેલો રૂ. ૬,૦૦,૦૦૦ ની કિંમતનો ૧૨ ટન દાડમનો જથ્થો રસ્તામાંથી જ ગાયબ થઈ જતાં વેપારી આલમમાં ભારે ચકચાર મચી જવા પામી છે. ઓનલાઈન ટ્રાન્સપોર્ટ એપ્લિકેશન દ્વારા ભાડે રાખવામાં આવેલી ટ્રકના માલિક અને ડ્રાઈવર માલ નિયત સ્થળે પહોંચાડવાને બદલે મોબાઈલ ફોન બંધ કરીને રફુચક્કર થઈ ગયા છે. છેતરપિંડીની આ ઘટના અંગે હળવદ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે. મળતી માહિતી મુજબ, કચ્છ જિલ્લાના ભુજ ખાતે રહેતા અને ટ્રાન્સપોર્ટનો વ્યવસાય કરતા બલ્કારસિંગ ગુરૂમુખસિંગ ભટ્ટી (ઉ.વ.૫૦) એ હળવદ તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. તેમણે આરોપી પવન કુમાર વિનોદકુમાર બાજપાઈ (ટ્રાન્સપોર્ટર) તથા મુકેશભાઇ વિરુદ્ધ ફરિયાદ દાખલ કરાવી છે. ફરિયાદીએ રૂ. ૬,૦૦,૦૦૦ ની કિંમતના ૧૨ ટન દાડમ આરોપીઓની ટ્રક (ગાડી નં. UP-૭૮-JN-૫૯૫૫) માં ભરીને સીકીગંજ, ગોરખપુર (ઉત્તર પ્રદેશ) ખાતે આવેલી 'રઈન ફ્રુટ કંપની'માં મોકલવાના હતા. આમ છતાં, આરોપીઓએ ફરિયાદી સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી આચરી માલ સીકીગંજ પહોંચાડ્યો ન હતો અને દાડમનો જથ્થો બારોબાર પચાવી પાડ્યો હતો. આ ઘટના અંગે હળવદ પોલીસે બંને આરોપીઓ વિરુદ્ધ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# મણિપુર હિંસાઃ લોકો ઘરોમાં કેદ

## 4 દિવસમાં કુકી સમુદાયના 6ની હત્યાઃ ખાંડ 450 રૂપિયા પ્રતિ કિલો વેચાઈ



**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

મણિપુરમાં કુકી-નાગા વચ્ચે હિંસક સંઘર્ષ ચાલુ છે. તેનાથી રાજ્યનો ૭ પહાડી જિલ્લાઓ સાથેનો સંપર્ક કપાઈ ગયો છે. ૫ દિવસથી પહાડી ગામોમાં લોકો ભયભીત છે અને દિવસ દરમિયાન પણ ઘરોમાંથી બહાર નીકળી રહ્યા નથી. ૭ દિવસથી શાળા-બજારો બંધ છે. મેડિકલ ઇમરજન્સીમાં પણ મદદ મળી રહી નથી. ઘણા વિસ્તારોમાં ખાંડ ૪૫૦ રૂપિયા પ્રતિ કિલોગ્રામ સુધી વેચાઈ રહી છે.વાસ્તવમાં, છેલ્લા ચાર દિવસમાં હથિયારબંધ ઉગ્રવાદીઓએ ૪ મહિલાઓ સહિત ૬ કુકી લોકોની હત્યા કરી છે. કુકી સંગઠનોએ તેનો આરોપ નાગા ઉગ્રવાદીઓ પર લગાવ્યો છે. બુધવારે પણ પહાડી જિલ્લા કાંગપોકપીમાં સ્થાનિક કુકી લોકો અને સુરક્ષા દળો વચ્ચે જોરદાર અથડામણ થઈ. સુરક્ષા દળોએ નાકાબંધી વધુ વધારી દીધી છે.કાંગપોકપીમાં રહેતી ૫૩ વર્ષીય માર્ગરેટે જણાવ્યું કે જિલ્લા મુખ્યાલયમાં હોવાને કારણે તેમને જરૂરી સામાન માંડ મળી રહ્યો છે. કેટલાક ગામોમાં ૧ કિલો ખાંડ પણ ૪૦૦-૪૫૦ રૂપિયામાં મળી રહી છે. અહીં રહેતા ૩૫ વર્ષના ડેવિડે જણાવ્યું કે અમે ખેતરોમાં પણ જઈ શકતા નથી. ક્યારે અને ક્યાંથી ગોળી ચાલશે, ખબર નથી. રાજ્યમાં ૪૦ હજાર સુરક્ષા દળના જવાનો તૈનાત છે, પરંતુ આ સંઘર્ષ જાતિઓનો છે, તેથી તેઓ પણ મદદ કરી શકતા નથી.ડેવિડે આગળ જણાવ્યું કે રસ્તાઓ, હાઈવે પર ઠેર ઠેર નાગા સમુદાયના લોકોની નાકાબંધી છે. ચેકપોઈન્ટ છે. સિક્યોરિટી એસ્કોર્ટ વિના કોઈ પ્રાઈવેટ ગાડી ચાલતી નથી.મેડિકલ ઈમરજન્સી, એરપોર્ટ જવા માટે પણ નાગાના સબ-ડિવિઝનલ ઓફિસરની મંજૂરી લેવી પડે છે, જે ખૂબ મુશ્કેલીથી મળે છે.ઉખરુલ, સેનાપતિ, તામંગલોંગ, ચંદેલ નાગા બહુલ, જ્યારે ચુરાચાંદપુર, કાંગપોકપી, ફિરઝોલ કુકી-બહુલ જિલ્લાઓ છે. કાંગપોકપી સહિત ૪ જિલ્લાઓમાં બંને જાતિઓ સાથે રહે છે. તેથી ઉગ્રવાદીઓ બંને પર હુમલા કરી રહ્યા છે. આ વર્ષે ફેબ્રુઆરીમાં લિટન ગામમાં હિંસા પછી અત્યાર સુધી આ સંઘર્ષમાં ૪૦ લોકોના મોત થયા છે.

# ઓડિશામાં ગણેશ વિસર્જન દરમિયાન અલગ-અલગ ઘટનામાં 12નાં મોત

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**



ઓડિશામાં બુધવારે છ અલગ-અલગ ઘટનાઓમાં ૧૨ લોકોના ડૂબી જવાથી મોત થયા. આમાં છ બાળકોનો સમાવેશ થાય છે. પોલીસના જણાવ્યા અનુસાર, મોટાભાગના અકસ્માતો ગણેશ પ્રતિમા વિસર્જન દરમિયાન થયા હતા. આ ઘટનાઓ જગતસિંહપુર, સુંદરગઢ, ગંજામ, જગતસિંહપુર, ભદ્રક અને કોરાપુટ જિલ્લાઓમાં બની હતી.જગતસિંહપુર જિલ્લામાં ગણેશ પ્રતિમા વિસર્જન દરમિયાન ચાર યુવકો નદીના તેજ પ્રવાહમાં તણાઈ ગયા. ફાયર સર્વિસના જવાનોએ ચારેયના મૃતદેહ બહાર કાઢ્યા.મૃતકોની ઓળખ મનોજીત સ્વૈન, સ્વપ્નજીત બારિક, રશ્મિરંજન નાયક અને જગન્નાથ પાલેઈ તરીકે થઈ છે. ચારેયની ઉંમર ૨૦ વર્ષની આસપાસ હતી.ગંજામ જિલ્લાની ઘોડાહાડ નદીમાં બુધવારે બપોરે ગણેશ પ્રતિમા વિસર્જન દરમિયાન ડૂબી જવાથી ૧૪ વર્ષના ૨ બાળકોના મોત થયા છે. મૃતકોની ઓળખ આદર્શ સાહુ અને પ્રીતમ સામેલી તરીકે થઈ છે. બંને બાળકો વિસર્જન માટે આવ્યા હતા અને ઊંડા પાણીમાં જવાથી ડૂબી ગયા હતા.આ જ જિલ્લાના દિગપહાંડી પોલીસ સ્ટેશન વિસ્તારમાં સવારે ૧૦ વાગ્યે ગણેશ પ્રતિમા વિસર્જન દરમિયાન ૮મા ધોરણનો એક વિદ્યાર્થી તળાવમાં ડૂબી ગયો હતો. તેને દિગપહાંડી હોસ્પિટલ લઈ જવામાં આવ્યો, જ્યાં ડોકટરોએ તેને મૃત જાહેર કર્યો.



# હું દિશા સાલિયાનને ઓળખતો નથીઃ શિવસેનાના આદિત્ય ઠાકરે

## 6 વર્ષ પહેલાં 12મા માળેથી પડવાથી મોત થયું હતું

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

શિવસેના (UBT) નેતા આદિત્ય ઠાકરેએ બુધવારે દાવો કર્યો હતો કે તેઓ દિવંગત અભિનેતા સુશાંત સિંહ રાજપૂતની પૂર્વ મેનેજર દિવંગત દિશા સાલિયાનને ક્યારેય ઓળખતા ન હતા અને ન તો તેમને ક્યારેય મળ્યા હતા.તેમણે એવો પણ આરોપ લગાવ્યો હતો કે કેટલાક લોકો રાજકીય ફાયદા માટે તેમને બદનામ કરવા માટે જાણી જોઈને તેમનું નામ આ મામલા સાથે જોડવાનો પ્રયાસ કરી રહ્યા છે.આદિત્યનું આ નિવેદન CBI દ્વારા ૨૦૨૦ના દિશા મૃત્યુ કેસમાં FIR નોંધાયાના ૨ દિવસ પછી આવ્યું છે. FIRમાં કોઈને આરોપી બનાવવામાં આવ્યા નથી. ૨૮ વર્ષીય સાલિયાનનું મૃત્યુ ૮ જૂન, ૨૦૨૦ના રોજ મુંબઈના મલાડ વિસ્તારમાં એક રહેણાંક ઈમારતના ૧૨મા માળેથી પડી જવાથી થયું હતું.પોલીસે એક્સિડેન્ટલ ડેથ રિપોર્ટ (ADR) નોંધ્યો હતો અને બાદમાં તપાસ પછી દાવો કર્યો હતો કે આ આત્મહત્યાનો મામલો હતો.



# યુરોપમાં હીટવેવઃ 35000નાં મોત

## આ વર્ષે ભીષણ ગરમીથી નદીઓ સુકાઈ અને જંગલોમાં આગ લાગી




**સિટી ન્યૂઝ@નવીદિલ્હી**

યુરોપમાં આ વર્ષે ભીષણ ગરમીએ મોટી તબાહી મચાવી છે. હીટવેવથી લગભગ ૩૫ હજાર લોકોના મોત થયા, ઘણી નદીઓ સુકાઈ ગઈ અને જંગલોમાં આગ લાગી. પરિસ્થિતિને જોતા યુરોપિયન યુનિયન (EU) હવે ગરમીને પણ મોટી આફત માનીને તેનો સામનો કરવા માટે નવી સિસ્ટમ બનાવવાની તૈયારી કરી રહ્યું છે.યુરોપિયન કમિશનના અધ્યક્ષ ઉર્સુલા વોન ડેર લેયેને બુધવારે કહ્યું કે આ વર્ષની ગરમીએ યુરોપને મોટો પાઠ શીખવ્યો છે.ભીષણ ગરમીના કારણે યુરોપની ઘણી મોટી નદીઓમાં પાણી ઓછું થઈ ગયું. તેમાં ડેન્યુબ, રાઈન અને ફ્રાન્સની ગારોન નદી પણ સામેલ છે.વોન ડેર લેયેને કહ્યું કે ઘણી હોસ્પિટલો અને વૃદ્ધોના કેર હોમ એટલી બધી ગરમીની ઝપેટમાં આવી ગયા કે ત્યાં રહેવું મુશ્કેલ બની ગયું. તેમના મતે, ગરમીની અસર શરૂઆતના અનુમાન કરતાં ઘણી વધારે રહી.આ વર્ષે યુરોપના ઘણા દેશોમાં જંગલોમાં ભયાનક આગ લાગી. તેનાથી લગભગ ૬.૬૦ લાખ હેક્ટર જમીન બળી ગઈ અને લગભગ ૧.૨ કરોડ ટન પાક બરબાદ થઈ ગયો. ઉર્સુલા વોન ડેર લેયેને કહ્યું કે EU હવે આગના સૌથી વધુ ખતરાવાળા ૧૦૦ વિસ્તારોની ઓળખ કરશે.આ વિસ્તારોમાં આગ લાગવાના ખતરા અને તેનાથી બચવાની તૈયારીની તપાસ કરવામાં આવશે. હાલમાં EU પાસે આગ ઓલવનારા વિમાનોનો નાનો કાફલો છે.આગ લાગવા પર EU સભ્ય દેશો વચ્ચે વિમાન, પાણીના ટેન્કર અને રાહતકર્મીઓ મોકલવાની વ્યવસ્થા પણ કરે છે. હવે આ આખી વ્યવસ્થાને વધુ મોટી કરવામાં આવશે. આ યોજનાને વધુ સારી બનાવવા માટે અનુભવી ફાયરફાઈટર્સ અને રાહત ટીમો પાસેથી પણ સૂચનો લેવામાં આવી રહ્યા છે. EU કમિશનના અધ્યક્ષ વોન ડેર લેયેને ગ્રીસમાં આગ ઓલવતી વખતે જીવ ગુમાવનાર ડેનમાર્કના હેલિકોપ્ટર પાયલટ રૂને કિંડલને પણ યાદ કર્યા.ઓગસ્ટમાં જંગલની આગ ઓલવવા દરમિયાન તેમનું મૃત્યુ થયું હતું. વોન ડેર લેયેને કહ્યું કે રૂનેએ બીજાનો જીવ બચાવવા માટે પોતાનો જીવ આપી દીધો. તેમના નામનો ઉલ્લેખ થતાં જ યુરોપિયન સંસદમાં લોકોએ તાળીઓ પાડી.

# દાઉદે મને નહોતી બોલાવી મંદાકિનીએ મૌન તોડ્યું

## મંદાકિનીએ જણાવ્યું દુબઈ સ્ટેડિયમની એ મુલાકાત પાછળનું સત્ય, જેણે તેનું જીવન બદલી નાખ્યું



બોલિવૂડમાં એક એવો સમય હતો જ્યારે ફિલ્મ ઉદ્યોગ પર અંડરવર્લ્ડનું ભારે વર્ચસ્વ હતું. તે સમયગાળા દરમિયાન અભિનેત્રી મંદાકિની અને અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમની એક તસવીરે ભારે ચર્ચા જગાવી હતી. કહેવાય છે કે આ તસવીર ૧૯૯૪ની ભારત-પાકિસ્તાન મેચની છે. હવે પહેલીવાર મંદાકિનીએ આ તસવીર અંગે મૌન તોડ્યું છે.વર્ષોથી આ તસવીર વિશે વિવિધ દાવાઓ કરવામાં આવ્યા છે અને બંને વચ્ચેના અંગત સંબંધો વિશેની અફવાઓ પણ વ્યાપકપણે ફેલાઈ હતી.

૧૯૯૪માં દુબઈના શારજાહ ક્રિકેટ સ્ટેડિયમમાં ભારત-પાકિસ્તાન વચ્ચે મેચ રમાઈ રહી હતી. તે સમયે સ્ટેડિયમમાં મંદાકિની અને દાઉદની તસવીરો સામે આવી હતી, જેણે મેચ કરતાં પણ વધુ ચર્ચા જગાવી હતી. ANI સાથે વાત કરતા મંદાકિનીએ સ્પષ્ટતા કરી હતી કે તે એક શો માટે દુબઈ ગઈ હતી, દાઉદને મળવા માટે નહીં.

## જીવનના અંતિમ પડાવે વૃદ્ધ માતાએ ભરણપોષણ માટે પોલીસ બોલાવી

# શર્મસાર સંબંધોઃ 4 દીકરાઓએ મા-બાપને વહેંચી ઘર બહાર કર્યા

**સિટી ન્યૂઝ@નવીદિલ્હી**

ઉત્તર પ્રદેશના બુલંદશહરમાં એક એવો મામલો સામે આવ્યો છે, જેણે સંબંધો અને પારિવારિક જવાબદારીઓ પર ગંભીર સવાલ ઊભો કરી દીધો છે. વર્ષ ૨૦૦3માં આવેલી પારિવારિક ફિલ્મ બાગબાનની એ ભાવુક કહાની, જેમાં વૃદ્ધ માતા-પિતાને તેમના બાળકો અલગ અલગ ભાગલા પાડી દે છે. કંઈક આવી જ તસવીર બુલંદશહરમાંથી સામે આવી છે. અહીં ચાર દીકરાઓએ વૃદ્ધ મા-બાપની જવાબદારી સંભાળવાની જગ્યાએ ભાગલા પાડી દીધા.બે દીકરા માને પોતાની સાથે લઈ ગયા, જ્યારે બે દીકરા પિતાને પોતાની પાસે લઈ ગયા. એક જ છત નીચે જિંદગીના પાંચ દાયકાથી વધારે સફર ખેડનારા વૃદ્ધ દંપતિને હવે જ્યારે અલગ અલગ ઘરોમાં રહેવું પડ્યું તો સંબંધોમાં તિરાડો પડી ગઈ. મામલો એટલો વધી ગયો કે વૃદ્ધ માએ પોતાના ૭૫ વર્ષીય પતિને કાયદાકીય રીતે અલગ થવા અને ભરણપોષણની માગને લઈ પોલીસ સ્ટેશન જવું પડ્યું.આખો કિસ્સો બુલંદશહરના સિકંદરાબાદ વિસ્તારમાંથી સામે આવ્યો છે, વૃદ્ધ દંપતિએ પોતાના વૈવાહિક જીવનના ૫૧ વર્ષ એકબીજા સાથે વિતાવ્યા. સુખ-દુખમાં સાથે રહ્યા અને પોતાના ચાર દીકરાનું ભરણપોષણ કરી ઉછેરી મોટા કર્યા.

# મહારાષ્ટ્રમાં ટ્રક-કાર વચ્ચે અકસ્માત : 4નાં મોત



**સિટી ન્યૂઝ@નાસિક**

મહારાષ્ટ્રના થાણે જિલ્લામાં મુંબઈ-નાસિક હાઈવે પર અટગાંવ પાસે બુધવારે ટ્રક અને કાર વચ્ચે થયેલી ટક્કરમાં ચાર લોકોના મોત થયા છે, જ્યારે સાત લોકો ઘાયલ થયા છે. તમામ ઘાયલોને શાહપુર જિલ્લા ઉપ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ ઘટનાની ઊંડાણપૂર્વક તપાસ શાહપુર પોલીસ સ્ટેશનની ટીમ કરી રહી છે. પોલીસ અધિકારીએ જણાવ્યું કે, આ ઘટનાનો ભોગ બનેલા તમામ લોકો મુંબઈના જોગેશ્વરી વિસ્તારના રહેવાસી હતા. તેઓ ત્ર્યંબકેશ્વરમાં ભગવાનના દર્શન અને પૂજા-અર્ચના કર્યા બાદ બુધવારે મુંબઈ પરત ફરી રહ્યા હતા. આ દરમિયાન અટગાંવ પાસે તેમની કાર રસ્તા કિનારે ઉભેલા એક ટ્રક સાથે અથડાઈ હતી. પોલીસે કારમાં ફસાયેલા લોકોને બહાર કાઢ્યા અને શાહપુર ઉપજિલ્લા હોસ્પિટલ પહોંચાડ્યા, જ્યાં ડોક્ટરોએ ચાર લોકોને મૃત જાહેર કર્યા. મૃતકોની ઓળખ શ્રીરામ જયસ્વાલ, આયુષ જયસ્વાલ, લાડો જયસ્વાલ અને સૂરજ જયસ્વાલ તરીકે કરવામાં આવી છે, જ્યારે ઘાયલોની ઓળખ શુભી જયસ્વાલ, શિવમ જયસ્વાલ, હશિક જયસ્વાલ, સુનીતા જયસ્વાલ, રાધિકા જયસ્વાલ, સતીશ જયસ્વાલ અને સંતરામ જયસ્વાલ તરીકે કરવામાં આવી છે. આ મામલે શાહપુર પોલીસ સ્ટેશનમાં અકસ્માતનો રિપોર્ટ નોંધવામાં આવ્યો છે. પોલીસ અકસ્માતના કારણોની તપાસ કરી રહી છે.

# માથા પર બાપ્પા સાથે બાઈકરે કર્યા જોખમી સ્ટન્ટ

**સિટી ન્યૂઝ@મુંબઈ**

ગણેશોત્સવના પાવન તહેવારના દિવસો દરમ્યાન સોશ્યલ મીડિયા પર લાઈક્સ અને વ્યુઝ મેળવવા માટે લોકો કેટલી હદે જઈ શકે છે એનો એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. માલેગાવના બાઈકર સ્ટન્ટમૅને ગણપતિબાપ્પાની મૂર્તિ સાથે ચાલતી મોટરસાઈકલ પર અત્યંત જોખમી કરતબો કર્યા છે. ભગત સિંહ નામના આ સ્ટન્ટમૅને ગણેશજીની મૂર્તિ માથા પર મૂકીને પૂરપાટ ઝડપે દોડતી બાઇક પર ઊભા રહીને આ જોખમી સ્ટન્ટ કર્યા હતા. એ સ્ટન્ટમાં યુવકે પોતાની સાથે બાપ્પાની મૂર્તિની ગરિમા અને પવિત્રતાને પણ જાણે દાવમાં મૂકી દીધી છે. સ્ટન્ટમૅને પહેલાં બાપ્પાની નાની મૂર્તિ પોતાના માથા પર મૂકી દીધી હતી. આટલું ઓછું હોય એમ ચાલતી બાઇકે આ મહાશય સીટ પર બન્ને પગ રાખીને સીધા ઊભા થઈ ગયા અને બૅલૅન્સ જાળવીને તેજ રફ્તારમાં બાઇક ચલાવવા લાગ્યા. જો સંતુલન જરા પણ બગડે તો પોતે પણ નીચે પડી જાય અને મૂર્તિ પણ ખંડિત થાય એટલી રફ્તારમાં તેણે બાઇક દોડાવી-દોડાવીને કરતબ બતાવ્યાં હતાં. જો સહેજ પણ ચૂક થઈ હોત તો બાપ્પાની મૂર્તિ ખંડિત થાત અને યુવકનો જીવ પણ જોખમમાં મુકાઈ જાત. સોશ્યલ મીડિયા યુઝર્સે પોલીસતંત્રને ટૅગ કરીને આવા જોખમી સ્ટન્ટ કરનારાઓ વિરુદ્ધ ધાક બેસાડતી કાનૂની કાર્યવાહી કરવાની માગણી કરી છે.





# વાઘ બકરી ટી ગ્રુપના ચેરમેન પિયૂષભાઈ દેસાઈનું નિધન

**સિટી ન્યૂઝ@અમદાવાદ**

ભારતના જાણીતા ચા ઉત્પાદક ગ્રુપ Wagh Bakri Tea Groupના ચેરમેન પિયૂષભાઈ દેસાઈનું ૧૫ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ અમદાવાદમાં ૮૭ વર્ષની વયે નિધન થયું છે. તેઓ છેલ્લા કેટલાક સમયથી બીમાર હતા. હાર્ટ ઍટેક આવ્યા બાદ તેમને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. પિયૂષભાઈ દેસાઈની અંતિમયાત્રા ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ અમદાવાદના મીઠાખળી વિસ્તારમાં આવેલા તેમના નિવાસસ્થાન 'પુનિત' બંગલોઝથી નીકળી હતી. પિયૂષભાઈ દેસાઈએ વાઘ બકરી ટી ગ્રુપ સાથે જોડાઈને છ દાયકાથી વધુ સમય ચા ઉદ્યોગમાં વિતાવ્યો હતો. તેઓ કુશળ ટી ટેસ્ટર (Tea Taster) તરીકે પણ જાણીતા હતા. ચાની ગુણવત્તા અને ઉત્પાદન અંગેની તેમની સમજને કારણે વાઘ બકરી બ્રાન્ડના વિસ્તરણમાં તેમણે મહત્વની ભૂમિકા ભજવી હતી. તેમના નેતૃત્વ અને લાંબા અનુભવ દરમિયાન વાઘ બકરી બ્રાન્ડે ભારતમાં જ નહીં પરંતુ વિદેશમાં પણ પોતાની ઓળખ મજબૂત બનાવી. ગ્રુપનું ટર્નઓવર ૨,૦૦૦ કરોડથી વધુ સુધી પહોંચ્યું અને પેકેજ્ડ ચાના ક્ષેત્રમાં વાઘ બકરી દેશની અગ્રણી કંપનીઓમાં સામેલ થઈ.

પિયૂષભાઈ દેસાઈની અંતિમયાત્રા ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ અમદાવાદના મીઠાખળી વિસ્તારમાં આવેલા તેમના નિવાસસ્થાન 'પુનિત' બંગલોઝથી નીકળી હતી. ત્યારબાદ વી.એસ. હોસ્પિટલ (VS Hospital) ખાતે આવેલા સ્મશાનગૃહમાં તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા.

તેમના નિધનના સમાચારથી ગુજરાતના વેપાર અને ઉદ્યોગ જગતમાં શોકની લાગણી પ્રસરી હતી. ચા ઉદ્યોગ સાથે સંકળાયેલા લોકો ઉપરાંત અનેક ઉદ્યોગપતિઓ અને વ્યવસાયિક ક્ષેત્રના અગ્રણીઓએ પિયૂષભાઈ દેસાઈના નિધનને લઈને શોક વ્યક્ત કર્યો હતો.

# રાજકોટમાં 4 દિવસ ગોંધી રાખી સગીરાને દેહ વ્યાપારમાં ધકેલી




### » પાડોશી મહિલા અને તેની બહેનપણી કેટરર્સના બહાને લઈ ગઈ હતી

### » ગ્રાહક દીઠ 500 આપતા : આજી ડેમમાં બે મહિલા સામે નોંધાતો ગુનો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના આજીડેમ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કેટરર્સમાં કામ અપાવવાના બહાને ૧૨ વર્ષની સગીરાને લાલચ આપીને દેહવ્યાપારના દૂષણમાં ધકેલવાની એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. પાડોશમાં રહેતી મહિલા તેની બહેનપણી સાથે મળીને સગીરાને ચાર દિવસ સુધી એક મકાનમાં રાખીને તેની પાસે જબરદસ્તીથી દેહવ્યાપાર કરાવતી હતી, જેમાં ગ્રાહક દીઠ સગીરાને રૂ.૫૦૦ આપવામાં આવતા હતા.

બાળકી સાથે કંઈક ખોટું થઈ રહ્યું હોવાની શંકા જતાં અન્ય એક પાડોશી મહિલાએ તેની માતાને જાણ કરી હતી. પરિવારે પૂછપરછ કરતા રડતાં-રડતાં દીકરીએ પોતાની આપવીતી જણાવી હતી. આ અંગે જાણ થતાં જ આજીડેમ પોલીસે કાર્યવાહી કરીને પોક્સો અને અન્ય સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધીને બંને આરોપી મહિલાઓની ધરપકડ કરી છે.૧૧ સપ્ટેમ્બરે સવારના ૧૧ વાગ્યે પાડોશી મહિલા સગીરાને કેટરીંગના કામની લાલચ આપી ગોંડલ ચોકડી અને ત્યાંથી રિક્ષામાં આજીડેમ ચોકડી લઈ ગઈ હતી, જ્યાંથી એક યુવક પોતાના એક્ટિવા પર બંનેને માંડા ડુંગર વિસ્તારના એક મકાનમાં લઈ ગયો હતો. આ મકાનમાં સતત ચાર દિવસ સુધી પાડોશી મહિલા અને તેની બહેનપણી અલગ-અલગ પુરુષોને બોલાવીને સગીરા સાથે બળજબરીથી શારીરિક સંબંધ બંધાવતી હતી, જેના બદલામાં તેઓ તે લોકો પાસેથી નાણાં વસૂલીને સગીરાને માત્ર રૂ. ૫૦૦ આપતી હતી.પીડિતાની માતા કારખાનામા મજુરી કામ કરે છે અને પિતા માર્કેટીંગ યાર્ડમાં મજુરીકામ કરે છે. દંપતીને સંતાનમા બે દીકરીઓ છે, જેમા મોટી દીકરી ૧૨ વર્ષની અને નાની દીકરી ૫ વર્ષની છે. ગત ૧૪ સપ્ટેમ્બર ૨૦૨૬ના બપોરે દોઢ વાગ્યા આસપાસ માતા કામ પર હતી ત્યારે પાડોશી મહિલાનો ફોન આવ્યો હતો. ’તમારી દીકરી ક્યાં છે’ તેમ પુછતા દાદીના ઘરે છે તેવુ કહેતા પાડોશીએ કહ્યું- દીકરી દાદીના ઘરે નથી પરંતુ તે કોઈક સાથે ક્યાક જાય છે.આ પછી પાડોશી મહિલાએ કહ્યું કે, ’તમારી દીકરીને બાજુની સોસાયટીમા રહેતા મહિલા પોતાની સાથે લઈને ક્યાંક જાય છે, તમે જલદી ઘર તરફ આવો’. જેથી માતા તરત જ કારખાનેથી નીકળી ઘર બાજુ ગઈ હતા. સગીરાને ગોંડલ ચોક નજીક ભારત પેટ્રોલપંપ ખાતે લઇ ગયાની જાણ થતા આજુબાજુમા શોધખોળ કરી તેમ છતા દીકરી ન મળતા માતા-પિતા પરત ઘરે આવી ગયા હતા. માતા ઘરના કામ કરતા હતા, તે દરમ્યાન સાંજના ૬ વાગ્યા આસપાસ બાજુની સોસાયટીમા રહેતા મહિલા દીકરીને લઈને ઘરે આવ્યા હતા.પાડોશી મહિલાને માતાએ પુછ્યુ કે, મારી દીકરીને ક્યા લઇ ગયા હતા તો તેમણે જણાવ્યું કે, હું તમારી દીકરીને કેટરીંગના કામમા લઇ જાવ છુસ તેમ કહી રોકડા રૂ.૫૦૦ આપ્યા હતાં. જેથી માતાએ કેટરીંગ વાળાના નંબર માગતા તેને નંબર આપવાની ના પાડીને ઘરે જતી રહી હતી. ત્યારબાદ સગીરાના પિતા ઘરે આવ્યા અને માતાએ આ બનાવની વાત કરી હતી. બાદમાં માતા-પિતાએ દીકરીને પૂછ્યુ કે તને પાડોશી ક્યા લઈ ગયા હતા, જેથી તે જોરજોરથી રડવા લાગી હતી. આથી માતાએ દીકરીને છાની રાખી અને ડર્યા વગર જે હોઈ તે સાચુ કહેવા કહ્યું અને સગીરાએ આપવીતી જણાવી હતી. હાલ સમગ્ર મામલે આજીડેમ પોલીસે પાડોશી મહિલા અને તેની બહેનપણી વિરુદ્ધ પોક્સો સહિતની કલમ હેઠળ ગુનો નોંધી બન્નેની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# લાતી પ્લોટમાં ગોડાઉનમા નકલી તમાકુ બનાવનાર વેપારી બંધુ સામે ગુનો

## એસઓજીએ પખવાડિયા પૂર્વે પાડ્યો હતો દરોડો : 1.72 લાખનો મુદામાલ કબ્જે

**સિટી ન્યૂઝ@રાજકોટ**

કુવાડવા રોડ પર આવેલા લાતીપ્લોટમાં ચૌહાણવાડી પાસે આવેલ હિરેન પર્ફ્યુમરી વર્ક્સ નામના ગોડાઉનમાં દરોડો પાડી રૂ.૧.૭૨ લાખની કિંમતના ડુપ્લિકેટ તમાકુના જથ્થા સાથે વેપારી બંધુને ઝડપી લઈ ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગમાં રિપોર્ટ મોકલી વધુ તપાસ કરતા વેપારીએ તમાકુના પેકીંગમાં કોઈ ચેતવણી લખી ન હોય સરકારના ગાઈડ લાઈન મુજબ ગુનો બનતો હોય બીડીવીઝન પોલીસે ગુનો નોધી. ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગના રિપોર્ટ બાદ વધુ કાર્યવાહી કરવામાં આવશે.પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ લાપીપ્લોટમાં ગોડાઉનમાં ડુપ્લીકેટ તંબાકુ બનાવતા હોવાની માહીતીને આધારે પીઆઈ ચૌધરી સહિતની ટીમે દરોડો પાડી ગોડાઉન માલિકની પુછતાછ કરતા તે આશાપુરા રોડ પર રહેતા હિરેન કાંતીલાલ સોનેજી અને તેનો નાનો ભાઈ કાંતા વિકાસ ગૃહ મેઈન રોડ પર રહેતો રાજુભાઈ કાંતીભાઈ સોનેજીની પુછતાછ કરી. તલાસી લેતા ગોડાઉનમાંથી ૪૦.૫૦ કિલો તૈયાર અને છૂટક તમાકુનો જથ્થો, ૧૫૦ લીટર લિક્વિડ પેરાફીન ઓઈલ, ૨૬ કિલો સુગંધિત પ્રવાહી, ૮૦૦ ગ્રામ ચાંદીનું વરખ,પાનમાં વપરાતા મુખવાસ સહીતની વસ્તુઓ મળી આવતા પોલીસે બન્ને વેપારી ભાઈઓની અટકાયત કરી તેની પાસેથી રૂ.૧.૭૨ લાખની મતા કબજે કરી વધુ તપાસ હાથ ધરી હતી. પોલીસની તપાસમાં પકડાયેલા તમાકુના જથ્થાના પકીંગ ઉપર સરકારની ગાઈડ લાઈન મુજબ ચેતવણી દર્શાવી ન હોય જે અંગે એસઓજીના જમાદાર જયદીપસિંહની ફરીયાદ ઉપરથી બીડીવીઝન પોલીસે ગુનો નોધી વધુ સેમ્પલના રિપોર્ટ આવ્યા બાદ વધુ કાર્યવાહી કરાશે.

# જસદણમાં સીટ કવરનો વેપારી 692 ગ્રામ ગાંજા સાથે ઝડપાયો

## રાજકોટ જિલ્લાની એન્ટી નાર્કોટિક્સ વિંગનો દરોડોઃ સપ્લાયરની શોધખોળ શરૂ

**સિટી ન્યૂઝ@જસદણ**

જસદણમાં ખાનપર રોડ પર આવેલી સીટ કવરની દુકાનમાં રાજકોટ ગ્રામ્ય એન્ટી નાર્કોટિક્સની ટીમે દરોડો પાડી ગાંજાનો જથ્થો ઝડપી લીધો હતો. સીટ કવરની આડમાં અહીં ગાંજાનો વેપલો થતો હતો. પોલીસે સીટ કવરના ધંધાર્થીને ઝડપી લઇ પુછતાછ કરતા જસદણના વડલાવાડીમાં રહેતા શખસે ગાંજો સપ્લાય કર્યાનું ખુલ્યું હતું. જેથી પોલીસે ૬૯૨ ગ્રામ ગાંજો અને મોબાઇલ સહિતનો મુદ્દામાલ કબજે કરી માદક પદાર્થ સપ્લાય કરનાર શખસને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે.રાજકોટ એસપી વિજયસિંહ ગુર્જર દ્વારા જિલ્લામાં માદક પદાર્થોના ઉત્પાદન, સંગ્રહ, પરિવહન, વેચાણ તથા હેરફેરની પ્રવૃત્તિ કરતા શખસો સામે કાયદેસરની કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હોય જેને લઇ એન્ટી નાર્કોટિક્સ વિંગના પીઆઇ ખાચર, પીએસઆઇ ઝાલા હેડ કોન્સ્ટેબલ વિજયભાઈ વેગડ, સુરપાલસિંહ જાડેજા, યોગરાજસિંહ જાડેજા, કોન્સ્ટેબલ ચિરાગભાઈ કોઠીવાર, હિતેન્દ્રસિંહ ગોહિલ તથા એસોજીના હેડ કોન્સ્ટેબલ ચંદુભાઈ પલાળીયા, મયુરભાઈ વિરડા અને કોન્સ્ટેબલ વિજયગીરી ગોસ્વામી સહિતની ટીમ પેટ્રોલિંગમાં હતી દરમિયાન હેડ કોન્સ્ટેબલ વિજયભાઈ વેગડને હકીકત મળી હતી કે, જસદણમાં ખાનપર રોડ પર આવેલી ડિલક્સ સીટ કવર નામની દુકાનમાં ધંધાર્થી સીટ કવરની આડમાં માદક પદાર્થનો વેપલો કરે છે. આ હકીકતના આધારે અહીં દરોડો પાડ્યો હતો. પોલીસે અહીં દુકાનમાં તપાસ કરતા



રૂપિયા ૩૪,૬૦૦ ની કિંમતનો ૬૯૨ ગ્રામ ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ગાંજાનો આ જથ્થો, મોબાઈલ ફોન સહિત રૂપિયા ૩૯,૬૦૦ નો મુદ્દામાલ કબજે કરી ધંધાર્થી અફઝલ હનીફભાઈ સોલંકી (ઉ.વ. ૨૫ રહે. હાલ જસદણ ગેબનશા સોસાયટી શેરી નંબર ૨, મૂળ કોટડાપીઠા તા. બાબરા) ની અટકાયત કરી હતી. પોલીસે આ શખસની પૂછતાછ કરતા ગાંજાનો જથ્થો તેને જસદણના વડલાવાડીમાં રહેતા મનોજ ઉર્ફે જોન મહેશભાઈ જેઠવાએ આપ્યો હોવાની કબુલાત આપી હતી. જેથી પોલીસે આ બંને શખસો સામે જસદણ પોલીસ સ્ટેશનમાં એનડીપીએસ એક્ટની કલમ હેઠળ ગુનો દાખલ કરાવી માદક પદાર્થની સપ્લાય કરનાર મનોજ ઉર્ફે જોનને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે.ગાંજા સાથે ઝડપાયેલા અફઝલ સોલંકી સામે અગાઉ બાબરામાં મારામારીનો ગુનો નોંધાઈ ચૂક્યો છે. જ્યારે મનોજ ઉર્ફે જોન સામે જસદણ, ભાડલા અને ગોંડલ પોલીસ સ્ટેશનમાં દારૂ- જુગાર સહિતના છ ગુના નોંધાઇ ચૂક્યા છે.

### છરીના ઘા ઝીંકી દેતાં યુવકનાં આંતરડા બહાર નીકળી ગયા

## જંગલેશ્વરમાં સામે જોવા બાબતે યુવકની હત્યાનો પ્રયાસ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

શહેરને પોલીસની ઓસરી ગયેલી ધાકને કારણે લુખ્ખાઓ બેફામ બન્યા છે. પોલીસના ડર વગર લુખ્ખાઓ ગુના આચરી રહ્યા છે. આમ છતાં ઉચ્ચ પોલીસ અધિકારીઓના પેટનું પાણી હલતું નથી. શહેરમાં લુખ્ખાગીરીની વધુ એક ઘટના બહાર આવી છે. જંગલેશ્વરના રાધાકૃષ્ણ નગર શેરી નં.૧૦માં સામે જોવા જેવી બાબતે આરોપી સોહીલ અજીત હીંગોરાએ મૂળ યુપીના જુબેર અબ્દુલરજાક સૈયદ (ઉ.વ.૨૪)ને છરીના ઘા ઝીંકી હત્યાનો પ્રયાસ કર્યો હતો રાજકોટના ભક્તિનગર પોલીસે ગુનો નોંધી અગાઉ પણ ખૂનની કોશિષ સહિતના ગુનામાં પકડાયેલા આરોપી સોહિલને સકંજામાં લીધો હતો.



મૂળ યુપીના અલીગઢનો નઈમ સૈયદ (ઉ.વ.૨૪) રાધા કૃષ્ણનગર શેરી નં. ૧૦માં રહે છે, બફની મજુરીનું કામ કરે છે. તેણે પોલીસને જણાવ્યું કે, બપોરે બફની મજુરી કરતો તેના ગામનો જુબેર તેના ઘરે આવ્યો હતો. શેરીમાં બંને વાતચીત કરતા હતા. તેણે જુબેરને ઘરે જમવાનું કહેતા ના પાડી રવાના થયો હતો.તે સાથે જ તે ઘરમાં ગયા બાદ જુબેર ઉપર આ વિસ્તારમાં જ રહેતા આરોપી સોહિલે સામે જોવા બાબતે ઝઘડો કરી છરીના ત્રણ ઘા ઝીંકી દીધા હતા, જેમાંથી ગુપ્તાંગની ૫ ઉપર ઉપર લાગેલા ઘાથી જુબેરના આંતરડા બહાર નીકળી ગયા હતા. તેની પત્ની હસીનાએ તેને જાણ કરતાં તે ઘરની બહાર દોડી આવ્યો હતો. જોયું તો સોહિલના હાથમાં મોટી છરી હતી, જ્યારે જુબેર લોહીલુહાણ હાલતમાં પડ્યો હતો. તેને સોહિલે કહ્યું કે, આ મારી સામે જોતો હતો એટલે તેને છરી મારી છે, અહીં મારું જ ચાલશે. બાદમાં જતો રહ્યો હતો. તત્કાળ તે જુબેરને લઈ સિવિલ પહોંચ્યો હતો. જુબેરને જ્યારે સ્ટ્રેચરમાં ઇમરજન્સી વોર્ડમાં લઈ જવાતો હતો ત્યારે તેને મારું ઓપરેશન કરવાનું છે, મને બચાવી લેજો' તેવી કાકલુદી કરતો હતો.

### ટ્રક રેઢો મૂકી નાસી છૂટેલા ડ્રાયવરની શોધખોળ

## કાગદડી પાસે વાછકપરના યુવાનનું ટ્રકની ઠોકરે મોત

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ-મોરબી હાઇવે પર કાગદડીના પાટીયા પાસે જીવલેણ અકસ્માત સર્જાયો છે. જેમાં વાછકપરનો યુવાન બાઇક સહિત ટ્રકની ઠોકરે ચડી જતાં ગંભીર ઇજા થતાં મોત થયું છે. આ યુવાન ઘરેથી બાઇક હંકારી કાગદડીના પાટીયે ચા પીવા આવતો હતો ત્યારે આ બનાવ બન્યો હતો.

ટંકારા તાબેના વાછકપર ગામે રહેતો અશોક બુટાભાઇ ફાંગલીયા ઉ.૨૧ નામનો યુવાન સાંજે સાડા આઠેક વાગ્યે રાજકોટ મોરબી હાઇવે પર કાગદડીના પાટીયા પાસે બાઇક હંકારીને જતો હતો ત્યાર ટ્રકની ઠોકરે ચડી જતાં ગંભીર ઇજા થઇ હતી. બનાવને પગલે લોકોના ટોળા ભેગા થઇ ગયા હતાં. બાઇક ટ્રક નીચે ફસાઇ ગયું હોઇ ચાલક ટ્રક મુકી ત્યાંથી નાસી છૂટ્યો હતો. લોકોએ બાઇકચાલક યુવાનને ગંભીર ઇજા સાથે સારવાર માટે ૧૦૮ મારફત રાજકોટ સિવિલ હોસ્પિટલે ખસેડયો હતો. જો કે અહિ સારવાર દરમિયાન તેનું મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે કુવાડવા રોડ પોલીસને જાણ કરી હતી.

પોલીસે તપાસ શરૂ કરતાં મૃતકના સગા સબંધી પણ રાજકોટ પહોંચી ગયા હતાં. મૃત્યુ પામનાર યુવાન વાછકપર રહેતો અશોક ફાંગલીયા હોવાનું ઓળખાયુ હતું. પોલીસે જરૂરી કાર્યવાહી કરી મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. મૃત્યુ પામનાર અશોક ચાર ભાઇમાં ત્રીજો હતો અને પિતા સાથે પશુપાલન કરી ગુજરાન ચલાવતો હતો. તે અપરિણીત હતો.

# હવે ગાંધીનગરથી આવતા ફોન બંધ થઈ ગયા હતા, પણ ત્યારે જ કોન્સ્ટેબલ એક માહિતી લઈ જેસીપીની ચેમ્બરમાં આવ્યો

ગોવીંદને અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ માં આવ્યા ૧ અઠવાડીયું થઈ ગયુ હતું, તે રોજ સવારે ૬ વાગ્યે આવી જાય અને રાતના ૧૦ વાગ્યા સુધી બેસી ક્રાઈમ બ્રાન્ચ ની સાયબર લેબમાં કામ કર્યા કરતો હતો. તેનો ક્રાઈમ બ્રાન્ચ ના સ્ટાફ સાથે ખાસ સંબંધ પણ ન્હોતો તેના કારણે તે સ્ટાફ સાથે કામ સિવાય કંઈ વાત કરતો ન્હોતો. સિન્હા Sinha અકળાઈ રહ્યા હતા, હવે ક્રાઈમ બ્રાન્ચ માં નિરવ શાંતિ હતી. જાડેજાને કોઈ પણ શંકાસ્પદને લઈ આવતા ન્હોતા, કોઈની મારપીટ થતી ન્હોતી. હવે ક્રાઈમ બ્રાન્ચ માં કોઈ પણ બ્લાસ્ટ કેસ ની વાત કરતુ ન્હોતુ. ગાંધીનગર થી આવતા ફોન પણ બંધ થઈ ગયા હતા. અખબારો હવે બ્લાસ્ટમાં ઘાયલોની હ્યુમન સ્ટોરી કરવા સિવાય કોઈ બીજી સ્ટોરી કરતા ન્હોતા.


ક્રાઈમ બ્રાન્ચ આવતા પત્રકારો પણ હવે બ્લાસ્ટ કેસ અંગે સિન્હાને કંઈ પુછતાં ન્હોતા. તે દિવસે સાંજે જેસીપી ગૌડ નો કમાન્ડો ડીસીપી ને બોલાવવા આવ્યો ત્યારે પહેલા તો તેમને ગુસ્સો આવ્યો, નક્કી જેસીપી પાછુ બ્લાસ્ટ કેસ નું પુછશે અને તેમની પાસે તેનો કોઈ જવાબ ન્હોતો પણ સાહેબ હતા તેના કારણે જવુ તો પડે તેમ જ હતું. તે ઉભા થયા અને જેસીપી ની ચેમ્બરમાં ગયા, તે ગયા તે પહેલા ટેબલ ઉપર બે કોફી મુકી દેવામાં આવી હતી. જેસીપી હળવા મુડમાં હતા તેમણે કહ્યુ બસ યુહી કોફી પીને બુલાયા, સિન્હા Sinha ને આશ્ચર્ય થયુ, પછી આખી દુનિયાના ગપ્પા ચાલુ થયા હતા. અચાનક તેમને કંઈક યાદ આવ્યુ હોય તેમ તેમણે બેલ મારી કમાન્ડોને બોલાવી કહ્યુ પેલા ગોવીદ ને સાયબર લેબમાંથી બોલાવ તે મને મળવા માગતો હતો.

સિન્હા Sinha વિચારમાં પડ્યા એટલે ગૌડે ફોડ પાડતા કહ્યુ સુબહ મેં ડીજી સર કે પાસ બેઠા થાં, તબ ગોવીંદ કા ફોન આયા થા, વો કુછ બતાના ચાહતા થાં, ચલો અચ્છા હૈ, તુમ ભી તો ઉસે મીલ લેતે, પાછા ગપ્પા ચાલુ થયા. ત્યાં જ ગોવીંદ નોક કરી આવ્યો. જેસીપી એકદમ ઉભા થઈ ગયા, સિન્હા જોવા લાગ્યા કે એક કોન્સ્ટેબલ આવે અને આઈજીપી ઉભા થઈ જાય, જેસીપી એ ગોવીંદ સાથે હાથ મીલાવ્યો અને તેને બેસવા પણ કહ્યુ, ગોવીંદે ડીસીપી ને સલામ કરી અને તેમની બાજુમાં રહેલી




ખુરશીને ડીસીપી થી થોડી દુર કરી અને પછી તે પણ ત્યાં બેઠો. જેસીપીએ તરત તેના માટે પણ કોફી મંગાવી અને પછી વાત શરૂ કરતા કહ્યુ બોલ ગોવીંદ તારો ફોન હતો. ગોવીંદે તરત પોતાના હાથમાં રહેલા કાગળો ટેબલ ઉપર મુકતા કહ્યુ સર આ કેટલાક સસ્પેક્ટના સીડીઆઈઆર છે.ડીસીપી એ જોયુ તો ૫ મોબાઈલ નંબરની કોલ ડીટેઈલ હતી. ગોવીંદે કોલ ડીટેઈલ તરફ ઈશારો કરતા કહ્યુ સર આ મારો ડાઉટ છે, આ ૫ નંબરની ડીટેઈલ Detail તમે જુવો આ તમામ ફોન એક દિવસે ઓપરેટ થયા છે, તે પણ બનાવના દિવસે. જો કે પાંચે ૫ નંબરના ટાવર લોકેશન અલગ છે પણ તે કેટલાંક બ્લાસ્ટ સ્પોટની નજીકના છે. અત્યારે મારુ પહેલુ અનુમાન છે કે આ ૫ નંબરનો ઉપયોગ આંતકી કર્યો હશે, કારણ તેઓ સ્પોટની નજીક છે,.તરત ડીસીપી સિન્હા Sinha એ પ્રશ્ન કરતા પુછ્યુ કે સ્પોટની નજીકના ટાવરમાંથી હજારો ફોન એક વખતમાં થયા હશે તેમાં આ ૫ નંબરો ઉપર જ કેમ શંકા કરવાની? ગોવીંદ હસ્યો તેણે કહ્યુ સર તમારી વાત સાચી છે મને પણ આવો પ્રશ્ન થયો હતો. પણ ૫ નંબર ઉપર શંકા કરવાનું પહેલુ કારણ કે આ તમામ ૫ નંબર બ્લાસ્ટના ૬ દિવસ પહેલા જ એક્ટિવ થયા છે, પણ ૬ દિવસ સુધી આ નંબર ઉપરથી કોઈ ફોન આઉટ ગોંઈગ નથી અને ઈનકમિંગ પણ નથી.

ગોવીંદે જેસીપી ની સામે જોયુ, તેને લાગ્યુ કે જેસીપી તેની વાત ઉપર ભરોસો કરી રહ્યા છે. સર બ્લાસ્ટ Blast થયો તેની ૫ થી ૬ મિનિટ પછી આ પાંચે નંબરે એકબીજા સાથે વાત કરી છે પણ તમે તેનો કોલ ધુરેશન જોવો, તેમ કહી કેટલાક આંકડા ઉપર આંગળી મુકતા કહ્યુ કોઈ કોલ ૨૪ સેકન્ડ તો કોઈ ૨૮ સેકન્ડ જેવી ટુંકી વાત કરે છે, ત્યાર બાદ આ ફોન બંધ થઈ જાય છે અને ત્યાર પછી આ નંબર ઉપર કોઈ એક્ટિવિટી થઈ નથી. ડીસીપી સિન્હા Sinha ને લાગ્યુ કે ગોવીંદ ની શંકા સાચી છે. તેમણે ત્યારે જ પુછી નાખ્યુ ગોવીંદ તે આ નંબરો કેવી રીતે શોધ્યા, ગોવીંદે પોતાનું ઓપન સિક્રેટ જાહેર કરતા કહ્યુ સર મે બધા જ નંબરો મેન્યુઅલી ચેક કર્યા છે. જેસીપી એ પુછ્યુ લાખો નંબરો મેન્યુઅલી ચેક કર્યા? ગોવીંદે હા પાડી.



પ્રશાંત દયાળ

ગોવીંદે પોતે જે માને છે તેનો વધુ એક પુરાવો આપતા કહ્યુ સર પાંચે SimCard જુહાપુરા Juhapur ની એક દુકાનમાંથી ખરીદવામાં આવ્યા છે પણ મોબાઈલ કંપનીએ ડોક્યુમેન્ટ વેરીફાઈ Document verification કર્યા વગર ફોન એક્ટિવ કરી દીધા છે. સાચુ પુછો તો ડોક્યુમેન્ટ વગર સીમકાર્ડ ઈસ્યુ થયા છે. એટલે કદાચ આપણે દુકાનદાર સુધી પહોંચી પણ જઈએ તો પણ ફોનનો ઉપયોગ કરનાર ખરેખર કોણ હતો તે શોધવુ મુશ્કેલ છે. ડીસીપી નો ચહેરો પડી ગયો, તેમને લાગ્યુ કે ગોવીંદ હવે છેક નજીક લઈ ગયો છે, જેસીપી એ ગુજરાતમાં રહી તળપદી ગુજરાતી શીખી ગયા હતા. તેમણે કહ્યુ ગોવીંદ તેનો કોઈ તો તોડ હશેને? ગોવીંદ હસ્યો, સર તમે મારી ઉપર ભરોસો મુક્યો છે તો મારે તેમા પાસ તો થવુ પડને, સર આ ૫ નંબર બ્લાસ્ટના દિવસે ચાલુ થયા અને તે જ દિવસે બંધ થઈ ગયા છે.

આપણી પાસે અત્યારે જુહાપુરા નો દુકાનદાર છે, આપણે ત્યાં સુધી તો ગયા પણ આ ૫ નંબર કોણે વાપર્યા હતા તેની પણ મેં તપાસ કરી. સર, આરોપીની એક નાનકડી ભુલ આપણને મદદ કરી ગઈ છે. આ ૫ નંબરના સીમકાર્ડ જે મોબાઈલમાં હતા તે પાંચે ઈન્સ્ટુમેન્ટના મે આઈએમઈઆઈ નંબર IMEI number ટ્રેક કર્યા તો હવે તેમા બીજા સીમકાર્ડ નાખી તે ફોનનો ઉપયોગ થઈ રહ્યો છે. ડીસીપી એકદમ ઉછળી પડ્યા, ગોવીંદે તેમને એકદમ શાંત કરતા કખ્યુ સર આ પાંચે મોબાઈલ ઈન્સ્ટુમેન્ટ અલગ અલગ રાજ્યમાં એક્ટિવ છે જેમાં કેરળ, મધ્યપ્રદેશ અને હૈદરાબાદ Madhya Pradesh and Hyderabad માં એક્ટિવ છે. મેં હજી એક પણ નંબરને ડિસ્ટર્બ કર્યા નથી. જેસીપી અને ડીસીપી ની આંખો એક થઈ બંન્ને એકબીજાને કહ્યા વગર સમજી ગયા કે કેસ હવે તેમના હાથમાં છે.

બસ કોઈ ભુલ થાય નહીં અને એક પછી એક માણસોને ઉપાડી લેવામાં આવે તેના માટે અલગ અલગ ટીમોની જરૂર હતી. જેસીપી એ ગોવીંદ સામે જોઈ પુછ્યુ ગોવીદ આ વાત તે ક્રાઈમ Crime માં બીજા કોઈ સાથે શેર તો કરી નથી ને? ગોવીંદે કહ્યુ કોઈની સાથે નહીં, બસ પહેલી વખત તમારી સાથે વાત કરી રહ્યો છું. જેસીપી એ ડીસીપી ને કહ્યું દેખો સ્માર્ટ ઓપરેશન હોના ચાહીયે, કોઈ ગલતી મુઝે મંજુર નહીં. ડીસીપી એકદમ ટટ્ટાર થઈ ગયા, તેમણે કહ્યુ સર, જેસીપી એ કહ્યુ દેખો સબ સે પહેલે વો જુહાપુરા મેં સીમકાર્ડવાલા હૈ ઉસે ઉઠા લો ઔર આજ રાત કો બાય એર ટીમ એમપી, હૈદરાબાદ ઔર કેરળ રવાના કરદો ઔર સભી ઓપરેશન હમ એકલે હી કરગે , લોકલ પુલીસ Local Police કો સાથ મેં લેના નહીં હૈ, ધ્યાન રહે, યહ બાત મીડિયા તક પહોંચે નહીં. (ક્રમશઃ)

સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...



## અંબાજી માતાના ધામમાં આસ્થાનો અનાદર

# ભક્તોના દાનના નાણાંથી ભાજપનો રાજકીય જલસો ચંદા ચોરી સમાન

### વિશ્વભરના કરોડો શ્રધ્ધાળુઓનું અપમાન કરતી ભાજપ સરકાર, ધાર્મિક પરંપરાઓ નેવે મૂકીને કલેક્ટર અને ટ્રસ્ટ દ્વારા આસ્થાનો વેપાર : હેમાંગ રાવલ

**સિટી ન્યૂઝ@અંબાજી**

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા હેમાંગ રાવલે રાજીવ ગાંધી ભવન, અમદાવાદ ખાતે એક પત્રકાર વાર્તાને સંબોધન કરતા જણાવ્યું હતું કે, ગરીબ, મધ્યમવર્ગ અને દેશ-વિદેશના કરોડો શ્રધ્ધાળુઓ પોતે પેટે પાટા બાંધીને પોતાના આરાધ્ય મા અંબાના ચરણોમાં જે એક-એક રૂપિયો શ્રધ્ધાપૂર્વક અર્પણ કરે છે, તે પવિત્ર દાનની રકમનો ક્યારે દૂરઉપયોગ અટકશે? અંબાજી માતાના ધામમાં ભક્તોના દાનના નાણાં પર રાજકીય રોટલા શેકાઈ રહ્યા છે, જેનાથી સમગ્ર દેશના કરોડો શ્રધ્ધાળુઓની લાગણી દુભાઈ છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ અંબાજી માતા મંદિર ખાતે ભાજપના રાજકીય ઉત્સવ અને તેના માટે ભક્તોના પૈસાના દુરુપયોગ સામે ભારે આક્રોશ વ્યક્ત કરે છે અને આ ઘટનાક્રમ સામે સખત શબ્દોમાં વિરોધ નોંધાવે છે.

ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ૭૬ વર્ષ પૂર્ણ થાય ત્યારે તેમના નિરોગી અને ૧૦૦ વર્ષથી વધુના દીર્ઘાયુ જીવન માટે દેશનો દરેક નાગરિક અને કોંગ્રેસ પક્ષ પણ મા અંબાના ચરણોમાં પ્રાર્થના કરે છે. અમે પ્રધાનમંત્રીના જન્મદિવસની શુભકામનાઓના વિરોધી નથી, પરંતુ અમારો વિરોધ એ વાતે છે કે વડાપ્રધાનના જન્મદિવસની ઉજવણી એ કોઈ સરકારી કે ધાર્મિક કાર્યક્રમ નથી, પરંતુ એક રાજકીય પક્ષ ભાજપનો કાર્યક્રમ છે. અંબાજી મંદિરમાં યોજાયેલા ૭૬,૦૦૦ દીવાના દીપોત્સવની આમંત્રણ પત્રિકામાં 'બનાસકાંઠા જિલ્લા ભાજપ' એવું સ્પષ્ટ લખેલું છે, જે સાબિત કરે છે કે આ માત્ર ને માત્ર ભાજપનો પક્ષીય કાર્યક્રમ છે. જો આ ભાજપનો ઉત્સવ હોય, તો વિશ્વની સૌથી ધનિક પાર્ટી અને ૧૦,૦૦૦ કરોડથી વધુનું ભંડોળ ધરાવતી પાર્ટી પોતાના ભંડોળમાંથી ખર્ચ કેમ નથી કરતી? આ ઉજવણી માટે અત્યારે ૭૬,૦૦૦ દીવાઓ પાછળ અંબાજી મંદિરના ભંડારમાંથી રૂ. ૨૦ લાખનો મોટો ખર્ચ કરવામાં આવી રહ્યો છે, જે અત્યંત ગંભીર અને વિરોધજનક મુદ્દો છે. જો આ ૨૦ લાખ રૂપિયા પ્રધાનમંત્રીના જન્મદિવસ નિમિત્તે દાંતા તાલુકાના ગરીબ આદિવાસી બાળકોના શિક્ષણ પાછળ ખર્ચવામાં આવ્યા હોત, તો મા અંબા ખરા અર્થમાં રાજી થાત. અંબાજીમાં વારંવાર પરંપરાઓ સાથે ચેડા કરવામાં આવે છે એક તરફ અંબાજીમાં ૫૧ શક્તિપીઠમાં માતાજીને થાળ ધરાવવામાં નથી આવતો માતાજીને ભૂખ્યા રાખવામાં આવે છે બીજી તરફ અંબાજી મંદિરમાં તેલનો સંપૂર્ણ નિષેધ છે અંબાજી મંદિરમાં માતાજીનો ભોગ પ્રસાદ પણ બને છે તે સંપૂર્ણ ઘીમાં બને છે વળી લાકડાને અગ્નિથી પ્રજ્વલ્લિત કરવાના હોય તેના માટે પણ ઘીનો જ ઉપયોગ કરવામાં આવે છે છતાં પણ સમગ્ર મંદિરમાં તેલનો ઉપયોગ કરવામાં આવનાર છે સાથે સાથે અંબાજી મંદિર માતાજીને આરામ માટે થઈને સાંજે સાડા ચારથી સાત વાગ્યા સુધી બંધ રહે છે પરંતુ આજે ભાજપે કાર્યક્રમનો સમય સાંજે ૫.૧૫ કલાકનો રાખેલ હોવાથી ખાસ કિસ્સામાં માતાજીને પણ આરામ કરવા મળનાર નથી.

ગુજરાતના યાત્રાધામો અને મંદિરો કોઈ રાજકીય પક્ષની ખાનગી જાગીર નથી. આ યાત્રાધામો કરોડો હિન્દુઓની આસ્થાના પ્રતિક અને શ્રધ્ધાના કેન્દ્રો છે. કોઈપણ રાજકીય પક્ષને માતાજીના વિશ્રામના સમયે, જ્યારે આમ ભક્તો માટે મંદિરના દર્શન અને પ્રવેશ બંધ હોય, ત્યારે નિયમો તોડીને રાજકીય કાર્યક્રમ કરવાની મંજૂરી આપવી એ કરોડો હિન્દુઓની આસ્થા અને શ્રધ્ધાની લાગણીઓ પર સીધો પ્રહાર છે.

અંબાજી મંદિર એ સરકારના નિયંત્રણ હેઠળનું જાહેર ટ્રસ્ટ છે, જેના ચેરમેન તરીકે બનાસકાંઠા કલેક્ટર અને વહીવટદાર તરીકે ડેપ્યુટી કલેક્ટર કક્ષાના સરકારી અધિકારીઓ બેસે છે. જ્યાં સરકારી નિયમોનું કડક પાલન થવું જોઈએ, ત્યાં રૂ. ૫૦ હજારથી વધુના કામો માટે ટેન્ડરિંગ કરવું ફરજિયાત હોવા છતાં, લાખો રૂપિયાના કામો ટેન્ડર પ્રક્રિયા વગર માત્ર ત્રણ ભાવપત્રક મગાવીને માનીતાઓ આપી દેવાય છે.

આ ઉપરાંત ભૂતકાળના ઘટનાક્રમ તરફ નજર કરીએ તો, અગાઉ મુખ્યમંત્રીઓ, મંત્રીઓ અને ધારાસભ્યોની VVIP સરભરા પાછળ ચાના રૂ. ૭૨૦ અને ભોજનની ડીશના રૂ. ૧,૬૪૦ જેવા કલ્પના બહારના દરે મંદિરના ભંડારમાંથી રૂ. ૧૧ લાખ ૩૫ હજાર ચૂકવી દેવાયા હતા. એટલું જ નહીં, ભૂતકાળમાં RTI (માહિતી અધિકાર કાયદા) દ્વારા એ પણ સાબિત થયું હતું કે ૨૨ લાખથી વધુ રૂપિયા અંબાજી આવતા નેતાઓ, મંત્રીઓ, અધિકારીઓ અને તેમના સગા-સંબંધીઓની સરભરામાં વપરાયા હતા! આટલા લાખો રૂપિયા ભક્તોના દાનમાંથી VVIP સરભરા પાછળ હોમાઈ ગયા હોવા છતાં આજદિન સુધી ટ્રસ્ટને આ નાણાં પરત મળ્યા નથી. એક તરફ ભૂતકાળની આવી ગેરરીતિઓના લાખો રૂપિયાનો હિસાબ બાકી છે અને બીજી તરફ ફરીથી ૭૬,૦૦૦ દીવાના નામે ૨૦ લાખ રૂપિયા મંદિરના ભંડારમાંથી વાપરવામાં આવી રહ્યા છે.

અંબાજી મંદિરના ભંડારમાં આવતો એક-એક રૂપિયો ભક્તોની પવિત્ર શ્રધ્ધાનું પરિણામ છે. મંદિર ટ્રસ્ટ અને સરકાર તાત્કાલિક આ અંગે હિસાબ જાહેર કરે, નહિતર કોંગ્રેસ પક્ષ ભક્તોની આસ્થા અને મંદિરની પવિત્રતાની રક્ષા માટે ઉગ્ર આંદોલન કરશે.



હેમાંગ રાવલ

## ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિની સ્પષ્ટ માંગણીઓ

- મંદિર ટ્રસ્ટ તાત્કાલિક જાહેર કરે કે ૭૬,૦૦૦ દીવાના આ ઉત્સવનો ૨૦ લાખ રૂપિયાનો ખર્ચ કોણે ભોગવ્યો છે અને તેની પૂરેપૂરી વિગત જાહેર કરવામાં આવે.
- માતાજીના વિશ્રામના સમયે સામાન્ય ભક્તો માટે દર્શન બંધ હોય ત્યારે રાજકીય પક્ષને નિયમ તોડીને મંજૂરી કયા નિયમ હેઠળ આપવામાં આવી તે સ્પષ્ટ કરવામાં આવે.
- મંદિરના બંધારણમાં ઓડિટ રિપોર્ટ જાહેર કરવાની જોગવાઈ હોવા છતાં ઓડિટ રિપોર્ટ જાહેર કેમ કરવામાં આવતો નથી? તમામ ઓડિટ રિપોર્ટ તાત્કાલિક સાર્વજનિક કરવામાં આવે.
- કોઈપણ રાજકીય પક્ષના કાર્યક્રમમાં મંદિરના દાનના રૂપિયા ખર્ચી શકાય તેવો કોઈ નિયમ કે સરકારી આદેશ હોય તો તે જાહેર કરવામાં આવે.
- અગાઉ VVIP સરભરા પેટે ચૂકવાયેલા રૂ. ૧૧.૩૫ લાખ તથા RTI માં ખુલાસો થયેલ રૂ. ૨૨ લાખથી વધુની રકમ આજદિન સુધી પરત કેમ આવી નથી તેની જવાબદારી નક્કી કરી તમામ રકમ વ્યાજ સાથે ટ્રસ્ટના ખાતામાં પરત જમા કરાવવામાં આવે.



### સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત રાજકોટમાં વિવિધ લોકોપયોગી કામગીરી

# મનપાએ સેવા સંકલ્પ અભિયાનમાં વિવિધ વિકાસકાર્યોની ભેટ આપી

## વોર્ડમાં રક્તદાન કેમ્પ, 900 કરોડની વિકાસ દરખાસ્ત, 119 સફાઈ સહાયકોને નિમણૂક અને MRF સેન્ટરનું લોકાર્પણ








**સિટી ન્યૂઝ@રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે તથા વિકસિત ભારત ૨૦૪૭ના સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના નાગરિકોની સુખાકારી, આરોગ્ય, સ્વચ્છતા અને શહેરી વિકાસને કેન્દ્રમાં રાખીને વિવિધ સેવાકીય અને વિકાસલક્ષી કામગીરી હાથ ધરવામાં આવી હતી. શહેરના વિવિધ વિસ્તારોમાં લોકોપયોગી કામગીરીને વેગ આપવાની સાથે નાગરિક સુવિધાઓ વધુ મજબૂત બનાવવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા.

રાજકોટ મનપા દ્વારા શહેરના તમામ ૧૮ વોર્ડમાં આવેલા ૧૮ આરોગ્ય કેન્દ્રો ખાતે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જરૂરિયાતમંદ દર્દીઓ, અકસ્માતગ્રસ્તો તેમજ વિવિધ તબીબી સારવાર દરમિયાન રક્તની જરૂરિયાત ધરાવતા દર્દીઓને સમયસર રક્ત મળી રહે તે હેતુથી આ કેમ્પ યોજાયા હતા. નાગરિકોમાં રક્તદાન અંગે જાગૃતિ કેળવવા તથા વધુમાં વધુ લોકોને સેવાકીય પ્રવૃત્તિ સાથે જોડવાનો પ્રયાસ પણ કરવામાં આવ્યો હતો.

માળખાકીય સુવિધાના ભાગરૂપે વોર્ડ નં.૨માં હરિહર ચોક ખાતે રૂ.૨.૨૦ કરોડના ખર્ચે નવા RCC બોક્સ કલ્વર્ટનું નિર્માણ કરવામાં આવ્યું છે. જૂના કલ્વર્ટને દૂર કરી બનાવવામાં આવેલા આ કલ્વર્ટનું લોકાર્પણ મેયર ડૉ. નેહલ શુક્લના હસ્તે કરવામાં આવ્યું હતું. કલ્વર્ટની લંબાઈ ૧૪.૫૦ મીટર, પહોળાઈ ૧૭ મીટર અને ઊંચાઈ ૩ મીટર છે. આ કામગીરીથી વિસ્તારની અવરજવર તેમજ વરસાદી પાણીના નિકાલની સુવિધા વધુ સુદૃઢ બનાવવાનો હેતુ છે.

શહેરના વિકાસને વધુ વેગ આપવા સ્વર્ણિમ ગ્રાન્ટમાંથી રૂ.૯૦૦ કરોડના વિકાસકાર્યોની દરખાસ્ત સરકારમાં મોકલવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પરેશભાઈ પીપળીયાની કામગીરી હેઠળ તૈયાર કરવામાં આવેલી આ દરખાસ્તમાં શહેરની વધતી જતી જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને માર્ગ, પાણી, ડ્રેનેજ, જાહેર સુવિધાઓ સહિતના વિવિધ માળખાકીય વિકાસકાર્યો માટે નાણાકીય સહાય મેળવવાનો હેતુ છે. સરકારની મંજૂરી તથા લાગુ પડતી પ્રક્રિયા અનુસાર આ ગ્રાન્ટમાંથી વિકાસકાર્યો હાથ ધરાશે.

સ્વચ્છતા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા રાજકોટ મનપા દ્વારા ૧૧૯ સફાઈ કામદારોના વારસદારોને રહેમરાહે નિમણૂકના હુકમો આપવામાં આવ્યા હતા. મેડિકલ કારણોસર સ્વૈચ્છિક રાજીનામું આપનારા સફાઈ કામદારોની સ્થિતિ અંગે મેડિકલ ચેકઅપ અને જરૂરી તપાસ બાદ રાજીનામું મંજૂર કરવામાં આવ્યું હતું. નક્કી કરાયેલી નીતિ મુજબ તેમના એક વારસદારને રહેમરાહે નોકરી આપવાની જોગવાઈ હેઠળ નિમણૂક કરવામાં આવી છે.

કુલ ૧૧૯ સફાઈ કામદારોના સ્વૈચ્છિક રાજીનામાં મંજૂર થયા બાદ તેમના વારસદારોને વર્ગ-૪ની જગ્યા પર સફાઈ સહાયક તરીકે પાંચ વર્ષના સમયગાળા માટે માસિક રૂ.૨૧,૧૦૦ના ફિક્સ પગારથી નિમણૂક આપવામાં આવી છે. તા.૧૭ સપ્ટેમ્બરના રોજ યોજાયેલા કાર્યક્રમમાં મેયર ડૉ. નેહલ શુક્લના હસ્તે નિમણૂક હુકમો એનાયત કરવામાં આવ્યા હતા.

સામાકાંઠા વિસ્તારમાં કે.એસ. ડીઝલ રોડ ખાતે ઘન કચરા વ્યવસ્થાપનને વધુ અસરકારક બનાવવા MRF (Material Recovery Facility) સેન્ટરનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ સેન્ટરનો મુખ્ય હેતુ કચરામાંથી પુનઃપ્રાપ્ય અને રિસાયકલ કરી શકાય તેવી સામગ્રીને અલગ કરી તેના યોગ્ય વ્યવસ્થાપનને પ્રોત્સાહન આપવાનો છે. કચરાના વર્ગીકરણ, ઉપયોગી સામગ્રીની પુનઃપ્રાપ્તિ અને રિસાયક્લિંગની પ્રક્રિયાને વધુ સુવ્યવસ્થિત બનાવવામાં આ સુવિધા ઉપયોગી બનશે.

સામાકાંઠા વિસ્તારમાં MRF સેન્ટર શરૂ થવાથી વિસ્તારની કચરા વ્યવસ્થાપન વ્યવસ્થાને વધુ સુદૃઢ બનાવવામાં મદદ મળશે. કચરાના વૈજ્ઞાનિક સંચાલન સાથે સ્વચ્છતા અને પર્યાવરણ સંરક્ષણની કામગીરીને પણ વેગ આપવાનો હેતુ છે. સ્વચ્છ રાજકોટ, હરિયાળું રાજકોટના અભિગમ સાથે મનપા દ્વારા વિવિધ વિસ્તારોમાં સ્વચ્છતા અને પર્યાવરણલક્ષી કામગીરી હાથ ધરાઈ રહી છે.

સેવા, સુશાસન અને વિકાસના સંકલ્પ સાથે રાજકોટ મનપા દ્વારા હાથ ધરાયેલી આ કામગીરીમાં આરોગ્ય ક્ષેત્રે ૧૮ રક્તદાન કેમ્પ, રૂ.૨.૨૦ કરોડના ખર્ચે બોક્સ કલ્વર્ટનું લોકાર્પણ, સ્વર્ણિમ ગ્રાન્ટ હેઠળ રૂ.૯૦૦ કરોડની વિકાસલક્ષી દરખાસ્ત, ૧૧૯ સફાઈ સહાયકોની નિમણૂક અને MRF સેન્ટરનું લોકાર્પણ જેવી કામગીરીનો સમાવેશ થાય છે. નાગરિકોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને જાહેર સુવિધાઓ અને વિકાસકાર્યોને આગળ વધારવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.આ કાર્યક્રમોમાં મેયર ડૉ. નેહલ શુક્લ, ધારાસભ્ય ડૉ. દર્શિતાબેન શાહ, ધારાસભ્ય ભાનુબેન બાબરિયા, શહેર ભાજપ અધ્યક્ષ ડૉ. માધવભાઈ દવે, ડેપ્યુટી મેયર દક્ષાબેન વસાણી, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પરેશભાઈ પીપળીયા, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષના નેતા ડૉ. હિરેનભાઈ ખીમાણિયા, શાસક પક્ષ દંડક સંજયસિંહ રાણા સહિત વિવિધ સમિતિના ચેરમેન, કોર્પોરેટરો અને મનપાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા નાગરિકોને શહેરની સ્વચ્છતા જાળવવા, પર્યાવરણ સંરક્ષણમાં સહભાગી બનવા, આરોગ્યલક્ષી સેવાઓનો લાભ લેવા તથા શહેરના વિકાસકાર્યોમાં સહયોગ આપવા અપીલ કરવામાં આવી છે. જનભાગીદારી અને સામૂહિક સહયોગથી રાજકોટને વધુ સ્વચ્છ, સુવિધાયુક્ત અને વિકસિત બનાવવાના પ્રયાસોને વેગ આપવાનો ઉદ્દેશ વ્યક્ત કરવામાં આવ્યો છે.






# નાઈજીરિયાના મંત્રી સહિત પ્રતિનિધિ મંડળે રાજકોટ આંગણવાડીની મુલાકાત લીધી

## ધારાસભ્ય રમેશભાઈ ટિલાળાના જનસંપર્ક કાર્યાલયની પણ મુલાકાત; ગુજરાતની બાળકલ્યાણ યોજનાઓની માહિતી મેળવી

સિટી ન્યૂઝ@રાજકોટ

નાઈજીરિયા દેશના ઉચ્ચસ્તરીય સરકારી પ્રતિનિધિ મંડળે રાજકોટમાં ધારાસભ્ય રમેશભાઈ ટિલાળાના જનસંપર્ક કાર્યાલય તેમજ તેમના વિસ્તારની આંગણવાડીની મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન ગુજરાત સરકારની આંગણવાડી યોજનાઓ, બાળકોના સર્વાંગી વિકાસ, સ્વાસ્થ્ય અને પોષણ માટેની સુવિધાઓ અંગે પ્રતિનિધિ મંડળે માહિતી મેળવી હતી.

મુલાકાતમાં નાઈજીરિયાના માનવ બાબતો અને સામાજિક વિકાસ મંત્રી ઈમાન સુલેમાન ઈબ્રાહીમ, તીનુબુ સપોર્ટ ઓર્ગેનાઈઝેશનના ડાયરેક્ટર જનરલ અમીનુ સુલેમાન, ઉદ્યોગપતિ મયુરભાઈ પટેલ તેમજ પ્રતિનિધિ મંડળના સભ્યો હબીબુ લાબો, આઈશા સિરાજો ઈબ્રાહીમ અને રુકાયા મોહમ્મદ ઉપસ્થિત રહ્યા હતા.ધારાસભ્ય રમેશભાઈ ટિલાળા અને રાજકોટ મહાનગરપાલિકાના શિશુ કલ્યાણ અને અગ્નિશામક વિભાગના ચેરમેન કેતનભાઈ પટેલે વિદેશી મહેમાનોનું ભારતીય સંસ્કૃતિ મુજબ સ્વાગત કર્યું હતું.

પ્રતિનિધિ મંડળે ધારાસભ્યના જનસંપર્ક કાર્યાલયની મુલાકાત દરમિયાન સામાન્ય નાગરિકોના પ્રશ્નોના ઉકેલ માટે ઉપયોગમાં લેવાતી ટેકનોલોજી અને લોકસેવાની પદ્ધતિ અંગે માહિતી મેળવી હતી. ત્યારબાદ આંગણવાડીની મુલાકાત લઈ બાળકો માટેની સરકારી યોજનાઓ અને ઉપલબ્ધ સુવિધાઓ નિહાળી હતી.

આંગણવાડીમાં બાળકો માટેની વ્યવસ્થા તથા પોષણ અને આરોગ્યલક્ષી યોજનાઓ અંગે માહિતી મેળવ્યા બાદ નાઈજીરિયાના મંત્રી સહિતના પ્રતિનિધિઓએ આ પ્રકારની સેવાઓ અંગે રસ દાખવ્યો હતો. મુલાકાત દરમિયાન લોકસેવા અને સામાજિક વિકાસ ક્ષેત્રે વિચારોના આદાન-પ્રદાન અંગે પણ ચર્ચા થઈ હતી.

આ મુલાકાતને પગલે માનવ કલ્યાણ અને સામાજિક વિકાસ ક્ષેત્રે બંને દેશો વચ્ચે પરસ્પર અનુભવોના આદાન-પ્રદાનની દિશામાં નવી શક્યતાઓ ઊભી થઈ હોવાનું જણાવાયું હતું.

## અવસાન નોંધ



દિલગીરી શાક જણાવવાનું કે અમારા પુત્ર વધુ સ્વર્ગીય પૂજાબેન સતિષભાઈ પાટડીયા સવંત ૨૦૮૨ ના ભાદરવા સુદ પાંચમ ને બુધવારના તારીખ ૧૬-૯- ૨૦૨૬ના રોજ દુખદ અવસાન થયેલ છે તેમનું બેસણું તારીખ ૧૮-૯-૨૦૨૬ બપોરના ચાર થી છ સ્થળ ગુર્જર પ્રજાપતિ વાડી નંબર.૨ યુનિટ નંબર ૧ મેહુલ પ્રિન્ટ ની પાસે સંત કબીર રોડ રાજકોટ

રાજકોટઃ ગોંડલ ( આંબરડી વાળા) ઠા. જગદીશચંદ્ર હરીલાલ જોબનપુત્રા તે મનોજભાઈ તથા નૈમિષભાઇના પિતાજી તથા પ્રફુલભાઈ હરીલાલ જોબનપુત્રાના મોટાભાઈ તથા મનમીત પ્રફુલભાઈ જોબનપુત્રા ના ભાઈજી (રાજકોટ) તથા સ્વ. મગનલાલ લીલાધરભાઇ ગોંટેચા ના જમાઈ તથા કમલેશભાઈ મગનલાલ ગોંટેચાના બનેવી (રાજકોટ) નું તા. ૧૫/૦૯/૨૬ ને મંગળવારના રોજ દુખદ અવસાન થયેલ છે.સદ્ગતનુ ઉઠમણું તા. ૧૮/૦૯/૨૦૨૬ ને શુક્રવારના રોજ સાંજે ૪ થી ૫ વાગ્યે લોહાણા મહાજન વાડી મહાદેવ વાડી વિભાગ ૨ ગોંડલ ખાતે રાખેલ છે.સસરા પક્ષની સાદડી પણ સાથે રાખેલ છે.



# રેલ મદદ પર ત્વરિત કાર્યવાહીથી 25,000ના AirPods પરત મળ્યા

સિટી ન્યૂઝ@રાજકોટ

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝનમાં રેલ મદદ મારફતે મળેલી ફરિયાદ પર ત્વરિત કાર્યવાહી કરી રેલવે સુરક્ષા બળે મુસાફરના આશરે ૨૫,૦૦૦ની કિંમતના Apple AirPods સુરક્ષિત રીતે પરત કર્યા હતા.

રાજકોટ ડિવિઝનના સીનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર સુનીલ કુમાર મીનાના જણાવ્યા મુજબ, ૧૪ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ ટ્રેન નંબર ૨૨૯૨૫ સાબરમતીઓખા વંદે ભારત એક્સપ્રેસ અંગે રેલ મદદ મારફતે ફરિયાદ મળી હતી. ફરિયાદી વિશ્રુત જોશીએ ૧૩ સપ્ટેમ્બરે સાબરમતીથી દ્વારકા સુધી મુસાફરી કરી હતી. તેઓ કોચ નંબર C-૭ની સીટ નંબર ૦૯ પર બેઠા હતા.

દ્વારકા સ્ટેશને ઉતર્યા બાદ બીજા દિવસે તેમને જાણ થઈ કે આશરે ૨૫,૦૦૦ની કિંમતના તેમના Apple AirPods સીટ પર જ રહી ગયા હતા. ફરિયાદ મળતાં રેલવે સુરક્ષા બળની દ્વારકા પોસ્ટ હેઠળની ઓખા આઉટપોસ્ટના ASI પ્રહલાદ બધારા તથા સ્ટાફે મુસાફરનો મોબાઇલ પર સંપર્ક



કરી જરૂરી માહિતી મેળવી હતી.

મુસાફરે જણાવેલી જગ્યાની તપાસ કરવા સાથે ટ્રેનની સુરક્ષા ટુકડીનો પણ સંપર્ક કરવામાં આવ્યો હતો. સુરક્ષા ટુકડી પાસેથી જાણવા મળ્યું કે AirPods સફાઈ કર્મચારીને મળ્યા હતા. ત્યારબાદ રેલવે સુરક્ષા બળના સ્ટાફે AirPods મેળવી મુસાફરને જાણ કરી હતી. મુસાફર ઓખા સ્ટેશને પહોંચતાં તેમના AirPods સુરક્ષિત રીતે તેમને સોંપી દેવામાં આવ્યા હતા. પોતાનો સામાન પરત મળતાં મુસાફરે રેલવે સુરક્ષા બળની તત્પરતા અને સહયોગ બદલ આભાર વ્યક્ત કર્યો હતો.


# મટકી ફોડ ઉત્સવના ખર્ચામાં ગેરરીતિના હેમાંગ વસાવડાએ ગંભીર સવાલો ઉઠાવ્યા

## 17 લાખનું ટેન્ડર, 2 લાખ ઓવર મંજૂરી બાદ 32 લાખના ખર્ચે સવાલ; સ્થળની સુવિધાઓ અધૂરી હોવાનો દાવો

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જન્માષ્ટમી નિમિત્તે યોજાયેલા મટકી ફોડ ઉત્સવના ખર્ચા અને આયોજન અંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ હેમાંગ વસાવડાએ ગંભીર સવાલો ઉઠાવ્યા છે. તેમણે જણાવ્યું કે મટકી ફોડ ઉત્સવનું ટેન્ડર ૧૭ લાખમાં મંજૂર કરાયું હતું. ત્યારબાદ ૨ લાખ ઓવર મંજૂર કરી કુલ ૧૯ લાખની મંજૂરી કરવામાં આવી હતી, જ્યારે હવે ૩૨ લાખનું બિલ મુકાયું હોવાનો અને ૩૨ લાખનો ઠરાવ પસાર કરાયો હોવાનો તેમણે દાવો કર્યો છે.

વસાવડાએ વધુમાં જણાવ્યું કે કાર્યક્રમ માટે જે એજન્સીઓને ટેન્ડર મંજૂર કરવામાં આવ્યું છે, તેમની પાસે ઈલેક્ટ્રિક લાઈસન્સ, ફૂડ લાઈસન્સ સહિતના જરૂરી લાઈસન્સ ન હોવાની માહિતી સામે આવી રહી છે. કાર્યક્રમ સ્થળની વ્યવસ્થાઓ અંગે પણ તેમણે



સવાલો ઉઠાવ્યા છે.

તેમના જણાવ્યા મુજબ કાર્યક્રમ સ્થળે ટીનનો શેડ બનાવવાનો હતો, પરંતુ તે બનાવવામાં આવ્યો નથી. ડોમની વ્યવસ્થા કરવાની હતી તે પણ કરવામાં આવી ન હતી. ૨૦૦ ખુરશીઓ મુકવાની સામે માત્ર ૬૦ ખુરશીઓ મુકવામાં આવી હોવાનો તેમણે દાવો કર્યો છે. ફૂડ માટે ટીન શેડ બનાવવાનો હતો, પરંતુ તે પણ તૈયાર કરવામાં આવ્યો ન હોવાનો વસાવડાએ ઉલ્લેખ કર્યો છે.

આ ઉપરાંત મ્યુઝિક અને ઓરકેસ્ટ્રાનો કોન્ટ્રાક્ટ અપને વાલાને આપવામાં આવ્યો હોવાનો ઉલ્લેખ કરી વસાવડાએ કાર્યક્રમના ખર્ચ અને કોન્ટ્રાક્ટ અંગે પણ સવાલો ઉઠાવ્યા છે.

વસાવડાએ રાજકોટના મેયર ડો. નેહલ શુક્લ પાસે સમગ્ર મામલે પ્રજા સમક્ષ સ્પષ્ટતા કરવાની માંગ કરી છે. ખાસ કરીને ટેન્ડરની શરતોમાં ન હોવા છતાં ૩ લાખ એડવાન્સ કોને, કોણે અને કયા હેતુથી ચૂકવવામાં આવ્યા તે અંગે જવાબ આપવા પણ તેમણે માંગ કરી છે.

તેમણે મટકી ફોડ ઉત્સવના આયોજનમાં થયેલા ખર્ચ, મંજૂરી અને સ્થળ પર કરવામાં આવેલી વ્યવસ્થાઓ અંગે સ્પષ્ટતા કરવામાં આવે તેવી માંગ સાથે સમગ્ર મુદ્દે જવાબદારી નક્કી કરવાની પણ માગણી કરી છે.

# બિહારની નોન-ઈન્ટરલોકિંગ કામગીરીથી રાજકોટની બે ટ્રેનો ડાયવર્ટ રૂટે દોડશે

## ઓખા–ગુવાહાટી અને ગાંધીધામ–કામાખ્યા એક્સ.ના રૂટમાં ફેરફાર; 5 સ્ટેશનોના સ્ટોપેજ રદ

સિટી ન્યૂઝ@રાજકોટ

પૂર્વ મધ્ય રેલવેના દાનાપુર અને સોનપુર ડિવિઝન હેઠળના રાજેન્દ્ર પુલ, હાથીદહ જંક્શન અપર, ટાલ, રામપુર ડુમરા તથા દિનકર ગ્રામ સિમરિયા સ્ટેશનો પર પ્રી-નોન ઈન્ટરલોકિંગ અને નોન-ઈન્ટરલોકિંગ કામગીરી હાથ ધરવામાં આવનાર છે. જેના કારણે રાજકોટ ડિવિઝનની બે ટ્રેનો નિર્ધારિત તારીખોએ ડાયવર્ટ કરેલા રૂટ પર દોડશે. રાજકોટ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર સુનીલ કુમાર મીનાના જણાવ્યા મુજબ, ટ્રેન નંબર ૧૫૬૩૫ ઓખા-ગુવાહાટી એક્સપ્રેસ અને ટ્રેન નંબર ૧૫૬૬૭ ગાંધીધામ-કામાખ્યા એક્સપ્રેસના સંચાલનમાં ફેરફાર કરવામાં આવ્યો છે. ૨૫ સપ્ટેમ્બર અને ૨ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ ઓખાથી ઉપડનારી ટ્રેન નંબર ૧૫૬૩૫ ઓખા-ગુવાહાટી એક્સપ્રેસ વારાણસી જંક્શન-છપરા-શાહપુર પટોરી-બરૌની થઈને ડાયવર્ટ કરેલા રૂટ પર દોડશે. આ ફેરફારને કારણે પંડિત દીનદયાળ ઉપાધ્યાય જંક્શન, બક્સર, પટના જંક્શન, બખ્તિયારપુર જંક્શન અને મોકામા જંક્શન ખાતે ટ્રેનનું સ્ટોપેજ રહેશે નહીં. ૧૯ અને ૨૬ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ ગાંધીધામથી ઉપડનારી ટ્રેન નંબર ૧૫૬૬૭ ગાંધીધામ-કામાખ્યા એક્સપ્રેસ પણ વારાણસી જંક્શન-છપરા-શાહપુર પટોરી-બરૌની થઈને ડાયવર્ટ કરેલા રૂટ પર દોડશે. આ ટ્રેનનું પટના જંક્શન ખાતેનું સ્ટોપેજ રહેશે નહીં. રેલવે મુસાફરોને મુસાફરી પહેલાં પોતાની ટ્રેનના સંચાલન, રૂટ અને સ્ટોપેજ અંગેની અદ્યતન માહિતી નેશનલ ટ્રેન ઈન્ક્વાયરી સિસ્ટમ (NTES) પર ચકાસી લેવા રેલવે તંત્ર દ્વારા જણાવાયું છે.

# રાજકોટમાં મોદીના જન્મદિને ચૈતન રામાણી 5000 દીવડાથી ધાર્મિક આયોજન કરશે

સિટી ન્યૂઝ@રાજકોટ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે ગુજરાત પ્રદેશ ભાજપના અગ્રણી તથા સૌરાષ્ટ્રના લાયન્સ ખેડૂત નેતા ચૈતન રામાણી દ્વારા રાજકોટના રૈયાધાર વિસ્તારમાં આવેલા સ્પર્ધાનગર સોસાયટીના બાળાજી હનુમાનજી મંદિરે વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. ૧૭ સપ્ટેમ્બરના રોજ મંદિરે ૫૦૦૦ દીવડાં પ્રજ્વલિત કરી મહાઆરતી કરવામાં આવશે. ઉપરાંત ૫ મહાપૂજા, ૫૫ મહાપૂજા, સુંદરકાંડ પાઠ તેમજ જ્ઞાનવાણીના રોજ દિવ્ય દરબાર સહિતના કાર્યક્રમો યોજાશે.

ચૈતન રામાણીએ જણાવ્યું છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની યાત્રાથી યુવાનો અને નવી પેઢીને પ્રેરણા મળે છે. આ ધાર્મિક કાર્યક્રમમાં રાષ્ટ્રની સુખાકારી, શાંતિ, સમૃદ્ધિ અને વિકાસ માટે પ્રાર્થના કરવામાં આવશે.

આ આયોજનમાં મંદિરના આચાર્ય પૂ. વિવેકસ્વામી, પૂ. રાધારમણરાજ સ્વામી, પૂ. મુનિ ઋષિ સહિત સંતો તથા આગેવાનો ઉપસ્થિત રહેશે. વડાપ્રધાનના જન્મદિવસ નિમિત્તે આયોજિત કાર્યક્રમમાં તેમના સ્વાસ્થ્ય, દીર્ઘાયુ અને સતત સફળતા માટે પ્રાર્થના કરવામાં આવશે.





# જીવનનગરમાં વિઘ્નહર્તા ગણેશજીની સ્થાપના ભક્તિમય માહોલ છવાયો દર્શને ભક્તો ઉમટ્યા

## મહાદેવધામમાં શાસ્ત્રોક્ત પૂજન-અર્ચન, મહાઆરતી અને દીપમાલા સાથે બે દિવસીય ધર્મોત્સવ યોજાયો

સિટી ન્યૂઝ@રાજકોટ

ભારત જન વિજ્ઞાન જાથાના સહયોગથી જીવનનગર વિકાસ સમિતિ, જીવનનગર ગણપતિ મહોત્સવ સમિતિ, વોર્ડ નં.૧૦ જાગૃત નાગરિક મંડળ, મહાદેવધામ સમિતિ અને મહિલા મંડળના સંયુક્ત ઉપક્રમે જીવનનગરમાં કા વિઘ્નહર્તા ગણપતિદાદાની સ્થાપના કરવામાં આવી હતી. ગણેશજીની સ્થાપના સાથે મહાદેવધામમાં ભક્તિનો માહોલ છવાયો હતો અને દર્શન માટે રહીશો ઉમટી પડ્યા હતા. સમિતિના પ્રમુખ એડવોકેટ જયંત પંડયાએ શ્રદ્ધાળુઓનું સ્વાગત કરતાં જણાવ્યું હતું કે મહોત્સવ દરમિયાન નાગરિક ધર્મ અને માનવતાને ધ્યાનમાં રાખીને આયોજન કરવામાં આવે છે. ઘોંઘાટ, અબીલ-ગુલાલ, કંકુ, ઢોલ-નગારાં અને માઇક સિસ્ટમને બદલે શાસ્ત્રોક્ત પૂજન-અર્ચન, ધ્યાન, આરતી અને અન્ય ધાર્મિક વિધિઓ કરવામાં આવે છે. રહીશોને અગવડ ન પડે તેમજ પ્રસાદનો બગાડ ન થાય તેનું પણ ધ્યાન રાખવામાં આવે છે. પ્રસાદમાં ફાસ્ટ ફૂડ, દાબેલી, પિઝા સહિતની ખાદ્ય વસ્તુઓ રાખવામાં આવતી નથી. વધેલો પ્રસાદ રાત્રે જ જરૂરિયાતમંદો સુધી પહોંચાડવામાં આવે છે. બે દિવસીય મહોત્સવ દરમિયાન સ્થાપન, મહાઆરતી, દીપમાલા, શણગાર અને રોશની સહિતના કાર્યક્રમો યોજાયા હતા. મંદિરના સહવ્યવસ્થાપક સુનિતાબેન વ્યાસ, વિનોદરાય ભટ્ટ અને પાર્થ ગોહેલ સહિતની ટીમે મહોત્સવની વ્યવસ્થા સંભાળી હતી. મહાદેવધામ સમિતિની નેહાબેન મહેતા, જીગીષાબેન રાવલ, શોભનાબેન ભાણવડિયા, યોગીતાબેન જોબનપુત્રા, ભારતીબેન ગંગદેવ, આશાબેન મજેઠીયા, હર્ષાબેન પંડ્યા, ભક્તિબેન ખખ્ખર, કિર્તીબેન કગથરા, વાસંતીબેન ત્રિવેદી, જ્યોત્સનાબેન ગોહેલ, હિરાબેન બારોટ અને હર્ષબેન ચોટાઇ સહિતની બહેનોએ મહાઆરતી અને પ્રસાદ વિતરણની કામગીરી સંભાળી હતી. સમિતિના પ્રમુખ જયંત પંડ્યાએ પવિત્ર યાત્રાધામ દર્શને જનારા શોભનાબેન ભાણવડિયા અને સુનિતાબેન વ્યાસને શ્રીફળ, પ્રસાદ અને ફૂલ આપી શુભેચ્છા પાઠવી હતી. આવતીકાલે શહેર ભાજપના હોદ્દેદારો અને નગરસેવકો પણ મહોત્સવમાં હાજરી આપશે.

# સંત કબીર રોડ પર સાંદિપની ગ્રુપનો ગણપતિ મહોત્સવ બન્યો

## સત્યનારાયણ કથામાં આગેવાનો જોડાયા; દરરોજ સાંજે 7 વાગ્યે મહાઆરતી, બાળકોને નાસ્તાનું વિતરણ

સિટી ન્યૂઝ@રાજકોટ





વિધાનસભા-૬૮ના સંત કબીર રોડ પર આવેલી સાંદિપની સ્કૂલ ખાતે સાંદિપની ગ્રુપ દ્વારા સતત ૧૮મા વર્ષે ગણપતિ મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. સામા કાંઠા વિસ્તારના પૂર્વ કોર્પોરેટર સ્વ. મહેન્દ્રભાઈ સંપટે શરૂ કરેલા આ મહોત્સવનો હેતુ ધાર્મિક સંસ્કારો સાથે લોકોમાં એકતા અને પરસ્પર સહયોગની ભાવનાને પ્રોત્સાહન આપવાનો રહ્યો છે.મહોત્સવ અંતર્ગત ભગવાન શ્રી સત્યનારાયણની કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રાજ્ય સરકારના પૂર્વ મંત્રી અને પૂર્વ યુવા ધારાસભ્ય અરવિંદ રૈયાણી, રાજકોટ મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પરેશભાઈ પીપળીયા સહિત કોર્પોરેટરો, ભાજપના આગેવાનો અને સ્થાનિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોએ ભગવાનના દર્શન, આરતી અને પ્રસાદનો લાભ લીધો હતો.સાંદિપની સ્કૂલ ખાતે દરરોજ સાંજે ૭ વાગ્યે મહાઆરતી યોજાઈ રહી છે. મહાઆરતીમાં વિસ્તારના સ્થાનિકો મોટી સંખ્યામાં જોડાઈ રહ્યા છે. સાંદિપની સ્કૂલના સંચાલક, સાંદિપની ગ્રુપના ઓર્ગેનાઇઝર અને સામા કાંઠા વિસ્તારના ભાજપ અગ્રણી દુષ્યંત સંપટે વિસ્તારના લોકોને મહાઆરતી તથા ગણપતિ મહોત્સવના વિવિધ ધાર્મિક કાર્યક્રમોમાં જોડાવા જાહેર નિમંત્રણ પાઠવ્યું છે.મહોત્સવને સફળ બનાવવા દુષ્યંતભાઈ સંપટના માર્ગદર્શન હેઠળ ભરતભાઈ આહિર, સંજયભાઈ તન્ના, વનરાજસિંહ સહિતના કાર્યકરો અને આયોજકો જહેમત ઉઠાવી રહ્યા છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે સાંદિપની સ્કૂલ અને સાંદિપની ગ્રુપ દ્વારા બાળકોને નાસ્તાનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. મહોત્સવ દરમિયાન ધાર્મિક કાર્યક્રમોની સાથે બાળકો અને સ્થાનિકોની ભાગીદારી પણ જોવા મળી રહી છે.



# ભક્તિનગર સર્કલ પર 7600 દીવડાં પ્રગટાવી ઉજવણી થશે

સિટી ન્યૂઝ@રાજકોટ

ભક્તિનગર સર્કલ ખાતે ધર્મ રક્ષક પરિષદ અને એમ.કે. ચેરિટેબલ ટ્રસ્ટના સંયુક્ત આયોજનથી ગણપતિ મંગલ મહોત્સવ ચાલી રહ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે આજે રાત્રે ૮ વાગ્યે ગણપતિ મહારાજની મહાઆરતી સાથે ૭૬૦૦ દીવડાં પ્રગટાવી ઉજવણી કરવામાં આવશે. આયોજન ધર્મ રક્ષક પરિષદના ગૌતમભાઈ ગોસ્વામીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું છે. ગણપતિ મહોત્સવ અંતર્ગત દરરોજ રાત્રે મહાઆરતી તેમજ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. આ પ્રસંગે શહેર ભાજપ અગ્રણી હરેશભાઈ જોષી અને સામા કાંઠા વિસ્તારના પટેલ સમાજના અગ્રણી સી.ટી. પટેલે ગણપતિદાદાના દર્શનનો લાભ લીધો હતો.

## ધર્મ રક્ષક પરિષદના ગણપતિ મહોત્સવમાં રાત્રે ૮ વાગ્યે મહાઆરતીનું આયોજન

બંને આગેવાનોનું ગણપતિ મંગલ મહોત્સવના ઈન્ચાર્જ ગૌતમભાઈ ગોસ્વામી દ્વારા શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત શહેર ભાજપના પૂર્વ પ્રમુખ કમલેશ મીરાણી, મનીષ રાડિયા, વિક્રમભાઈ પૂજારા સહિતના આગેવાનોએ પણ મહોત્સવમાં હાજરી આપી ગણપતિદાદાના દર્શનનો લાભ લીધો હતો. મહોત્સવ દરમિયાન ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં વિવિધ ક્ષેત્રના આગેવાનો ઉપસ્થિત રહી રહ્યા છે.






# સર્વેશ્વર ચોક કા રાજાના દર્શને ત્રીજા દિવસે સવારથી જ ભાવિકોનો ધસારો

સિટી ન્યૂઝ@રાજકોટ

## મહાઆરતીમાં પૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ સહિત મહાનુભાવોએ દર્શનનો લાભ લીધો

રાજકોટના સર્વેશ્વર ચોક ખાતે સર્વેશ્વર ચોક ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજિત ગણેશ મહોત્સવમાં ભક્તિ, શ્રદ્ધા અને ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. ગણેશ મહોત્સવના ત્રીજા દિવસે સર્વેશ્વર ચોક કા રાજાના દર્શન માટે

સવારથી જ મોટી સંખ્યામાં ભાવિકો ઉમટી પડ્યા હતા. ગણપતિ દાદાના દર્શન કરી ભક્તોએ સુખ-સમૃદ્ધિ, પરિવારની સુખાકારી અને સર્વાંગી કલ્યાણ માટે પ્રાર્થના કરી હતી. સમગ્ર આયોજન દરમિયાન ભક્તિમય વાતાવરણ વચ્ચે ગણેશજી પ્રત્યેની શ્રદ્ધા અને આસ્થાનો માહોલ છવાયેલો રહ્યો હતો. સર્વેશ્વર ચોક ખાતે સ્થાપિત સર્વેશ્વર ચોક કા રાજાના દર્શન માટે ગણેશ મહોત્સવના ત્રીજા દિવસે વહેલી સવારથી જ ભાવિકો પહોંચવા લાગ્યા હતા. દુંદાળા દેવના દર્શન કરી ભક્તોએ આરાધ્ય દેવ સમક્ષ નમન કર્યું હતું. ગણપતિ બાપ્પાના આશીર્વાદ મેળવવા માટે આવેલા શ્રદ્ધાળુઓમાં ખાસ ઉત્સાહ જોવા મળ્યો હતો. ગણેશ મહોત્સવ દરમિયાન ભક્તો પરિવાર સાથે પંડાલમાં પહોંચીને ગણપતિ દાદાના દર્શન કરી રહ્યા છે. ભાવિકો દ્વારા વિઘ્નહર્તા

ગણેશજી સમક્ષ સુખ-શાંતિ, સમૃદ્ધિ અને પરિવારના કલ્યાણની મનોકામનાઓ કરવામાં આવી હતી. ઉત્સવના માહોલમાં ધાર્મિક શ્રદ્ધા સાથે ભક્તોની સહભાગિતાથી સર્વેશ્વર ચોક વિસ્તારમાં ભક્તિમય વાતાવરણ સર્જાયું હતું.ગણેશ મહોત્સવના ત્રીજા દિવસે સર્વેશ્વર ચોક ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સાંજે ૭:૪૫ કલાકે દુંદાળા દેવની ભવ્ય મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. મહાઆરતીમાં મોટી સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા અને ગણપતિ

બાપ્પાની આરાધનામાં જોડાયા હતા. રાજકોટના પૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ દાદાના દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા તેમજ વોર્ડ નં ૭ના પૂર્વ કોર્પોરેટર અજયભાઈ પરમાર અને બાબુભાઈ પરમારે દર્શનનો લાભ લીધો

હતો. ખાસ ખબર ન્યૂઝના એમડી પરેશભાઈ ડોડીયા, વરિષ્ઠ પત્રકાર જગદિશભાઈ મહેતા અને ભાજપ અગ્રણી મનુભાઈ વઘાસીયાએ પણ મહાઆરતીમાં હાજરી આપી હતી. આ ઉપરાંત બેસ્ટ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સના દિપકભાઈ

કારીયા સહપરિવાર તેમજ ઉદ્યોગપતિ દિનેશભાઈ ભૂત સહપરિવાર ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોએ દુંદાળા દેવની મહાઆરતીનો લાભ લીધો હતો અને ગણપતિ દાદાના દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા.





### ગણપતિ આરાધના સાથે માનવસેવાની અનોખી પરંપરા

# માસ્ટર સોસાયટીમાં 28 વર્ષથી શ્યામવર્ણ ગણપતિ મહોત્સવ

### દરરોજ મહાઆરતી-મહાપ્રસાદ સાથે જરૂરિયાતમંદો માટે મેડિકલ સાધનો, ઓક્સિજન અને દવાઓની સેવા

**સિટી ન્યૂઝ@રાજકોટ**

શહેરની માસ્ટર સોસાયટી ખાતે છેલ્લા ૨૮ વર્ષથી પ્રાણપ્રતિષ્ઠિત શ્યામવર્ણ ગણપતિ બાપાની આરાધના સાથે ભવ્ય ગણપતિ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. દક્ષિણ ભારતમાં વિશેષ શ્રદ્ધાથી પૂજાતા શ્યામવર્ણ ગણપતિ બાપા રાજકોટમાં પણ છેલ્લા ૨૮ વર્ષથી ભક્તો માટે આસ્થા અને શ્રદ્ધાનું કેન્દ્ર બન્યા છે. દર વર્ષે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ અહીં દર્શન કરી આશીર્વાદ મેળવે છે.

ભક્તોની આસ્થા અનુસાર, શ્યામવર્ણ ગણપતિ બાપાના આશીર્વાદથી અનેક લોકોના વર્ષો જૂના કોર્ટ-કચેરીના પ્રશ્નોનું નિરાકરણ થયું હોવાના અનુભવો લોકો જણાવે છે. સંતાનપ્રાપ્તિની મનોકામના સાથે પણ અનેક દંપતીઓ અહીં શ્રદ્ધાપૂર્વક દર્શન કરી આશીર્વાદ મેળવે છે.

ગણપતિ મહોત્સવ દરમિયાન દરરોજ સાંજે મહાઆરતી તથા મહાપ્રસાદનું આયોજન કરવામાં આવે છે. મંગળવારના દિવસે વિશેષ મહાઆરતી સાથે માતા લક્ષ્મીજીના પ્રસાદનું પણ આયોજન કરવામાં આવે છે.

શ્યામવર્ણ ગણપતિ મહોત્સવ સાથે ગજાનન સેવા ગ્રુપ દ્વારા વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. ગ્રુપના કાર્યકર્તાઓ દરરોજ માત્ર રૂ.૧ની બચત કરીને વર્ષ દરમિયાન રૂ.૩૬૫નું ભંડોળ એકત્ર કરે છે અને તેનો ઉપયોગ જરૂરિયાતમંદોની સેવા માટે કરવામાં આવે છે.

સેવાકાર્યો અંતર્ગત જરૂરિયાતમંદો માટે મેડિકલ સાધનો, ઓક્સિજનના બાટલા, ડાયાબિટીસથી પીડાતા બાળકો માટે દવાઓ, રક્તદાન કેમ્પ તથા થેલેસેમિયા ગ્રસ્ત બાળકોને સહાય કરવામાં આવે છે. ઉપરાંત મધર ટેરેસા આશ્રમમાં કપડાંની સેવા સહિત વિવિધ માનવસેવાના કાર્યો પણ કરવામાં આવે છે.

ગણપતિ બાપાની પૂજા-આરાધના સાથે મહોત્સવ દરમિયાન વિવિધ ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાય છે. મારુતિ મંડળ દ્વારા છેલ્લા ૨૮ વર્ષથી હનુમાન ચાલીસાના પાઠનું આયોજન કરવામાં આવે છે. જલઝીલણી અગિયારસના પવિત્ર દિવસે યમુનાજીની ચુંદડી મનોરથ, બાળકો માટે નિશુલ્ક વર્કશોપ, સત્યનારાયણ ભગવાનની કથા સહિતના કાર્યક્રમો યોજાય છે.

દરરોજ સાંજે મહાઆરતી બાદ મહાપ્રસાદનો લાભ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ લે છે. બાપાના વસ્ત્રોની સેવા સુધાબેન ગજ્જર, શારદાબેન પટેલ અને હીનાબેન ગજ્જર દ્વારા કરવામાં આવે છે.

સમગ્ર સેવાકીય અને ધાર્મિક આયોજનમાં ગજાનન સેવા ગ્રુપના કાર્યકર્તાઓનો મહત્વપૂર્ણ ફાળો છે. જેમાં કિરણબેન વડગામા, રાજેશભાઈ વડગામા, પલ્લાભાઈ પરમાર, સત્યદીપભાઈ જાડેજા, રાજદીપભાઈ જાડેજા, નિમેશભાઈ પરમાર, બોદીયાભાઈ હેરંજા, રાહુલભાઈ મસરાણી, પિન્ટુભાઈ જાડેજા, નિરુભાઈ જાડેજા, મનીષાબેન દવે, ઉર્વશીબેન, હેતલબેન ગજ્જર, હિતેષભાઈ સુથાર અને અશોકભાઈ ભાલરા સહિતના કાર્યકર્તાઓ સેવા આપી રહ્યા છે.

પિન્ટુભાઈ જાડેજા દ્વારા દરરોજ ફૂલ ડેકોરેશન તેમજ સમગ્ર મંડપની સજાવટ અને ડેકોરેશનની સેવા કરવામાં આવે છે.

છેલ્લા ૨૮ વર્ષથી ધાર્મિક શ્રદ્ધા સાથે સામાજિક સેવા અને સંસ્કૃતિને જોડતા આ શ્યામવર્ણ ગણપતિ મહોત્સવને કારણે માસ્ટર સોસાયટી ખાતે ગણપતિ બાપાના દર્શન માટે દર વર્ષે અસંખ્ય શ્રદ્ધાળુઓ ઉમટી પડે છે.

# રોઝ સ્પા એન્ડ વેલનેશમાં મસાજના નામે ચાલતા કૂટણખાના પર એન્ટી હ્યુમન ટ્રાફીકિંગનો દરોડો

### એન્ટ્રી ફીના 1 હજાર અને એક્સ્ટ્રા સર્વિસના 2 હજાર વસૂલતા; સંચાલક અને રિસેપ્શનિષ્ટ પકડાયા

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના રૈયા રોડ પર બાપા સીતારામ ચોક પાસે આવેલા શ્રીરામ કોમ્પ્લેક્ષના ત્રીજા માળે રોઝ સ્પા એન્ડ વેલનેશમાં મસાજના નામે ધમધમતા કુટણખાના પર એન્ટી હ્યુમન ટ્રાફિકિંગની ટીમે દરોડો પાડી સ્પાના સંચાલક વિશ્વકર્મા સોસાયટીએમ રહેતા કનુ ખોડાભાઈ બાખલકીયા અને રિસેપ્શનિષ્ટ ઉર્વીશાને પકડી લીધા હતા.રાજકોટમાં સ્પાની આડમાં ધમધમતા કુટણખાના બંધ કરાવવા પોલીસ કમિશ્નર બ્રજેશ ઝાની સૂચના અન્વયે એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટના પીઆઇ એમ એલ ડામોરની રાહબરીમાં પીએસઆઈ આર કે ગોહિલ, એએસઆઈ અજયકુમાર શુકલા સહિતની ટીમે બાતમી આધારે ઉપરોક્ત રોઝ સ્પા એન્ડ વેલનેશમાં દરોડો પાડવામાં આવ્યો હતો રેડ દરમ્યાન સ્પામાંથી ચાર રૂપલલનાઓ મળી આવી હતી. સંચાલક અને રિસેપ્શનિષ્ટની પૂછપરછ હાથ ધરી હતી રિસેપ્શનિષ્ટ સ્પામાં આવતા ગ્રાહકો પાસેથી એન્ટ્રી ફીના ૧ હજાર અને શરીર સંબંધવા માટે ૨ હજાર અલગથી એક્સ્ટ્રા સર્વિસના નામે લેવામાં આવતા હતા સ્પામાંથી હરિયાણા, દિલ્હી, આસામ અને ગુજરાતની ચાર રૂપલલના મળી આવી હતી. રેડ દરમિયાન બે મોબાઈલ સહિત કુલ ૧૩ હજારનો મુદ્દામાલ કબજે કર્યો હતો. સંચાલક અને રિસેપ્શનિષ્ટ વિરૂધ્ધ યુનિવર્સીટી પોલીસમાં ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

## બાળ સ્મિત સાથે પ્રધાનમંત્રીના જન્મદિવસની ઉજવણી

# રાજકોટમાં 15 હજારથી વધુ ભૂલકાંઓ સાથે મોદીના જન્મદિવસની ઉજવણી

### ઉદય કાનગડે બાળકોને ચોકો-ક્રીમ બિસ્કિટ આપી ખુશી વહેંચી; શિક્ષણ, આરોગ્ય અને સામાજિક સેવા ક્ષેત્રે વિવિધ પ્રવૃત્તિઓની માહિતી

સિટી ન્યૂઝ@રાજકોટ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ૭૬મા જન્મદિવસ નિમિત્તે વિધાનસભા-૬૮ના ધારાસભ્ય ઉદય કાનગડના આયોજન હેઠળ રાજકોટ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓમાં અભ્યાસ કરતા ૧૫ હજારથી વધુ બાળકોને ચોકો-ક્રીમ બિસ્કિટનું વિતરણ કરી જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી. ઉજવણીને માત્ર ઔપચારિક કાર્યક્રમ પૂરતી સીમિત રાખવાને બદલે બાળકો સાથે ખુશીની પળો વહેંચી તેમના ચહેરા પર સ્મિત લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ઉદય કાનગડ બાળકો વચ્ચે ઉપસ્થિત રહ્યા હતા અને પોતાના હસ્તે ચોકો-ક્રીમ બિસ્કિટનું વિતરણ કર્યું હતું. મોટી સંખ્યામાં બાળકોના ચહેરા પર આનંદ, નિર્દોષ હાસ્ય અને ઉત્સાહ જોવા મળ્યો હતો. હજારો બાળકોના ચહેરા પર એકસાથે ખીલેલું સ્મિત કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ બન્યું હતું.

ધારાસભ્ય ઉદય કાનગડના જણાવ્યા મુજબ, તેમના મતવિસ્તારમાં બાળકોના શિક્ષણ, પ્રોત્સાહન અને સર્વાંગી વિકાસને પ્રાધાન્ય આપી સમયાંતરે વિવિધ સેવાકીય અને પ્રેરણાત્મક કાર્યક્રમો યોજવામાં આવે છે. શિયાળાની ઋતુમાં શાળાના બાળકોને સ્વેટર વિતરણ, અભ્યાસમાં ઉત્કૃષ્ટ પરિણામ મેળવનારા તેજસ્વી વિદ્યાર્થીઓનું શિલ્ડથી સન્માન તથા અન્ય વિદ્યાર્થીઓને પરીક્ષામાં શ્રેષ્ઠ દેખાવ માટે મોટિવેશન અને પ્રોત્સાહન આપતા કાર્યક્રમો યોજાય છે.

આ કાર્યક્રમો થકી વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ વધે અને તેઓ શિક્ષણ ક્ષેત્રે આગળ વધે તે માટે પ્રોત્સાહન આપવામાં આવે છે. ઉપરાંત ભારતીય સંસ્કૃતિ અને પરંપરાના સંવર્ધન સાથે પર્યાવરણપ્રેમનો સંદેશ આપવા દેવદિવાળી તથા તુલસી વિવાહના પ્રસંગે તુલસીના કુંડાનું વિતરણ પણ કરવામાં આવે છે.

સેવાપ્રવૃત્તિઓ માત્ર શિક્ષણ અને બાળકો પૂરતી સીમિત ન હોવાનું જણાવાયું હતું. સમાજના વિવિધ વર્ગોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને ફ્રી મેડિકલ સર્વ રોગ નિદાન કેમ્પ જેવા આરોગ્યલક્ષી કાર્યક્રમો યોજી નાગરિકોને નિશુલ્ક આરોગ્ય તપાસ અને માર્ગદર્શન ઉપલબ્ધ કરાવવામાં આવે છે. વડીલો પ્રત્યે આદર અને કૃતજ્ઞતાની ભાવના વ્યક્ત કરવા વડીલ વંદના જેવા કાર્યક્રમો પણ યોજવામાં આવે છે.



ઉદય કાનગડે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસની ઉજવણીનો સુંદર માર્ગ કોઈ બાળકના ચહેરા પર સ્મિત લાવવાનો છે. ૧૫ હજારથી વધુ ભૂલકાંઓના ચહેરા પર જોવા મળેલી ખુશી તેમના માટે વિશેષ અનુભવ હોવાનું તેમણે જણાવ્યું હતું. બાળકોને સુવિધા સાથે સંસ્કાર, શિક્ષણ સાથે આત્મવિશ્વાસ અને પોતાના સપનાઓ સાકાર કરવાની તકો મળે તે દિશામાં વિવિધ પ્રવૃત્તિઓ ચાલુ રાખવાની વાત તેમણે કરી હતી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે સેવા માત્ર એક દિવસની પ્રવૃત્તિ નહીં, પરંતુ સતત ચાલતી સંવેદનાની યાત્રા છે. બાળકોના શિક્ષણ અને સન્માનથી લઈને જરૂરિયાતમંદો માટે આરોગ્ય સેવા તથા વડીલો પ્રત્યે સન્માન સુધી સમાજના વિવિધ વર્ગો સાથે જોડાયેલી સેવાપ્રવૃત્તિઓ ચાલુ રાખવામાં આવી રહી છે. આ પ્રસંગે શહેર ભાજપ મહામંત્રી વલ્લભભાઈ દૂધાત્રા, પૂર્વ મહામંત્રી કિશોરભાઈ રાઠોડ, અશ્વિનભાઈ મોલીયા, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન વિક્રમભાઈ પૂજારા, શહેર ભાજપ ઉપપ્રમુખ ભાર્ગવ મિયાત્રા સહિત વોર્ડ પ્રભારીઓ ભરતસિંહ જાડેજા, જે.ડી. ભાખર, રસિકભાઈ પટેલ, સંજય ગોસ્વામી, વરજાંગભાઈ હુંબલ, વોર્ડ પ્રમુખો રણધીરભાઈ સોનારા, કાનાભાઈ ડડેયા, પરેશ લીંબશીયા, અંકિત દૂધાત્રા, મયુર વજકાણી, હસુભાઈ કાચા તથા વોર્ડ મહામંત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત કોર્પોરેટરો, શહેર ભાજપના હોદ્દેદારો, મહિલા મોરચા પ્રમુખ લીનાબેન રાવલ, યુવા મોરચા પ્રમુખ મિલન લીંબશીયા, કિશાન મોરચાના મહામંત્રી અનિલસિંહ પરમાર, અનુસૂચિત જાતિ મહામંત્રી સંજય બગડા, ચાંદનીબેન ગોંડલીયા સહિત વિવિધ મોરચાના હોદ્દેદારો અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટમાં ખોડલધામ મહિલા સમિતિનું બે દિવસીય એક્ઝિબિશન કમ સેલ યોજાશે

» 19 અને 20 સપ્ટેમ્બરે ભોજલરામ ઉત્કર્ષ ભવન ખાતે 70થી વધુ સ્ટોલ; મહિલા વેપારીઓ કરશે સંચાલન

» લેડીઝ-ચિલ્ડ્રન ગારમેન્ટથી નવરાત્રિ કલેક્શન અને લાઈવ ફૂડ સુધીની વિવિધ વસ્તુઓનું વેચાણ

સિટી ન્યૂઝ@રાજકોટ

ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના નેજા હેઠળ કામ કરતી ખોડલધામ મહિલા સમિતિ- રાજકોટ શહેર દ્વારા બે દિવસીય એક્ઝિબિશન અને સેલનું આયોજન કરવામાં આવ્યું છે. ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલના સીધા માર્ગદર્શન હેઠળ આ એક્ઝિબિશન કમ સેલ યોજાશે. આગામી તારીખ ૧૯ થી ૨૦ સપ્ટેમ્બરના રોજ રાજકોટ શહેરના ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આસ્થા સોસાયટીના ગેટની અંદર આવેલા ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ સંચાલિત ભોજલરામ ઉત્કર્ષ ભવન ખાતે આ એક્ઝિબિશન અને સેલનું આયોજન



કરાયું છે. જેમાં મહિલા દ્વારા વિવિધ વસ્તુઓનું પ્રદર્શન અને વેચાણ કરવામાં આવશે. ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા મહિલા ઉત્થાનના વિવિધ કાર્યો કરવામાં આવી રહ્યા છે. ત્યારે આવા જ એક ઉમદા હેતુ સાથે મહિલાઓની આવકમાં વધારો થાય અને તેઓ આર્થિક રીતે પગભર બની શકે તેવા ઉદ્દેશથી આગામી તારીખ ૧૯ સપ્ટેમ્બર અને ૨૦ સપ્ટેમ્બર (શનિવાર અને રવિવાર)ના રોજ સવારે ૮ થી સાંજના ૭ વાગ્યા સુધી રાજકોટ શહેરના ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આસ્થા સોસાયટીના ગેટની અંદર આવેલા ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ સંચાલિત ભોજલરામ ઉત્કર્ષ ભવન ખાતે ખોડલધામ મહિલા સમિતિ- રાજકોટ શહેર દ્વારા વિવિધ વસ્તુઓનું એક્ઝિબિશન અને સેલનું ભવ્ય આયોજન કરાયું છે. આ એક્ઝિબિશન અને સેલમાં ૭૦થી વધુ સ્ટોલ રહેશે. તમામ સ્ટોલનું સંચાલન મહિલા વેપારીઓ દ્વારા જ કરવામાં આવશે. આ એક્ઝિબિશનમાં લેડીઝ ગારમેન્ટ, ચિલ્ડ્રન ગારમેન્ટ, હેન્ડલુમ આઈટમ, રમકડાં, હર્બલ પ્રોડક્ટ, ઈમિટેશન જ્વેલરી, હેન્ડબેગ, ફૂટવેર, કિચનવેર આઈટમ, નવરાત્રિ કલેક્શન, આર્ટ એન્ડ ક્રાફ્ટ આઈટમ, હોઝિયરી આઈટમ, લાઈવ ફૂડ વગેરે વસ્તુના ૭૦ જેટલા સ્ટોલ રાખવામાં આવ્યા છે. ત્યારે આ બે દિવસીય એક્ઝિબિશન કમ સેલમાં પધારવા રાજકોટ શહેર અને આસપાસના વિસ્તારમાંથી સૌને આમંત્રણ પાઠવાયું છે.

# પુતળીબા ઉદ્યોગ મંદિર ખાતે વિભૂષા હસ્તકલા પ્રદર્શન યોજાશે



26 અને 27 સપ્ટેમ્બરે મહિલાઓ દ્વારા બનાવેલી વિવિધ ચીજવસ્તુઓનું પ્રદર્શન તથા વેચાણ કરાશે

સિટી ન્યૂઝ@રાજકોટ


બહેનો સ્વનિર્ભર બને અને મહિલા હસ્તઉદ્યોગને પ્રોત્સાહન મળે તે હેતુથી શ્રી પુતળીબા ઉદ્યોગ મંદિર, રાજકોટ દ્વારા તા.૨૬ અને ૨૭ સપ્ટેમ્બરના રોજ વિભૂષા હસ્તકલા પ્રદર્શન તથા વેચાણ અને આનંદ મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. ભક્તિનગર સર્કલ પાસે, ગીતામંદિર સામે આવેલા પુતળીબા ઉદ્યોગ મંદિર ખાતે ૨૬ સપ્ટેમ્બરે બપોરે ૪થી રાત્રે ૮ વાગ્યા સુધી અને ૨૭ સપ્ટેમ્બરે સવારે ૧૦થી સાંજે ૮ વાગ્યા સુધી મેળો યોજાશે. શ્રી પુતળીબા ઉદ્યોગ મંદિર છેલ્લા ૬૦ વર્ષથી બહેનોને સ્વનિર્ભર અને અભ્યાસુ બનાવવા તેમજ તેમના હસ્તઉદ્યોગને પ્રોત્સાહન આપવા વિવિધ પ્રવૃત્તિઓ ચલાવે છે. સંસ્થા દ્વારા કમ્પ્યુટર શિક્ષણ, સિવણ તાલીમ વર્ગ, પુસ્તકાલય, વાંચનાલય, મહિલા પુસ્તકાલય, વર્કિંગ વુમન હોસ્ટેલ, મહેંદી વર્કશોપ, સમર વર્કશોપ અને કુકિંગ કોમ્પિટિશન સહિતની પ્રવૃત્તિઓ યોજાય છે. વિભૂષા પ્રદર્શનમાં બહેનો દ્વારા ઘરે બનાવેલા સૂકા નાસ્તા, પાપડ, ખાખરા, ખાણીપીણીની વસ્તુઓ, હેન્ડીક્રાફ્ટ, મોતીકામ, કાપડની વસ્તુઓ, જિયાણા-આણાની વસ્તુઓ, તોરણ, રંગોળી, ઈમિટેશન જ્વેલરી, રજવાડી પર્સ, ડેકોરેટિવ ગ્લાસ કેન્ડલ્સ, હેન્ડમેડ ઓર્નામેન્ટ્સ, કવર, ચોકલેટ્સ, દીવડાં, કુર્તી, ડ્રેસ મટીરિયલ, હર્બલ પ્રોડક્ટ્સ અને પસંદગીના પુસ્તકો સહિતની વિવિધ વસ્તુઓનું પ્રદર્શન તથા વેચાણ કરાશે. રાજકોટની જનતાને આ બે દિવસીય પ્રદર્શનની મુલાકાત લઈ બહેનોના હસ્તઉદ્યોગને પ્રોત્સાહન આપવા આયોજકો દ્વારા જાહેર આમંત્રણ પાઠવાયું છે. સ્ટોલ માટે ઈચ્છુક બહેનોએ સવારે ૧૧થી સાંજે ૫ દરમિયાન કાર્યાલયનો સંપર્ક કરવા જણાવાયું છે.
સંપર્કઃ ૮૪૬૦૨૧૦૫૩૧, મીલીબેન કુંડલિયા ૮૮૪૯૮૦૮૦૭૨, રમાબેન પંચાસરા, હિનાબેન રાવલ ૯૨૭૪૪૯૨૧૪૭.

# મોરબીમાં ઈ-ચલણના નામે સાયબર ગઠિયાઓ સક્રિય થયા

## પર્સનલ નંબર પરથી ૨૦૦૦ દંડના ફેક મેસેજ મોકલી બોગસ લિંકથી છેતરપિંડીનો પ્રયાસ

સિટી ન્યૂઝ@મોરબી

મોરબી શહેરમાં છેલ્લા ૨ થી ૩ દિવસથી ટ્રાફિક ઈ-ચલણ (E-Challan) ના નામે અનેક નાગરિકોને ફેક મેસેજ મળી રહ્યા હોવાની વિગતો પ્રકાશમાં આવી છે. સાયબર ગઠિયાઓ દ્વારા લોકો સાથે છેતરપિંડી આચરવાના હેતુથી પર્સનલ મોબાઈલ નંબર પરથી આવા બોગસ મેસેજ મોકલવામાં આવી રહ્યા છે, જેને લઈને નાગરિકોએ અત્યંત સાવચેત રહેવા અને આવા કોઈ પણ શંકાસ્પદ મેસેજ પર ધ્યાન ન આપવા અપીલ કરવામાં આવી છે. વાયરલ થયેલા મેસેજના સ્ક્રીનશોટ મુજબ, આ મેસેજ કોઈ સત્તાવાર સરકારી આઈડીના બદલે પર્સનલ નંબર પરથી મોકલવામાં આવે છે. ગઠિયાઓ દ્વારા મેસેજમાં 'TRAFFIC E-Challan INR.૨૦૦૦ Generated' લખીને વાહન નંબર માટે દંડ જનરેટ થયો હોવાનું જણાવાય છે. આ સાથે દંડ ભરવા અને પુરાવા જોવાના બહાને એક



બનાવટી લિંક પણ મોકલવામાં આવે છે.પોલીસ તંત્ર દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે કે આ પ્રકારના મેસેજ સંપૂર્ણપણે ફ્રોડ છે. ટ્રાફિક ચલણના અધિકૃત મેસેજ હંમેશા સરકારના સત્તાવાર આઈડી (ID) પરથી જ આવે છે. જેથી કોઈપણ પ્રાઈવેટ કે પર્સનલ નંબર પરથી આવતા આવા મેસેજને ઈગ્નોર કરવા જોઈએ. મેસેજમાં આપેલી કોઈપણ લિંક પર ભૂલથી પણ ક્લિક ન કરવું, અન્યથા બેંક ખાતામાંથી નાણાં ઉપડી જવાની અને સાયબર છેતરપિંડીનો ભોગ બનવાની પૂરી શક્યતા રહેલી છે.

# ડો.યશવંત ગોસ્વામીનું સિદ્ધિઓ બદલ સ્ક્વોડ્રન લીડર નુપુર જૈને સન્માન કર્યું

**» રામકૃષ્ણ આશ્રમમાં NCC કેડેટ્સ સાથે સંવાદ; ૬૦૦થી વધુ કેડેટ્સ અને અધિકારીઓ કાર્યક્રમમાં જોડાયા**



સિટી ન્યૂઝ@રાજકોટ

રાષ્ટ્રીય હિન્દી દિવસ નિમિત્તે રામકૃષ્ણ આશ્રમ ખાતે ઈન્ડિયન એરફોર્સના સ્ક્વોડ્રન લીડર નુપુર જૈન સાથે NCC કેડેટ્સ અને અગ્રણીઓનો સંવાદ તથા વ્યાખ્યાન યોજાયું હતું. રામકૃષ્ણ આશ્રમ, મોદી સ્કૂલ અને SLM ફાઈનાન્સિયલ સર્વિસના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા કાર્યક્રમમાં ૬૦૦થી વધુ NCC કેડેટ્સ અને અધિકારીઓ જોડાયા હતા.આ પ્રસંગે કણસાગરા કોલેજના X NSS પ્રોગ્રામ ડૉ. યશવંત ગોસ્વામીની ૪૨ વર્ષની સેવાકીય અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ બદલ નુપુર જૈન દ્વારા વિશેષ અભિવાદન કરવામાં આવ્યું હતું. ડૉ. ગોસ્વામીએ શિક્ષણ, ચારિત્ર્ય નિર્માણ, ગ્રામ્ય ઉત્થાન તેમજ સમાજ અને રાષ્ટ્રનિર્માણ ક્ષેત્રે વિવિધ પ્રવૃત્તિઓ કરી છે. ડૉ. ગોસ્વામી શિક્ષણ ક્ષેત્રે ૪૨ વર્ષથી જોડાયેલા છે. તેઓ લેખક, સંપાદક, પ્રકાશક, ચિત્રકાર, પત્રકાર, વક્તા અને લીડર તરીકે પણ કાર્યરત રહ્યા છે. તેમણે ૫૦થી વધુ પુસ્તકોનું લેખન-સંપાદન કર્યું છે તેમજ ૩૫ વખત કૈલાસ માનસરોવર યાત્રા કરી છે. નુપુર જૈને ડૉ. ગોસ્વામીને શીલ્ડ અર્પણ કરી તેમના કાર્યની નોંધ લીધી હતી. તેમણે NCC કેડેટ્સને શિક્ષણ સાથે સમાજસેવા, રાષ્ટ્રપ્રેમ અને વ્યક્તિત્વ નિર્માણ માટે પ્રેરણા લેવા જણાવ્યું હતું. રામકૃષ્ણ આશ્રમ-રાજકોટના અધ્યક્ષ સ્વામી નિખિલેશ્વરાનંદજી મહારાજે પણ ડૉ. ગોસ્વામીનું વિશેષ અભિવાદન કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા સંજયભાઈ મહેતા, મોદી સ્કૂલના મેનેજિંગ ટ્રસ્ટી રશ્મિકાંતભાઈ મોદી અને રામકૃષ્ણ આશ્રમના સ્વામીજીએ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમનું સંચાલન નમ્ર મહેતા અને હિતેશ્રી મહેતાએ કર્યું હતું.

# રાજકોટમાં આગામી મનપા ચૂંટણી માટે મતદાર જાગૃતિનો જાહેર પ્રકલ્પ

**બહુમાળી ભવન ચોક ખાતે 20 સપ્ટેમ્બરે સવારે 9થી સાંજે 7 સુધી આયોજન**

સિટી ન્યૂઝ@રાજકોટ




રાજકોટ મહાનગરપાલિકાની આગામી સામાન્ય ચૂંટણીને ધ્યાનમાં રાખીને રાજકોટ મતદાર એકતા મંચના માર્ગદર્શન હેઠળ લોકસેવાના ઉદ્દેશ સાથે મતદાર જાગૃતિના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. મંચના જણાવ્યા મુજબ લોકો દ્વારા નક્કી કરાયેલા લોકઉમેદવારોને તમામ બેઠકો પર ચૂંટણીમાં ઉતારવાની સંકલ્પના સાથે આ પહેલ કરવામાં આવી રહી છે. ૨૦ સપ્ટેમ્બર, રવિવારે શહેરના તમામ વોર્ડના વિચારશીલ અને પ્રબુદ્ધ નાગરિકોના સંકલ્પ માટે બહુમાળી ભવન ચોક ખાતે સવારે ૯થી સાંજે ૭ વાગ્યા સુધી મતદાર જાગૃતિનો જાહેર પ્રકલ્પ યોજાશે. લોકસેવાની ભાવના ધરાવતા મતદાર ભાઈ-બહેનોને તેમાં જોડાવા જાહેર આહવાન કરાયું છે. મંચના જણાવ્યા મુજબ છેલ્લા ચાર દાયકામાં દેશની લોકશાહી શાસનપ્રણાલીમાં અનેક ફેરફારો થયા છે. સરકારી તંત્રમાં ભ્રષ્ટાચાર, ધંધાદારી રાજકારણ, અમલદારશાહી, દિશાવિહીન શાસન અને લોકોની ઉપેક્ષા જેવી બાબતો અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. ગામડાથી મહાનગર સુધી લોકો વિવિધ સમસ્યાઓનો સામનો કરી રહ્યા હોવાનું તેમજ આર્થિક અસમાનતા વધતી હોવાનું પણ જણાવાયું છે. પ્રેસનોટમાં વધુમાં જણાવાયું છે કે દેશના વિવિધ રાજકીય પક્ષોના લોકકલ્યાણના ઉદ્દેશો હોવા છતાં સ્વહિત અને વ્યાવસાયિક હિતો ધરાવતા તત્વોની સહભાગિતાને કારણે પક્ષોની કામગીરી અંગે પ્રશ્નો ઊભા થયા છે. સારા વિકલ્પના અભાવે કેટલાક પક્ષો રાજ્ય સ્તર તેમજ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં સત્તામાં આવતા હોવાનું અને તેનો લાભ અમલદારશાહીને મળતો હોવાનો મત વ્યક્ત કરાયો છે.

# વંથલીમાં મહારક્તદાન કેમ્પમાં 86 બોટલ રક્ત એકત્ર કરાયું



**» ચાલીસા સાહેબ મહાપર્વની પૂર્ણાહુતિ નિમિત્તે સિવિલના દર્દીઓ માટે રક્તદાન યોજાયું**

**» શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના સહયોગથી યોજાયેલા કેમ્પમાં રક્તદાતાઓએ ઉત્સાહપૂર્વક રક્તદાન કર્યું**

સિટી ન્યૂઝ@વંથલી

શ્રી ચાલીસા સાહેબ મહાપર્વ-૨૦૨૬ની પૂર્ણાહુતિના પાવન અવસર નિમિત્તે વંથલી સોરઠ, જિ. જુનાગઢ ખાતે રાજકોટ સિવિલ હોસ્પિટલના જરૂરિયાતમંદ દર્દીઓના લાભાર્થે શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના સહયોગથી મહારક્તદાન કેમ્પ યોજાયો હતો. કેમ્પમાં રક્તદાતાઓના રક્તદાન થકી ૮૬ બોટલ રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું. પ્રવર્તમાન ચોમાસાની સીઝનમાં રક્તની જરૂરિયાત ઊભી થતાં રાજકોટ સિવિલ હોસ્પિટલના દર્દીઓ માટે રક્ત ઉપલબ્ધ રહે તે હેતુથી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સમગ્ર સૌરાષ્ટ્રમાંથી દર્દીઓ નિશુલ્ક સારવાર માટે આવતા હોવાથી હાલ તમામ બ્લડ ગ્રુપની જરૂરિયાત હોવાનું આયોજકોએ જણાવ્યું હતું. મહારક્તદાન કેમ્પમાં રક્તદાન કરી અમૂલ્ય માનવજીવન બચાવવામાં સહભાગી બનેલા રક્તદાતાઓનો અનિલભાઈ રાજાણી તથા શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણીએ આભાર વ્યક્ત કર્યો હતો.આયોજકોએ જન્મદિવસ, સ્મૃતિદિન કે અન્ય પ્રસંગોએ રક્તદાન કેમ્પ યોજવા અપીલ કરી હતી. રાજકોટ સિવિલ હોસ્પિટલના લાભાર્થે રક્તદાન ઉપરાંત ચક્ષુદાન, અંગદાન, સ્કીનદાન અને જીવદયા સહિતના સેવાકાર્યો માટે વિનય જસાણીનો 94282 00660 પર સંપર્ક કરવા જણાવાયું છે.

# બનાવટી દસ્તાવેજના 3 ગુનામાં 11 વર્ષથી વોન્ટેડ આરોપીની ધરપકડ

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટમાં વિવિધ ગુનાઓમાં નાસતા ફરતા આરોપીઓને પકડવાની સૂચના અન્વયે ક્રાઇમ બ્રાન્ચ પીઆઇ એ એસ ચાવડાની રાહબરીમાં પીએસઆઈ અનિરૂધ્ધસિંહ પરમારની ટિમ પેટ્રોલિંગમાં હતી ત્યારે સ્ટાફના ગોપાલભાઈ પાટીલ, અર્જુનભાઈ ડવ અને મોહિલરાજસિંહ ગોહિલને મળેલી બાતમી આધારે રાજકોટના બી ડિવિઝન, ગાંધીગ્રામ અને ડીસીબી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા બનાવટી દસ્તાવેજના ત્રણ ગુનામાં છેલ્લા ૧૧ વર્ષથી વોન્ટેડ મૂળ રાજકોટ માધાપર ચોકડી પાસે રિદ્ધિ સિદ્ધિ સોસાયટીના હાલ મુંબઈ રહેતા નિમેષ અનિલભાઈ શાહની ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે પકડાયેલા શખ્સ સામે માલવીયાનગર પોલીસ સ્ટેશનમાં પણ અગાઉ બે ગુના નોંધાઈ ચુક્યા છે.





# ગાંધીનગરના ક્લાઈમેટ કાર્યક્રમમાં રાજકોટના શાળાના વિદ્યાર્થીઓ ઉત્સાહથી જોડાયા

## PM શ્રી વિનોબા ભાવે શાળા નં.93ના 3 વિદ્યાર્થીઓએ પર્યાવરણ અને આબોહવા પરિવર્તન અંગે માહિતી મેળવી

**સિટી ન્યૂઝ@રાજકોટ**

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ રાજકોટ સંચાલિત PM શ્રી વિનોબા ભાવે પે સેન્ટર શાળા નં.૯૩ના વિદ્યાર્થીઓએ ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ ગાંધીનગર સચિવાલય ખાતે યોજાયેલા ક્લાઈમેટ અવેરનેસ કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. IIT ગાંધીનગરના સહયોગથી યોજાયેલા કાર્યક્રમમાં કેબિનેટ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયા મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા.શાળાના ધ્રોણ રવિભાઈ ડાભી, હિરેન રસિકભાઈ પરમાર અને વિવેક વાલજીભાઈ પરમારને નિષ્ણાતો તથા અધિકારીઓ સાથે સંવાદ કરવાની અને શાળાનું પ્રતિનિધિત્વ કરવાની તક મળી હતી. વિદ્યાર્થીઓએ ક્લાઈમેટ ચેન્જ, પર્યાવરણ સંરક્ષણ, કુદરતી સંસાધનોની જાળવણી અને ટકાઉ વિકાસ જેવા વિષયો અંગે માહિતી મેળવી હતી.કાર્યક્રમ બાદ વિદ્યાર્થીઓએ IIT ગાંધીનગરની મુલાકાત લઈ સંસ્થાની શૈક્ષણિક અને સંશોધન પ્રવૃત્તિઓ વિશે જાણકારી મેળવી હતી. ડૉ. મનીષ સંઘાણી અને શ્રદ્ધા સંઘાણીના માર્ગદર્શનથી વિદ્યાર્થીઓને વિજ્ઞાન, ટેકનોલોજી અને નવીનતા ક્ષેત્રે પણ માહિતી મળી હતી. શાળાના આચાર્ય ડૉ. વનિતા રાઠોડ અને વિજ્ઞાન શિક્ષક મેઘનાબેનના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓ પર્યાવરણ સંરક્ષણ અને જાગૃતિની વિવિધ પ્રવૃત્તિઓમાં જોડાઈ રહ્યા છે. ક્લાઈમેટ અવેરનેસ કાર્યક્રમ તથા IIT ગાંધીનગરની મુલાકાત વિદ્યાર્થીઓ માટે જ્ઞાન, અનુભવ અને પ્રેરણાનો અવસર બની હતી.

### તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરી શિક્ષણ માટે પ્રોત્સાહન અપાશે

# જેતપુરમાં હાલારી વાળંદ જ્ઞાતિ મંડળનું સરસ્વતી સન્માન સમારોહ આયોજન

## ધારાસભ્ય જયેશભાઈ રાદડીયા તરફથી પ્રથમ ૩ ક્રમે આવનાર વિદ્યાર્થીઓને સ્કૂલ બેગની ભેટ : માર્કશીટ આપનાર દરેક વિદ્યાર્થીને ચોપડાનો સેટ ભેટમાં અપાશે



**સિટી ન્યૂઝ@જેતપુર**

શિક્ષણ ક્ષેત્રે આગળ વધતા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવા તથા જ્ઞાતિના તેજસ્વી વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિઓને બિરદાવવા શ્રી હાલારી વાળંદ જ્ઞાતિ મંડળ, જેતપુર દ્વારા સરસ્વતી સન્માન સમારોહ-૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું છે. તા.૨૬ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ શનિવારે બપોરે ૩ વાગ્યાથી ધોરાજી રોડ, જેતપુર ખાતે આવેલા ગૌ.વા. શ્રી વિઠ્ઠલભાઈ રાદડીયા લેઉવા પટેલ સમાજ ખાતે સમારોહ યોજાશે.

મંડળના પ્રમુખ સંજય જોટંગીયા તથા કારોબારી કમિટીના આયોજન હેઠળ યોજાનારા સમારોહમાં શિક્ષણ ક્ષેત્રે સિદ્ધિ મેળવનાર વિદ્યાર્થીઓને શિલ્ડ આપી સન્માનિત કરવામાં આવશે. વિદ્યાર્થીઓમાં અભ્યાસ પ્રત્યે જાગૃતિ વધે અને તેઓ ઉચ્ચ શિક્ષણ તરફ આગળ વધે તે હેતુથી આ આયોજન કરાયું છે.

વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવા ધારાસભ્ય જયેશભાઈ રાદડીયા તરફથી અભ્યાસમાં પ્રથમથી ૩ ક્રમે આવનાર વિદ્યાર્થીઓને સ્કૂલ બેગ ભેટ આપવામાં આવશે. જ્યારે પોતાની માર્કશીટ રજૂ કરનાર તમામ વિદ્યાર્થીઓને ચોપડાનો સેટ ભેટમાં આપવામાં આવશે.

સમારોહના શોભાધ્યક્ષ તરીકે જેતપુર-જામકંડોરણાના ધારાસભ્ય જયેશભાઈ રાદડીયા ઉપસ્થિત રહેશે. મુખ્ય મહેમાનોમાં રાજકોટ જિલ્લા સહકારી બેંકના ડિરેક્ટર લલીતભાઈ રાદડીયા, જેતપુર નવાગઢ નગરપાલિકાના પ્રમુખ મેનાબેન ઉસદડીયા, પ્રેસ રિપોર્ટર પ્રકાશભાઈ રાવરાણી, નગરપાલિકાના ચીફ ઓફિસર પાર્થિવ પરમાર તથા ધવલ ભુવાજી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

ગુજરાતના કલાકાર રાજદાન ગઢવી અને તબલા વાદક ઉમેશ પરમાર પણ ખાસ ઉપસ્થિત રહેશે. મુખ્ય વક્તા તરીકે રાજકોટના સુનીલભાઈ સુરાણી વિદ્યાર્થીઓ તથા વાલીઓને શિક્ષણ, મહેનત, આત્મવિશ્વાસ અને જીવનમાં સફળતા અંગે માર્ગદર્શન આપશે.

આ ઉપરાંત રાજકોટ જિલ્લા ભાજપ બક્ષીપંચ મોરચાના મંત્રી દિનેશભાઈ બગથરીયા, રાજકોટ જિલ્લા વાળંદ જ્ઞાતિ કર્મચારી મંડળના પ્રમુખ રમેશભાઈ સુરાણી, સમસ્ત વાળંદ સમાજ ગોંડલના પ્રમુખ સંજયભાઈ બગથરીયા, ડૉ. મનસુખભાઈ જોટંગીયા, હરેશભાઈ લીંબાણી, કિશોરભાઈ બગથરીયા, મહેશભાઈ રાઠોડ, ચિરાગભાઈ રાવરાણી, સાગરભાઈ મારડીયા અને અશ્વિનભાઈ ગાલોરીયા સહિતના આગેવાનો ઉપસ્થિત રહેશે.

અતિથિ વિશેષ તરીકે જેતપુર નવાગઢ નગરપાલિકાના ઉપપ્રમુખ સ્વાતિબેન જોટંગીયા, જેતપુર ડૉ. એન્ડ પ્રી. એસો.ના પ્રમુખ જેન્તીભાઈ રામોલીયા, દિનેશભાઈ ભુવા, બળવંતભાઈ ધામી, જેતપુર શહેર ભાજપ પ્રમુખ રાહુલભાઈ આસનાણી, ચંદ્રેશભાઈ વીંછી અને નગરપાલિકા ચેરમેન અમરીશભાઈ જયસ્વાલ સહિતના મહાનુભાવો હાજરી આપશે.

સમારોહ સાથે જ્ઞાતિજનો માટે સમૂહ સ્વરુચિ ભોજનનું પણ આયોજન કરાયું છે. આયોજકોએ માર્કશીટ આપનાર વિદ્યાર્થીઓને પરિવાર સાથે સમયસર ઉપસ્થિત રહેવા તેમજ જ્ઞાતિના તમામ પરિવારોને કાર્યક્રમમાં સહભાગી થવા અપીલ કરી છે.

### સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત વિવિધ સેવાકીય કાર્યક્રમો યોજાયા

# ડૉ.દર્શિતા શાહે સેવાકીય કાર્યો સાથે મોદીના જન્મદિવસની ઉજવણી કરી

### વોર્ડ ૭માં રક્તદાન, વોર્ડ ૧૦માં સફાઈ કામદારોને મીઠાઈ; બહેરા-મૂંગા શાળાના બાળકો સાથે પણ ઉજવણી






સિટી ન્યૂઝ@રાજકોટ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે વિધાનસભા-૬૯ના ધારાસભ્ય ડૉ. દર્શિતા શાહે વિવિધ સેવાકીય અને સામાજિક કાર્યક્રમો સાથે ઉજવણી કરી હતી. તેમણે વડાપ્રધાનને જન્મદિવસની શુભેચ્છા પાઠવી તેમના દીર્ઘ આયુષ્ય માટે પ્રાર્થના કરી હતી.

ડૉ. દર્શિતા શાહે જણાવ્યું હતું કે નરેન્દ્ર મોદીએ પોતાના જીવનને રાષ્ટ્ર અને જનસેવા માટે સમર્પિત કર્યું છે અને જનસેવા સાથે ૨૫ વર્ષ પૂર્ણ કર્યા છે. તેમના જણાવ્યા મુજબ વડાપ્રધાનના નેતૃત્વ હેઠળ ગરીબો, ખેડૂતો, મહિલાઓ અને યુવાનો સહિત વિવિધ વર્ગો માટે અનેક યોજનાઓ અમલમાં મુકાઈ છે. ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન પણ ગુજરાતના વિકાસ માટે વિવિધ યોજનાઓ અમલમાં મુકાઈ હોવાનું તેમણે જણાવ્યું હતું.

જન્મદિવસની ઉજવણીના ભાગરૂપે વિધાનસભા-૬૯ના વોર્ડ નં. ૯માં રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ડૉ. દર્શિતા શાહે પોતે રક્તદાન કર્યું હતું. પ્રસંગે ડેપ્યુટી મેયર દક્ષાબેન વસાણી, કોર્પોરેટર રાજુભાઈ અઘેરા, જયસુખભાઈ કાથરોટિયા, જાનકીબેન કાટોળિયા, વોર્ડ પ્રમુખ હિરેનભાઈ સાપરિયા સહિત સંગઠનના કાર્યકરો અને આરોગ્ય વિભાગના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

વોર્ડ નં. ૧૦માં સફાઈ કામદારોને મીઠાઈનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કોર્પોરેટર ઘનશ્યામભાઈ હેરભા, અશ્વિનભાઈ ભોરણીયા, જ્યોત્સનાબેન ટીલાળા, નીતાબેન લાલ, વોર્ડ પ્રમુખ જયેશભાઈ ચોવટીયા, મહામંત્રી અનિરુદ્ધભાઈ ગાણાત્રા, મનીષભાઈ દેડકિયા સહિત સંગઠનના હોદ્દેદારો, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટના કર્મચારીઓ અને વિસ્તારવાસીઓ ઉપસ્થિત રહ્યા હતા.આ ઉપરાંત ડૉ. દર્શિતા શાહે વિરાણી બહેરા-મૂંગા શાળાના બાળકો સાથે વડાપ્રધાનના જન્મદિવસની ઉજવણી કરી હતી. બાળકોને ચોકલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. નરેન્દ્ર મોદીના ૨૫ વર્ષના જનસેવા અને સુશાસનની ઉજવણી અંતર્ગત આશીર્વાદનો દીવડો કાર્યક્રમ પણ શાળાના બાળકો સાથે યોજાયો હતો.આ પ્રસંગે શૈલેષભાઈ વિરાણી, રજનીભાઈ બાવીશી, નરેન્દ્રભાઈ દવે (RSS), પ્રવીણભાઈ ધોળકિયા, રાજુભાઈ, આચાર્ય કશ્યપભાઈ સહિત શાળાના ટ્રસ્ટીઓ અને શિક્ષકગણ ઉપસ્થિત રહ્યા હતા. આગામી દિવસોમાં વિધાનસભા-૬૯ વિસ્તારમાં સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત વિવિધ સેવાકીય અને સામાજિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવનાર હોવાનું જણાવાયું હતું.

# રાજકોટના કાલાવડ રોડ પર એકલા રહેતા મહિલાની તીક્ષ્ણ હથિયારના ઘા ઝીકી હત્યા

સિટી ન્યૂઝ@રાજકોટ



### ઘરના જ ઘાતકી હોવાની શંકાએ ડીસીપીની રાહબરીમાં ક્રાઈમ બ્રાન્ચ, યુનિવર્સીટી પોલીસે તપાસ હાથ ધરી

રાજકોટમાં ત્રણ દિવસમાં હત્યાનો બીજો બનાવ પોલીસ ચોપડે નોંધાયો છે રેલનગર વિસ્તારમાં બહેનની છેડતી કરનાર ઓરિસ્સાના શ્રમિકની હત્યાનો બનાવ હજુ તાજો જ છે ત્યાં કાલાવડ રોડ ઉપર મટુકી રેસ્ટોરન્ટ પાછળ એકલા રહેતા ૫૫ વર્ષીય મહિલાની ઘરમાંથી તીક્ષ્ણ હથિયારના ઘા ઝીકી હત્યા કરાયેલી લાશ મળી આવતા યુનિવર્સીટી પોલીસ મથકનો સ્ટાફ દોડી ગયો હતો ડીસીપી, એસીપી સહિતના અધિકારીઓની રાહબરીમાં ડોગ સ્ક્વોડની ટીમે તપાસ શરુ કરી હતી પ્રાથમિક તપાસમાં હત્યા પાછળ ઘરના જ ઘાતકી હોવાની શંકાએ ક્રાઈમ બ્રાન્ચ અને યુનિવર્સીટી પોલીસે વિવિધ દિશામાં તપાસ હાથ ધરી છે.રાજકોટના કાલાવડ રોડ ઉપર આવેલ મટુકી રેસ્ટોરન્ટ પાછળ એકલા રહેતા મહિલાની તેના જ ઘરમાં લોહીભીની લાશ પડી હોવાની કંટ્રોલમાં જાણ થતા ડીસીપી ઝોન ૨ રાકેશ દેસાઈ, એસીપી બારૈયા, યુનિવર્સીટી પીઆઇ કે કે ગોહિલ, ક્રાઇમ બ્રાન્ચ પીઆઇ એ એસ ચાવડા સહિતનો કાફલો દોડી ગયો હતો પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતક મહિલાનું નામ ગીતાબેન કિશોરભાઈ વાજા ઉ.૫૫ હોવાનું અને પોતે બ્યુટી પાર્લર ચલાવતા હોવાનું જાણવા મળ્યું છે પોલીસે પાડોશીઓની પૂછતાછ કરતા એવું જાણવા મળ્યું હતું કે ગીતાબેન તેમના પતિ અને પુત્રથી અલગ રહેતા હતા તેમની તીક્ષ્ણ હથિયારોના ઘા ઝીકી હત્યા કરી હોવાનું જાણવા મળ્યું છે બનાવને પગલે ડોગ સ્ક્વોડ અને એફએસએલની પણ મદદ લેવામાં આવી હતી પોલીસે મૃતદેહ પીએમ અર્થે સિવિલ હોસ્પિટલે ખસેડી હત્યા અંગે ગુનો નોંધવા તજવીજ હાથ ધરી છે પ્રાથમિક તપાસમાં ગીતાબેનની હત્યા પાછળ ઘરના જ ઘાતકી હોવાની માહિતી મળતા જુદી જુદી ટીમોએ તેના પતિનો સંડોવણી હોવાની શંકાએ વિવિધ દિશામાં તપાસ હાથ ધરી છે હત્યાનો આ બનાવ વહેલી સવારે બન્યો હોવાનું એસીપીએ જણાવ્યું હતું.





# શાપરમાં સરકારી પ્રાથમિક માધ્યમિક શાળાનો શુભારંભ

## સાંસદ પરસોત્તમ રૂપાલાએ વધતી વસ્તી અને શૈક્ષણિક જરૂરિયાતને ધ્યાનમાં લઈ કોલેજ માટે પ્રયાસની ખાતરી આપી

**સિટી ન્યૂઝ@શાપર-વેરાવળ**

શાપર ખાતે સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાનો શુભારંભ વિવિધ મહાનુભાવોની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં રાજકોટના સાંસદ પરસોત્તમભાઈ રૂપાલા, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, સરપંચ જયેશભાઈ કાકડીયા, જિલ્લા પંચાયતના સદસ્ય ધર્મેશભાઈ ટીલાળા સહિત તાલુકા પંચાયતના સદસ્યો, શિક્ષણ સમિતિના ચેરમેન, શિક્ષકો, વાલીઓ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

વિદ્યાર્થીનીઓના હસ્તે દીપ પ્રાગટ્ય સાથે કાર્યક્રમની શરૂઆત થઈ હતી. ત્યારબાદ સ્વાગતગીત અને વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા. શાળાના વિકાસમાં સહયોગ આપનારા દાતાશ્રીઓનું સન્માન પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ શિક્ષણના મહત્ત્વ અંગે પ્રાસંગિક ઉદ્બોધન કરી વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છા પાઠવી હતી. સાંસદ પરસોત્તમભાઈ રૂપાલાએ જણાવ્યું હતું કે શાપર વિસ્તારની વધતી વસ્તી અને સ્થાનિક લોકોની શૈક્ષણિક જરૂરિયાતને ધ્યાનમાં રાખીને આગામી સમયમાં કોલેજની જરૂરિયાત ઊભી થશે તો કોલેજ ફાળવવા માટે જરૂરી પ્રયાસો કરવામાં આવશે.

રાષ્ટ્રગીતના ગાન સાથે કાર્યક્રમનું સમાપન થયું હતું.




| IPO DETAILS | | | | | |
|---|---|---|---|---|---|
| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
| HERO MOTORS | 16/9 | 18/9 | 79 - 84 | 178 | 14,952 |
| JINDAL SUPREME (INDIA) | 16/9 | 18/9 | 88 - 93 | 161 | 14,973 |
| SS RETAIL | 16/9 | 18/9 | 403 - 424 | 35 | 14,840 |
| SONASELECTION INDIA | 17/9 | 21/9 | 94 - 99 | 150 | 14,850 |
| NATIONAL STOCK EXCHANGE OF INDIA | 17/9 | 21/9 | 1700 - 1785 | 8 | 14,280 |

| SME DETAILS | | | | | |
|---|---|---|---|---|---|
| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
| QUANTO AGROWORLD | 15/9 | 17/9 | 67 | 4000 | 2,68,000 |
| SHAKTI POLYTARP | 15/9 | 17/9 | 56 - 59 | 4000 | 2,36,000 |
| VAMA WOVENFAB | 15/9 | 17/9 | 324 - 341 | 800 | 2,72,800 |
| KHERIA AUTOCOMP | 17/9 | 21/9 | 96 - 101 | 2400 | 2,42,400 |
| SPECTRAA TECHNOLOGY SOLUTIONS | 17/9 | 21/9 | 112 - 118 | 2400 | 2,83,200 |
| AXIOM GAS ENGINEERING | 18/9 | 22/9 | 50 - 53 | 4000 | 2,12,000 |
| VIVEKANAND COTSPIN | 21/9 | 23/9 | 32 - 37 | 6000 | 2,22,000 |
| FX MULTITECH | 21/9 | 23/9 | 110 - 116 | 2400 | 2,78,400 |
| ROBOKIDZ EDUVENTURES | 21/9 | 23/9 | 100 - 106 | 2400 | 2,54,400 |
| HIMALAYA NUTRAVEDICS INDIA | 22/9 | 24/9 | 100 - 106 | 2400 | 2,54,400 |

## આજના કંપની વિશેના નવીનતમ સમાચાર

- ટિટાગઢ રેલ સિસ્ટમ્સ લિ.એ જણાવ્યું છે કે ટિટાગઢ રેલ સિસ્ટમ્સ લિ. અને ભારત હેવી ઈલેક્ટ્રિકલ્સ લિ. એ વંદે ભારત સ્લીપર ટ્રેનસેટ્સના લાંબા ગાળાના જાળવણી કાર્ય માટે કરાર કર્યા છે.
- પ્રવેગ લિ.ને ટૂરિઝમ કોર્પોરેશન ઓફ ગુજરાત લિ. પાસેથી રૂ.૧૨,૯૯,૬૧,૦૦૦ નો ઓર્ડર મળ્યો છે.
- મઝગાવ ડોક શિપબિલ્ડર્સ લિ.એ નેશનલ શિપબિલ્ડિંગ એન્ડ હેવી ઈન્ડસ્ટ્રીઝ પાર્ક મહારાષ્ટ્ર લિ. સાથે સમજૂતી કરાર કર્યા છે.
- કોફોર્જ લિ.એ જણાવ્યું છે કે કંપની હાઈ-ટેક ક્ષેત્રે એઆઈ ફિચર્સથી એન્ટરપ્રાઈઝ પરિણામો તરફના પરિવર્તનને વેગ આપે છે. કંપની એન્જિનિયરિંગ પ્રોડક્ટિવિટી અને કામગીરીમાં સુધારો કરવાની સ્પર્ધામાં મોટા પાયે એઆઈને અમલમાં મૂકવામાં મદદ કરે છે.
- સાત્વિક ગ્રીન એનર્જી લિ.એ જણાવ્યું છે કે કંપનીને સોલાર એનર્જી કોર્પોરેશન ઓફ ઈન્ડિયા પાસેથી સોલાર પીવી મોડ્યુલ્સની સપ્લાય માટે રૂ.૧,૦૪૧.૬૩ કરોડનો ઓર્ડર મળ્યો છે.
- એસીએમઈ સોલાર હોલ્ડિંગ્સ લિ.એ જણાવ્યું છે કે કંપનીએ તેની સબસિડિયરીઓ દ્વારા બિકાનેર, રાજસ્થાનમાં સોલારની ૬૬.૬૬ મેગાવોટ અને બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ ૩૦૦ મેગાવોટ ક્ષમતા કાર્યરત કરી છે.

**DISCLAIMER: અમે સેબીના રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર નથી અને અહીં અમે લે-વેંચની કોઈ સલાહ આપી રહ્યા નથી. આ લખાણ માત્ર માર્ગદર્શન પરતું છે. રોકાણ કરતાં પહેલાં આપનાં રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ સલાહકારની સલાહ લેવી.**